## આણંદના મહેરબાન એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં

સે.કે. નં.૪૪/૦૮

ફરિયાદી : સરકાર

વિ.

તોહમતદારઃ કાન્તીભાઈ માનાભાઈ ચાવડા + વિગેરે....

<u>બાબત- સાહેદો તરફે લેખિત દલીલો</u>

અમો આ કામના મુળ ફરીયાદી તથા સાહેદો તરફે એડવોકેટ આપ નામદાર કોર્ટ સમક્ષ આ લેખિત દલીલો રજુ કરી છીએ કે. . .

(૧) તારીખ ૨૭/૨/૦૨ ના રોજ ગોધરા ખાતે સાબરમતી એકસપ્રેસ ટ્રેનના ડબ્બામાં હિન્દુ કારસેવકોને સળગાવી દેવાનો જે હત્યાકાંડ સર્જાયેલ તે મુસ્લિમ કોમના લોકોએ અંજામ દીધેલ છે તેવો મોટા પાયે ઊહાપો અને પ્રચાર કરી વિશ્વ હિન્દુ પરિષદ અને બીજા કટ્ટર હિન્દુવાદી હિંદુ સંસ્થાઓએ તા.૨૮/૨/૦૨ ના રોજ ગુજરાત બંધનું એલાન આપેલ અને તા.૧/૩/૦૨ ના રોજ ભારત બંધનું એલાન આપેલ. તે ગુજરાત અને ભારત બંધના એલાનના કારણે સમગ્ર ગુજરાતમાં કોમી તંગદિલી અને ઉશ્કેરાટ ફેલાયેલ અને તેના અનુસંધાને તા.૧/૩/૦૨ ના રોજ ઓડ ગામે હિન્દુ કોમના ટોળાએ બપોરના ૧.૦૦ થી ૧.૩૦ વાગ્યાના સુમારે મુસ્લીમ કોમની વસ્તી ઉપર હુમલો કરી જાનમાલને નુકશાન કરી કોમી બદલો લેવાના ઈરાદે પોતાનો સામાન્ય બદઈરાદો પુરો પાડવાના હેતુથી હિન્દુ કોમના મોટા ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી, પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે જીવલેણ હથીયારો સાથે તથા પેટ્રોલ, કેરોસીન જેવા પદાર્થો ધારણ કરી તા.૧/૩/૦૨ તથા તા.૨/૩/૦૨ તથા તે સમય દરમ્યાન ઓડ ગામે મુસ્લીમોની વસ્તી ધરાવતા મહોલ્લાઓ ઉપર હુમલો કરી ફરીયાદી રેહાનાબેન યુસુફભાઈ વોરા (સાહેદ નં.૨૩, આંક-૨૪) તથા અન્ય સાહેદો તથા તેઓના મકાનો ઉપર પથ્થરમારો કરી ઈજાઓ પહોંચાડી

મકાનો, દુકાનો, કેબીનો, વાહનો તથા છાપરાને આગ ચાંપી તથા લુંટફાટ કરી તથા સાહેદ અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા તથા યુસુફભાઈ યાકુબભાઈ વોરાના મકાનમાં કે જે મલાવ ભાગોળ ખાતે આવેલ છે અને તેના બાજુમાં આવેલ અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના મકાનમા અબ્દુલભાઈ પોતે તથા નુરીબેન, આયશાબેન, ઈદ્રીશભાઈ, ફકીરમંહમદ, ફીરોજ માતરવાળા તથા ફીરોજ કપડવંજવાળા ચા પીવા માટે આવેલા ત્યારે કાદરભાઈ પણ ચા પીવા માટે અબ્દુલભાઈના મકાનમા આવેલ ત્યારે હિન્દુ કોમના ટોળાએ બપોરના ૧.૦૦ થી ૧.૩૦ વાગ્યાના સુમારે મુસ્લીમ અબ્દુલભાઈના મકાન ઉપર હુમલો કરી જાનમાલને નુકશાન કરી કોમી બદલો લેવાના ઈરાદે પોતાનો બદઈરાદો પુરો પાડવાના હેતુથી હિન્દુ કોમના મોટા ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી, પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે જીવલેણ હથીયારો સાથે તથા પેટ્રોલ, કેરોસીન જેવા પદાર્થો ધારણ કરી સદર અબ્દુલભાઈના મકાન ઉપર હુમલો કરી સદર ઉપરોક્ત વ્યક્તિઓ પૈકી નુરીબેન, આયશાબેન, તથા કાદરભાઈ નાઓને પેટ્રોલ, કેરોસીન છાંટી બેરહેમીથી જીવતા સળગાવી તેમના મોત નીપજાવી તથા મુસ્લીમ કોમના લોકોની કોમી લાગણી દુભાય તથા તેમના ધર્મનું અપમાન થાય તે રીતેનો સુત્રોચ્ચાર કરી તથા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમજ ગેરકાયદેસર મંડળીના સભ્ય બની તથા હુલ્લડ કરી ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(ક), ૨૯૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૩૬, ૩૩૭, ૩૦૨, ૩૦૭, ૩૯૬, ૩૯૭, ૪૩૫, ૪૩૬, ૩૪, ૧૨૦(બી) તથા બી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનાઓ સદરહું તોહમતદારોએ કરેલ છે તે બાબતે નામદાર કોર્ટે મજકુર તોહમતદારો સામે આંક-૩૬ થી તા.૨૯/૨/૦૯ ના રોજ તોહમત ફરમાવેલ છે.

(૨) મજકુર તોહમતદારો સામે તેમણે કરેલ ગુનાઓ નામદાર કોર્ટમાં સાબિત કરતા પહેલા એ નોંધવું જરૂરી છે કે સને ૨૦૦૨ માં ગુજરાતમાં થયેલ કોમી તોફાનો બાબતમાં ગુજરાત પોલીસની ઢીલી, દ્વેષપુર્ણ અને ખોટી રીતે સત્યને દબાવી ખરા ગુનેગારોને છાવરવાની નીતીના કારણે સુપ્રિમ કોર્ટે અસરગ્રસ્તનોને સાચો ન્યાય મળી રહે તે માટે ન્યાયપ્રિય એન.જી.ઓ. તરફથી નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ કરી ગુનાની તપાસ તટસ્થ અને સાચી રીતે કરી શકાય તે માટે ના. સુપ્રીમ કોર્ટ સમક્ષ નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનને (ક્રીમીનલ) પીટીશન નં.૧૦૯/૨૦૦૩

પીટીશન દાખલ કરેલ અને ના.સુપ્રીમ કોર્ટ સમક્ષ (ક્રીમીનલ) પીટીશન નં. ૧૦૯/૨૦૦૩ નેશનલ હ્યુમન રાઈટ કમિશને કરેલ પીટીશન ધ્યાને લેતા તા.૨૬/૩/૦૮ ના રોજ ના. સુપ્રીમ કોર્ટે ખાસ તપાસ દળની રચના કરવાનો હુકમ કરેલ છે. અને ખાસ તપાસ દળની (સીટ) રચના શ્રી આર.કે. રાઘવનના અધ્યક્ષપણા નીચે રચના કરવામાં આવેલ. સમગ્ર ગુજરાતમાં થયેલ કોમી હુલ્લડો બાબતમાં ત્યારબાદ સીટે તપાસની શરૂઆત પોતાની રીતે શરૂ કરેલ સીટ દ્વારા પણ કરવામાં આવતી તપાસ સંપુર્ણરીતે તટસ્થ અને સાચી દિશાની ન હોઈ અવાર-નવાર તે બાબતે નામદાર સુપ્રીમ કોર્ટે તથા સંબંધિત કોર્ટોનું ધ્યાનદોરી સાચી દિશાનું અન્વેષણ કરવાની માંગણી અસરગ્રસ્તો તરફથી અવાર-નવાર કરવામાં આવેલ. પરિણામે નામદાર સુપ્રીમ કોર્ટે સીટના કેટલાક જવાબદાર શીવાનંદ ઝા તથા બીજા જવાબદાર તપાસ અધિકારીને સીટ દ્વારા થતા અન્વેષણ ની કાર્યવાહીમાંથી તેમને તેમની જવાબદારીમાંથી મુક્ત કર્યા હતા. આમ, કોમી તોફાનો દરમ્યાન બનેલ મોટા પાયા પરના હિંચકારા ગુનાઓમાં સહન કરનારા મુસ્લિમ અસરગ્રસ્તોને સાચી દાદ મેળવવામાં મોટા અંતરાયો ઉભા થયેલ અને તેમને થયેલ અન્યાય બાબતે ખરા તોહમતદારો સુધી પહોંચવાનો તથા તપાસનો મુખ્ય ઉદેશ સાચી દિશામાં તે બાબતે સહાનુભુતિ પુર્વક તપાસ ન કરી ઈન્વેસ્ટીગેશનમાં છીદ્રો રહે તે માટે જાણી જોઈને સાહેદો તરફથી આપવામાં આવતા નિવેદનોમાં વિરોધાભાસ ઉભો થાય તે રીતે તપાસ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં સાહેદોની જુબાની નામદાર કોર્ટમાં થયેલ છે. તેમજ મહત્વ આપી પુરાવાની તુલના કરવામાં આવે અને કોન્ટ્રાડીક્શન તથા ઓમીશનની મહત્તા ઘટી જાય છે. સદર કેસનો પુરાવો લેવાનો શરૂ થયેલ અને તે દરમ્યાન આ કામના ખુબજ મહત્વના અને ઈજા પામનાર અને નજરે જોનાર સાહેદ ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા સાહેદ નં. ૨૧ આંક. ૨૦૯ થી જુબાની થયેલ છે અને તેમની જુબાની દરમ્યાન આ કામના ઈજા પામનાર સાહેદો તરફે નામદાર કોર્ટને આંક ૨૧૧ થી સાહેદોના સીટ દ્વારા વધુ જવાબ લેવા અંગેની અરજી તા.૨૬/૩/૧૦ ના રોજ આપવામાં આવેલ હતી અને તે અરજી નામદાર કોર્ટે નામંજુર કરેલ હતી અને ત્યારબાદ નામદાર કોર્ટ દ્વારા વધુ પુરાવો લેવામાં આવતા નજરે જોનાર ઈજા પામનાર સાહેદો તથા અન્યની જુબાની દ્વારા ૨૦૦૨ ના તપાસ અધિકારીના તપાસમાં રહેલ છીદ્રો તથા સીટ દ્વારા કરવામાં આવેલ તપાસમાં રહેલ ખામી સામે આવેલ છે. એટલે કે, અન્ય સાહેદોની જુબાની દરમ્યાન વધુ

તોહમતદારો એટલે કે અગાઉ નામદાર કોર્ટે ૩૭ તોહમતદારો સામે ચાર્જ ફરમાવેલ હતો તે સિવાય બીજા અન્યોના નામ પણ સાહેદોની જુબાનીમાં આવેલ હતા અને તે અનુસંધાને ક્રિ.પ્રો. કોડની કલમ ૩૧૯ મુજબ આંક ૨૮૮ અને આંક ૩૪૫ થી નામદાર કોર્ટમાં અરજી કરવામાં આવેલ હતી અને તે અરજી નામદાર કોર્ટે અંશઃત મંજુર કરેલ હતી અને નામદાર કોર્ટે વધુ ચાર આરોપીઓને તોહમતદાર તરીકે જોડવાનો તા. ૪/૧૨/૨૦૧૦ ના રોજ હુકમ કરેલ હતો. આમ, આ સમગ્ર હકીકત જોતા સીટની તપાસમાં રહેલ ખામી પણ સામે આવેલ છે. સીટે તેની રચના થઈ ત્યારબાદ અંદાજે નીચે જણાવેલ સાહેદોના નિવેદનો લીધેલ હતા અને તે પૈકીના મોટાભાગના આણંદ મુકામે રહેતા હતા અને તે સાહેદો પૈકીના કેટલાક ડોકટર હતા તો કેટલાક સરકારી કર્મચારીઓ હતા. સીટના આઈ.ઓ. જયારે ડોકટર અને સરકારી કર્મચારીઓને આણંદ, ઓડ અને ગાંધીનગર એસ.આઈ.ટી. કચેરી મુકામે જઈને મળી શકતા હોય અને બોલાવી  નિવેદન નોંધી શકતા હોય તો તેઓ આ કામના નજરે જોનાર ઈજા પામનાર સાહેદો તથા અન્ય સાહેદોને કે જેઓ આણંદ મુકામે રહે છે તેઓને પણ શોધી શકયા હોત અને તેમનો પણ જવાબ લઈ શકયા હોત અને નવું ચાર્જશીટ પણ રજુ કરી શક્યા હોત. પરંતુ જયારે આ કામના સાહેદો દ્વારા આંક ૨૧૧ થી અરજી આપવામાં આવેલ તો તે અરજીના જવાબના અનુસંધાનમાં કહેવામાં આવેલ હતુ કે સીટે ગામના જાહેર સ્થળોએ સીટ દ્વારા પોસ્ટરો લગાવવામાં આવેલ હતી. તેમજ પેપરમાં જાહેરાત આપવામાં આવેલ હતી કે સદર કેસમાં લગતા વળગતા  જે તે વ્યક્તિઓએ સીટને જાણ કરવી અથવા રૂબરૂ મળી જવું. પરંતુ, જો કોઈ અન્ય કેસમાં પણ તપાસ કરવાની હોત તો શું તેમા પણ આ જ રીતના પોસ્ટર લગાડવામાં કે પેપરમા જાહેરાત આપવામાં આવતી ? આથી, આ બાબત જ સીટની કાર્યપધ્ધતિ પર શંકા ઉપજાવે તેમ છે.ફાયર બ્રિગેડ અધિકારી,ડોકટર તેઓને સીટના તપાસ અધિકારી તેઓના નવા સરનામા એટલે કે નવા સરનામાની શોધખોળ કરી નવા સરનામે જઈ બનાવ અંગેની વિગતો મેળવી શકે છે. તો તે જ રીતના આ કામના ઈજા પામનાર અને અન્ય સાહેદોની પણ શોધખોળ કરીને બનાવ અંગેના વિગતવાર નિવેદન નોંધી શક્યા હોત પંરતુ આ રીતની પ્રક્રીયા સીટના તપાસ કરનાર અધિકારીએ કરેલ નથી.અને સીટે જે સાહેદોના નિવેદનો જે તારીખે સ્થળે નોંધ્યા તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સાહેદનુ નામ | તારીખ | નિવેદન લીધેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | રેહાનાબેન યુસુફભાઈ વોરા | ૯/૫/૨૦૦૮ | એસ.આઈ.ટી. ગાંધીનગર કચેરી |
| ૨ | યુસુફભાઈ યાકુબભાઈ વોરા | ૯/૫/૨૦૦૮ | એસ.આઈ.ટી ગાંધીનગર કચેરી |
| ૩ | મહેન્દ્ર અંબાલાલ પટેલ | ૨૨/૫/૨૦૦૮ | બાવાજી ની ખડકી ઓડ ગાંધીનગર |
| ૪ | નુરમંહમદ રસુલભાઈ વોરા | ૨૩/૫/૨૦૦૮ | નવી નગરી સુરેલી તા. ઉમરેઠ ઓડ કેમ્પ |
| ૫ | હુસેનમીયા શબ્બીરમીયાં મલેક | ૬/૬/૨૦૦૮ | નવાપુરા ઓડ કેમ્પ આણંદ |
| ૬ | ડા.સંજય કૃષ્ણદાસ પારેખ | ૧૯/૬/૨૦૦૮ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચીખોદ્રા ઓડ કેમ્પ |
| ૭ | કમલેશ જયદેવભાઈ | ૨૩/૬/૨૦૦૮ | ફાયર કવાર્ટસ આંણદ બ્રહ્મભટ્ટ કેમ્પ |
| ૮ | સલીમભાઈ યુસુફભાઈ વોરા | ૫/૬/૨૦૦૮ | રીલીફ ટાઉનશીપ આંણદ કેમ્પ |
| ૯ | ઈરફાનભાઈ યુસુફભાઈ વોરાર | ૫.૬.૨૦૦૮ | રીલીફ ટાઉનશીપ આણંદ કેમ્પ |
| ૧૦ | શાહીનબાનુ યાસીનભાઈ વોરા | ૪.૭.૨૦૦૮ | ખુશ્બુપાર્ક સોસા. આણંદ કેમ્પ |
| ૧૧ | વિજયકુમાર ભાનુપ્રસાદ | ૧૪.૭.૨૦૦૮ | શ્રીજી પાર્ક ઉમરેઠ ઓડ કેમ્પ ઉપાધ્યાય (સેનેટરી ઈન્સપેકટર ઉમેરઠ નગર પાલીકા) |
| ૧૨ | રતનસિહ સોમસિહ બારીયા | ૨૪.૭.૨૦૦૮ | ઉમરેઠ ગાંધીનગર |
| ૧૩ | મહેન્દ્ર પ્રતાપ સીંગ શ્રીરામ | ૨૧.૧૦.૨૦૦૮ | વડોદરા ઓડ કેમ્પ |

સદરહુ કામમા સાહેદ નં.૨૧ ઈદ્રીશ અબ્દુલભાઈ વોરાને તપાસેલ અને તેમની જુબાનીમાં આ કામના તોહમતદાર નં.૩૮ ભાવેશભાઈ મનુભાઈ પટેલનુ નામ તા.૯/૩/૨૦૧૦ ના રોજ આપેલ છે અને આ સાહેદની જુબાની પુરી થયા બાદ આ કામના સીટના તપાસ કરનાર અધિકારીએ આ કામના સાહેદ અલ્તાફ શફીમંહમદ વોરાને અન્ય સાહેદોને સમન્સ બજતા ન હોઈ તેઓ આ સાહેદને લઈ સવારથી સાંજ સુધી ફરેલ હતા તેમ છતા સાહેદો મળેલ નહિ. તેથી સાંજના સમયે સામરખા ચોકડી આંણદ મુકામે સીટના અધિકારીઓ તથા પોલીસના અન્ય માણસોએ ભેગા થઈને આ સાહેદને માર મારેલ અને ધાકધમકી આપેલ હતી અને તે અંનુસાધાને આ સાહેદે તા.૨૨.૩.૨૦૧૦ ના રોજ સીટ તેમજ અન્ય જગ્યાએ આ અધિકારીઓ તથા પોલીસના અન્ય માણસો વિરુદ્ધ અરજી કરેલ હતી. આ સદર બનાવ આંણદ મુકામે બનેલ હોવા છતાં સીટના અધિકારીએ આ બનાવ અંનુસાધાને ઓડ મુકામે જઈ આ કામના તો.દાર નં.૩૮ ભાવેશભાઈ મનુભાઈ પટેલ તથા અન્યોના જવાબ લીધેલ હતા અને આ જવાબ લેવા અંગેનુ કારણ શું હતુ અને તે જવાબ શા માટે લીધેલ હતા તે પણ સ્પષ્ટપણે ફલિત થતુ નથી. આ અંનુસંધાને સીટના અધિકારીએ ના.કોર્ટ સમક્ષ જણાવેલ છે આમ સીટના અધિકારીની સદર બનાવ અંગેની સમગ્ર તપાસ શંકાસ્પદ કરેલ છે અને તો.દારોને તેનો લાભ મળે તે રીતે કરેલ છે. સીટના તપાસ કરનાર અધિકારીએ આ કેસના સાહેદ અલ્તાફ શફીમંહમદ વોરા ને આ બનાવ અન્વયે ધાકધમકી આપેલ છે, તેવું આ બનાવ અને સાહેદની જુબાનીથી ફલિત થાય છે તેથી તે માટે આ અધિકારી સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.આમ સીટના અધિકારીની તપાસ શંકા ઉપજાવે તેવી અને એકતરફી એટલે કે તોહમતદારોને ખામીયુક્ત તપાસનો લાભ મળે તે રીતે ની જણાય આવેલ છે.

નામદાર કોર્ટ સમક્ષ ફરીયાદપક્ષે તોહમતદારો સામે તેમણે કરેલ તોહમતનામામાં અનુસારના ગુનાઓ સાબીત કરવા કુલ ૬૭ સાહેદો તપાસેલ છે. નામદાર કોર્ટમાં સાહેદોએ આપેલ જુબાની અસરગ્રસ્તોએ આપેલ છે તે તમામ પુરતી, વિશ્વાસપાત્ર માની શકાય તેવી જુબાની અને પુરાવો છે. ફરીયાદ પક્ષે બનાવના નજરે જોનાર સાહેદો જેમાં ઘણા બનાવ વખતે ઈજાઓ પામેલ છે અને તેમની બનાવ વખતની હાજરી નકારી શકાય તેમ નથી અને તેઓની ના.દાર કોર્ટમા જુબાની થયેલ છે અને તેમણે બનેલ બનાવ અંગે પુરેપુરૂ સમર્થન આપેલ છે.

તથા ફરીયાદપક્ષે જરૂરી એવા ડોકટરી પુરાવાઓ તથા પંચો અને પોલીસ અધિકારીઓને તપાસી જરૂરી એવા દસ્તાવેજો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

## ગુનાહિત કાવતરું

આ કેસમાં બનેલ હિચકારો બનાવ તે કોઈ આકસ્મીક રીતે બનેલ બનાવ નથી. આ કામના તો.દારોએ બનાવ અગાઉથી ગુનાહિત કાવતરું રચેલ છે. અને તે કાવતરાના ભાગરૂપે આ કામના તો.દારોએ એક સંપ થઈ ભેગા મળી તા.૧-૩-૨૦૦૨ના રોજ આ કામના તો.દારોએ ભેગા મળી કાવતરાને સફળ બનાવવાના ભાગ રૂપે ઓડ ગામમાં મુસ્લીમોના વિસ્તારોમાં આવીને રેલી કાઢવા અંગેની વાત કહેલ છે. આ વાતને આ કામના સાહેદ નં.૨૧,૨૩,૨૪,૩૫,૩૬ ની જુબાની પરથી ફલીત થાય છે. આમ સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે બનાવના દીવસે મુસ્લીમોને નેસ્તનાબુદ કરવાના સામાન્ય ઉદ્દેશ હેતુથી યોજનાઓ ઘડવામાં આવેલી આ યોજનાઓ ૧-૩-૨૦૦૨ના રોજ સફળ થયેલ તે આ કામનો પૂરાવો જોતા જણાઈ આવેલ છે અને આ કાવતરાના ભાગ રૂપે ૧-૩-૦૨ના રોજ આ કામના તો.દારોએ મુસ્લીમ વિસ્તારો તેમજ મસ્જીદ, ધાર્મિક સ્થળો પર હુમલો કરેલ છે અને આ કાવતરાના ભાગ રૂપે આ કેસના તો.દારો બનાવના દિવસે ઘાતક-મારક હથિયારો સાથે મુસ્લીમોના વિસ્તારોમાં હુમલો કરેલ હતો. આ હથિયારોની વ્યવસ્થા અચાનક શક્ય નથી એ વાત ઉપરની સાબીત થાય છે કે અગાઉથી જ મારક હથિયારોનો બંદોબસ્ત કરી રાખેલ હાવોનું સ્પષ્ટપણે ફલીત થાય છે આ કેસમાં સાહેદોની જુબાનીથી એવુ સ્પષ્ટ ફલિત થયેલ છે કે ટોળાના માણસોએ ઘાતક હથિયારો ધારણ કરેલ, પેટ્રોલના કેરબા, કેરોસીનના કેરબા તદઉપરાંત એક મહત્વનો મુદ્દો કે જે છે તે ટોળાએ કેરોસીન, પેટ્રોલના પાઉચ લઈને આવેલ હતા. સામાન્ય સંજોગોમા બજારમાં આવા પેટ્રોલ કેરોસીનના કોઈ પાઉચ વેચાતા મળી આવતા નથી. તે સંજોગોમાં ગેરકાયદેસર મંડળીના સભ્યોએ અગાઉથી પેટ્રોલ, કેરોસીનના પાઉચ તૈયાર કર્યા હોય તો જ બનાવના દિવસે, સમયે, સ્થળે તેવા પાઉચનો ઉપયોગ થયેલ હોય તે સંજોગોમાં ગેરકાયદેસર મંડળીએ અગાઉથી પાઉચ તૈયાર કરેલ છે અને આવા પાઉચ તૈયાર કરવા અને બનાવ સમયે તોહમતદારોની પાસે મળી હોવાનો પુરાવો આવેલ છે તેથી બનાવ અગાઉ ગેરકાયદેસર મંડળીના તમામ સભ્યો પાસેથી મળી આવેલ પેટ્રોલ, કેરોસીનના પાઉચ તે રીતેનો ગંભીર

પ્રકારનું કાવતરૂ રચ્યું હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાય છે. અને આ તમામ હકીકત આ કામના સાહેદો યુસુફ યાકુબભાઈ વોરા સાહેદ નં.૨૪, મહેબુબ અબ્દુલકરીમ વોરા સાહેદ નં.૪૮, અલીજી ઈસ્માઈલભાઈ વોરા સાહેદ નં.૪૯, અલ્તાફ શફીમોહંમદ વોરા  સાહેદ નં. ૫૫ના ની જુબાનીથી પણ ફલીત થાય છે કે આ તો.દારોએ તેમનું કૃત્ય પાર પાડવા માટે અગાઉથી યોજના ઘડી કાઢેલ હતી અને તે યોજનાના એક ભાગ સ્વરૂપે તેઓએ અગાઉની તૈયારી મુજબ કેરોસીન અને પેટ્રોલના પાઉચ બનાવેલ હોય તે આ સાહેદોની જુબાની થી ફલીત થાય છે.

તે સંજોગોમાં ઈ.પી.કો ૧૨૦-બી નો પુરાવો સદર ગુનાના રેકર્ડ ઉપર સીધેસીધો આવી જાય છે. તેમજ આ કામના તો.દારો ભેગા મળીને બનાવના દિવસે આ કામના ફરીયાદી રેહાનાબેન યાકુબભાઈ વોરા સાહેદ નં.૨૩ યુસુફભાઈ યાકુબભાઈ વોરા સાહેદ નં.૨૪, ઈદ્રીશ અબ્દુલભાઈ વોરા સાહેદ નં.૨૧, ફિરોજ ઈસ્માઈલભાઈ કપડવંજવાળા સાહેદ નં.૩૫, ફકીર મોહંમદ ગફુરભાઈ વોરા સાહેદ નં.૩૬  આ તમામ સાહેદોની જુબાનીમાં ગામના ચાર-પાંચ આગેવાનો બનાવ પહેલાં રેલી કાઢવા અંગે આ સાહેદોને જણાવેલ હતુ અને આજ બાબત આ ગુનાની એફ.આઈ.આર.માં પણ દર્શાવેલ છે આમ આ કામના તો.દારોનું આ અપકૃત્ય કરવા માટે શરૂઆતથી તેઓએ તેમની અગાઉથી ઘડેલ યોજના એટલે કે કાવતરા મુજબની યોજના હતી જે નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી ફલીત થાય છે.

આમ ઉપર તમામ હકીકતો અને આ કામમાં પડેલ પૂરાવો વેચાણે લેતા સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આ કામમાં થયેલ લૂંટ ફાટ,ધાર્મિક સ્થળ પર હુમલો, મુસ્લીમોની મીલ્કતોને આગ લગાડી તેમજ શારીરક હત્યાંકાંડ આચરેલ તે કોઈ આકસ્મીક બનાવ નથી. આ તમામ કૃત્યો એક સુયોજીત રીતે અગાઉથી કરેલ યોજના મુજબ પાર પાડવામાં આવેલ છે તેવું નહિ માનવાને કોઈ કારણ નથી.

તોહમતદારોનું આવું તોફાની કૃત્ય અને વર્તન જોતાં એક કોમ વિરુધ્ધ મોટા પાયે ગુનાઓ આચરવાનું ષડયંત્ર રચવામાં આવેલ અને તેમાં કોમવાદી તત્વો તેમનો હેતુ પાર પાડવા માટે અગાઉથી કાવતરુ રચેલ હોવાનું ફલીત થાય છે.

## લાપતા વ્યક્તિઓ અંગે Missing Person

ઓડ ગામમાં મલાવભોગાળ વિસ્તારમાં આ બનાવ બનેલ છે તે બનાવમાં ત્રણ વ્યક્તિઓને જીવતા સળગાવી નાંખવામાં આવેલ છે અને તે ત્રણ પૈકી કોઈની પણ મૃત્યુ પામેલા વ્યક્તિઓના અવશેષો પ્રાપ્ત થયેલા નથી અને તેના મૃત્યુ હોમીસાઈડલ ડેથ છે તેવી હકીકતો પુરવાર કરવા સારૂં પુરાવાની ચર્ચા પુરાવાના કાયદાની કલમ ૫૯ મુજબ દસ્તાવેજ સિવાયની કોઈપણ હકીકતો મૌખિક પુરાવાથી સાબીત થઈ શકે. હાલના કિસ્સામાં મૃત્યુ પામનારાઓના મૃતદેહો મળી આવેલ નથી. અને તેમના અવશેષો પ્રાપ્ત થયા નથી અને તેમના મૃત્યું હોમીસાઈડલ ડેથ છે. તેવી હકીકત પુરવાર કરવાની છે. સામાન્ય સંજોગોમાં ખૂન કેસના કિસ્સામાં મૃત્યુ

**પામનાર ઈસમના મૃતદેહો પ્રાપ્ત થતા હોય છે અને તે મૃતદેહનું શબ પરીક્ષણ કરવામાં આવે છે. અને ઈજા પામનારનું મૃત્યુ કેવી રીતે થયેલું છે તેનો અભીપ્રાય ડોકટર તરફથી આપવામાં આવતો હોય છે. શબ પરીક્ષણ દરમ્યાન ઈજા પામનારને બ્રાહ્ય તથા આંતરીક ઈજાઓ કેટલી અને કેવા પ્રકારની થયેલી છે વગેરે હકીકતો દર્શાવવામાં આવે છે. પરંતુ જે કિસ્સાઓમાં ઈજા પામનારનો મૃતદેહ મળી આવેલ ન હોય, તેવા કારણોસર ખૂનનો ગુનો બન્યો નથી તેવું માની શકાય નહીં. જો એવો સિધ્ધાંત અમલમાં હોત તો દરેક આરોપી મૃત્યુ નિપજાવી મૃત્યુ નિપજાવેલ વ્યક્તિના મૃતદેહનો નાશ કરી નાંખે અને ખુનનો ગુનો પુરવાર જ થઈ ના શકે. સામાન્ય રીતે મૃતદેહ મળવો જોઈએ તેવો નિયમ છે. પરંતુ તેવો કાયદો નથી કે દરેક દરેક કિસ્સામાં મૃતદેહ મળવો જ જોઈએ. અને જે કિસ્સામાં મૃતદેહ ન મળી આવ્યો હોય તો તેમ છતાં સાંયોગીક પુરાવા મજબુત હોય તો આરોપીને સજા થઈ શકે. અને તેથી નામદાર સુપ્રીમ કોર્ટ A.I.R.૨૦૦૨ (SC) page ૨૯૨૦માં જણાવેલ છે.**

**<u>AIR 2002 (SC) page 2920</u>**

It is a well- settled principle in law that in a trial for murder, it is neither an absolute necessity nor an essential ingredient to establish corpus delicti. The fact of the death of the deceased must be established like any other fact. Corpus delicti in some cases may not be possible to be traced or recovered. There are a number of possibilities where a dead body could be disposed of without trace, therefore, if the recovery of the dead body is to be held to be mandatory to convict an accused in many a case the accused would manage to see that the dead body is destroyed which would afford the accused complete immunity from being held guilty or from being punished. What is therefore required in law to base a conviction for an offence of murder is that there should be reliable and plausible evidence that the offence of murder like any other factum of death was committed and it must be proved by direct or circumstantial evidence albeit the dead body may not be traced. See Sevaka Perumal and other V/S. State of Tamil Nadu, 1991 (3)

SCC 471. Therefore the arguments that in the absence of corpus delicti the prosecution case should be rejected cannot be accepted.

## પુરાવાના કાયદાની કલમ ૧૦૮ વિશે

ઓડ ગામમાં મલાવભાગોળનો બનાવ તા.૧-૩-૨૦૦૨ના રોજ બનેલ છે અને નામદાર કોર્ટ સમક્ષ આ કેસનો પુરાવો આશરે ૭ વર્ષ બાદ નોંધવામાં આવેલો છે. પુરાવાના કાયદાની કલમ ૧૦૮ અન્વયે જો  કોઈ વ્યક્તિ ૭ કે તેથી વધુ વર્ષ સુધી મળી આવતો ન હોય ત્યારે તે મૃત્યુ પામ્યા છે તેવું અનુમાન કરી શકાય. અને જે લોકો એમ જણાવતા હોય કે ગુમ થનાર વ્યક્તિ જીવતા કે હયાત હોય તો તે સાબીત કરવાની જવાબદારી બચાવપક્ષની છે. હાલના કેસમાં ત્રણ વ્યક્તિઓ જે મૃત્યુ પામેલ છે. પરંતુ તેમના કોઈ અવશેષો પ્રાપ્ત થયા નથી અને આ વ્યક્તિઓ હયાત હોવા બાબતે બચાવ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ આ કેસમાં નામદાર કોર્ટ રૂબરૂ લીધેલ સાહેદોના પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે ત્રણ વ્યક્તિઓના અવશેષો પ્રાપ્ત થયેલ નથી. અને તેઓ ઓડ ગામમાં મલાવ ભાગોળ ખાતે થયેલ નરસંહારમાં સળગી મરી ગયેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટના ૨૦૦૮ (૩) **SCC page no.**૬૮૧નાં પેરા નં.૧૮ અને ૨૭ થી ઉપરોક્ત હકીકતને સમર્થન મળે છે. **2008 (3) SCC page no.681 para no.18,27**.

## આરોપીઓનો ઈરાદો Intention of Accused

ઓડ ગામમાં બનેલા બનાવ એ કોઈ આકસ્મિક બનાવ બની ગયેલ નથી પરંતુ તો.દારો દ્વારા સમજી વિચારીને કરવામાં આવેલું કૃત્ય છે આ કૃત્ય અંગે તેઓ તા.૨૭-૨-૦૨ના રોજ ગોધરા ખાતે સાબરમતી એકસપ્રેસ ટ્રેનના ડબ્બામાં હિન્દુ કારસેવકોને સળગાવી દેવાનું જે હત્યાકાંડ સર્જાયેલ હતો તે મુસ્લીમ કોમના લોકોએ અંજામ આપેલ છે તેઓ દુષપ્રચાર કરીને મુસ્લીમોના જાનમાલ, ધાર્મિક સ્થળો વિગેરેને નિશાન બનાવીને નેસ્તનાબુદ કરવા માટેનું એક કૃત્ય હતું. ઓડ ગામમાં મલાવ ભાગોળ ખાતે તોફાની ટોળાઓએ મુસ્લીમોને યોજનાબધ રીતે તેમની સામૂહિક હત્યા કરવા અંગેનું કૃત્ય સ્પષ્ટ ફલીત થાય છે. આ કૃત્યને અંજામ આપવા પુર્વ તૈયારીઓ કરવામાં આવેલ છે તે માટે ઘાતક મારક હથિયારો ભેગા કરેલ છે,

જ્વલનશીલ પદાર્થો એકઠા કરવામાં આવેલ છે, મુસ્લીમોની માલ મિલકતને એક વખત નુકશાન પહોંચાડી દીધા બાદ ફરી વખત મુસ્લીમોના જાનમાલને નેસ્તનાબુદ કરવા માટે મુસ્લીમોના મકાનોમાં શોધખોળ કરેલ અને બચી ગયેલ મુસ્લીમોને જાનથી મારી નાંખવાની તેમની યોજના પાર પાડેલ છે.

## મોટીવ(સામાન્ય ઉદ્દેશ)

આ કેસમાં પુરાવા પ્રમાણે હિન્દુકોમના ટોળાએ પ્રથમ તા.૧.૩.૦૨ ના રોજ ઓડ ગામમાં મલાવ ભાગોળ તથા અન્ય વિસ્તારમાં મુસ્લિમોના મકાનો તેમજ ઘરવખરીને ગામના તોફાની ટોળાએ બાળી નાંખેલ. ત્યારબાદ તા.૧.૩.૦૨ ના રોજ બપોરના આશરે ૧૨ થી ૧૨.૩૦ વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી બનાવી મલાવ ભાગોળ ખાતે આવેલા મુસ્લીમોના મકાનો પાસે આવી બુમો અને કીકીયારીઓ પાડતા ગોધરાકાંડ અનુસંધાને પોતાનો સામાન્ય ઈરાદો બર લાવવા મુસ્લીમ વસ્તી ધરાવતા મહોલ્લા આગળ આવેલા અને બુમો અને કીકીયારીઓ પાડતું, અને મીંયાઓને મારી નાંખો, કાપી નાંખો, જીવતા સળગાવી નાંખોની બુમો પાડી મુસ્લીમોના મકાનો ઉપર હુમલો શરૂ કરેલો. આ ટોળું લગભગ ૫૦૦ થી ૧૦૦૦ નું હતું અને મુસ્લીમોના મકાનો ઉપર તોડફોડ કરી, લુંટફાટ કરી આગ લગાડવાની શરૂઆત કરેલ. આ ટોળામા સામેલ તોહમતદારો કેરોસીન અને પેટ્રોલ જેવા જવલનશીલ પદાર્થો તથા મારક હથિયારો સાથે સજ્જ થઈને આવેલા હતા અને ટોળાના હુમલાથી બચવા નીરાધાર મુસ્લીમ સ્ત્રીઓ અને પુરુષોને અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના ઘરમાં બધા ચા પીવા માટે ઘરે આવેલા અને તે જ અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના ઘરમાં જ આ તોફાની ટોળાએ હિચકારો હુમલો કરતા તેઓ ટોળાના ભય થી ગભરાઈને તે જ મકાનમાં ભરાઈ ગયેલા. આ હુમલો કરનાર ટોળાના માણસોએ અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના મકાનમાં બધા ચા પીવા માટે ઘરે આવેલા અને તે જ અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના ઘરમાં જ આ તોફાની

ટોળાએ હિચકારો હુમલો કરતા તેઓ ટોળાના ભય થી તે જ મકાનમાં ગભરાઈને ભરાઈ ગયેલા લોકોને બેરહેમીથી પેટ્રોલ, કેરોસીન જેવા જવલનશીલ પદાર્થો નાંખી, સળગતા કાકડા નાંખી આગ ચાંપી બાળી મુકેલ. જેથી અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના ઘરમાંથી બચાવો - બચાવોની ચીસો પડવા લાગેલી પંરતુ તે ચીસોની કોઈ અસર હુમલો કરનાર ઝનુની ટોળાના માણસોના હૃદયને પીગળાવી શકેલ નહી. અને આમ આ ટોળાએ ઓડ ગામમાં કે જયાં મુસ્લીમોની વસ્તી ઓછી છે તેવા વિસ્તારોને જ આ તોફાની ટોળાઓએ નિશાન બનાવેલ હતો અને ગામના અંતરીયાળ વિસ્તારમાં આવેલ મુસ્લીમોના મકાનોમાં લુંટફાટ, તોડફોડ, આગજની કરેલ હતી અને જાનમાલને ખુબ મોટા પ્રમાણમાં નુકશાન પહોંચાડેલ હતું.

અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના મકાનમાં બચવા માટે રહેલ વ્યક્તિઓ માંથી આયશાબેન અબ્દુલભાઈ વોરા તથા નુરીબેન ગફુરભાઈ વોરાને અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના મકાનમા જ આ ઝનુની ટોળાએ જીવતા સળગાવીને બાળી નાંખેલ છે. જયારે કાદરભાઈને આ ઝનુની ટોળા એ જયેશભાઈ ના મકાનની આગળ જીવતો બાળી નાખેલ. આમ આ ઝનુની ટોળાએ જીવતા બાળી નાંખેલ આયશાબેન અને નુરીબેનની લાશો અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના મકાનમા તેમજ કાદરભાઈની લાશ જયેશભાઈના મકાનની આગળ પડેલી હતી. આ હીચકારો હુમલો કરનાર ટોળાએ મારક હથિયારો સાથે આવી ગેરકાયદેસર મંડળી રચી અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના મકાનને આગ ચાપેલ અને તે ટોળામાં સામેલ દરેક તોહમતદારે કરેલ લુંટફાટ, પથ્થરમારો, આગચંપી, ગંભીર ઈજાઓ પહોંચાડવા તથા ખુનના ગુના માટે બરાબરના દોષિત છે. આ ટોળામાં સામેલ તોહમતદારોને નજરે જોનાર તથા ઈજાપામનાર સાહેદોને આપ નામદાર કોર્ટમાં તપાસવામાં આવેલ તે નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદોએ સ્પષ્ટ રીતે ટોળામાં સામેલ તોહમતદારોને ઓળખી બતાવેલ છે. તોહમતદારોને ઓળખી બતાવનાર નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદો તે જ ગામના રહેવાસીઓ છે. આ નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદો ટોળામા સામેલ તોહમતદારોને સારી રીતે ઓળખે છે અને તેમણે સંભવિત વહેલામાં વહેલી તકે પોલીસને તેમના નામો આપેલ છે. તેમજ સાહેદોએ તો.દારોના નામો જાહેર કરેલ છે. તેમજ સાહેદોએ આપ નામદાર કોર્ટ સમક્ષ તેમની જુબાની તોહમતદારોના નામો આપેલ છે. બનાવ વખતે દિવસનો સમય હતો, તેમજ ટોળુ મોટુ હોઈ તોહમતદારોને ઓળખી ન

શકાય તેમ બતાવવાની બચાવ પક્ષ તરફથી કોશિશ કરવામાં આવેલ છે. તેમજ બચાવ પક્ષ તરફથી સળગાવીને બાળી નાંખવામાં આવેલ ત્રણ વ્યક્તિઓને આજની તારીખે પણ ગુમશુદા એટલે કે લાપતા બતાવેલ છે, કે જે તેમની ઉલટ તપાસથી ફલિત થાય છે. પરંતુ, આ ત્રણેય વ્યક્તિઓને તોફાની ટોળા દ્વારા જીવતા બાળીને મારી નાંખવામાં આવેલા તે અનુસંધાને રાજય સરકાર તરફથી આપવામાં આવતી મૃત્યુ સહાય પણ મરનારના પરીવારજનોને આપવામાં આવેલ છે તેમ છતાં, બચાવપક્ષ તરફથી તેઓને લાપતા એટલે કે ગુમશુદાનો બચાવ લેવામાં આવેલ છે. સમગ્ર બનાવ વખતે મુસ્લીમ વ્યક્તિઓ બનાવના સ્થળે હાજર હતી પરંતુ, ખરી હકીકતે જે ત્રણ વ્યક્તિઓને જે જગ્યાએ જે સ્થળે બાળી નાંખવામાં આવેલ છે તે જગ્યાએ બનાવ બની ગયા બાદ લગભગ બે દિવસ સુધી કોઈ પોલીસનો બંદોબસ્ત નહોતો કે ગામમાં કોઈ પણ મુસ્લીમ વ્યક્તિ હાજર ન હોઈ આ કામના તોહમતદારોઓએ તે તકનો લાભ લઈને સદર બનાવના સ્થળે પુરાવાનો નાશ કરવાનો પુરેપુરો સમય મળતા યુક્તિ પુર્વક સમગ્ર પુરાવાનો નાશ કરેલ અને તોફાનીઓ એ તેઓનુ અપકૃત્ય કરેલાનુ સાહેદોની જુબાની થી ફલિત થાય છે.

## સાહેદોની જુબાનીની મુલવણી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબત

આમ પોલીસ તપાસ શંકાશીલ રીતે થયેલ હોય તેવી સ્થિતીમાં સાહેદોની જુબાનીમાં કોન્ટ્રાડીક્શનનું તથા ઓમીશનનું બહુ મહત્વના ના ગણી શકાય.અને આવા સંજોગોમાં સાહેદોએ આપ ના.કોર્ટમાં આપેલ જુબાની મહત્વ ધારણ કરે છે અને તે જુબાનીને ના.કોર્ટે તે રીતે વિશ્વાસપાત્ર અને માની શકાય તેમ છે તે રીતે જ તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. અમો વીકટીમ્સના એડવોકેટ સૌ પ્રથમ આપ ના.દાર કોર્ટનુ ધ્યાન આ કામના નજરે જોનાર, ભોગ બનનાર સમગ્ર બનાવ વખતે હાજર સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાની તરફ ધ્યાન દોરીએ છીએ. સાહેદોએ પ્રોસીક્યુસન કેસને તટસ્થ રીતે જુબાની આપી કેસને સમર્થન આપેલ છે.

તા.૧.૩.૨૦૦૨ના રોજના બનાવો પછી ઓડ ગામમાંથી મોટા ભાગના મુસ્લીમો ગામ છોડીને અન્ય સ્થળે સ્થાળાંતર કરી ગયેલ હતા. અને આમ ગામમા થયેલ હિચકારા કૃત્યના ભયના લીધે ગામમા કોઈ મુસ્લીમની વસ્તી ન હતી અને ગામમાં ફક્ત હિન્દુ કોમના માણસો હતા. અને જે કોઈ મુસ્લીમ લોકો ગામમાં હતા તેઓ ફક્ત શિવસદન અને રતનસિહ મેડા ઉપર સંતાઈ રહેલા તે જ સાહેદો હતા. જેથી આરોપીઓ પ્રથમ તારીખના બનાવ પછી પણ ગામમાં હતા, અને પુરાવાનો નાશ કરવાની તેઓ પાસે પુરતી તક હતી.

બચાવ પક્ષ તરફથી આ કામના સાહેદોને તેઓએ જુદી જુદી જગ્યાએ કરેલી અરજીઓ અને સોગંદનામા અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. આ સાહેદોના કુટુંબીજનો મરી ગયા હોવા છતાં તેઓને ન્યાય મળતો નથી જેથી ગુજરાત બહાર કેસ ચાલે અને તેઓને ન્યાય મળે તે માટે અરજીઓ અને સોગંદનામાં કરેલા એટલે સ્વભાવીક રીતે આ અરજીઓ તથા સોગંદનામામાં બનાવમાં કોણે શું ભાગ ભજવ્યો છે તેની વિગતો દર્શાવવામાં ન આવે પરંતુ તેઓને થયેલ અન્યાય બાબતે રજુઆત કરવામાં આવેલી પરંતુ બચાવ પક્ષ તરફથી અરજીઓ તથા સોગંદનામામાં આરોપીઓના નામ દર્શાવેલા ન હોવાનું જણાવી જાણે કે આ સાહેદો બનાવના સ્થળે હાજર ના હોય તેવું દર્શાવવા ખોટો લુલો બચાવ કરેલ છે. વાસ્તવમાં ગુનોની તપાસના સંદર્ભમાં આપેલ નિવેદન અને તપાસ યોગ્ય રીતના થતી ન હોવા બાબતે કરવામાં આવેલી રજુઆત વચ્ચે સ્પષ્ટ તફાવત છે અને તેથી અરજીઓ તથા સોગંદનામામાં આરોપીઓના નામ જણાવેલ ન હોય એટલા કારણોસર આ

સાહેદોને માનવવા ન જોઈએ તેવી બચાવ પક્ષની ઉલટ તપાસ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

<u>પ્રોસીક્યુશન તરફે આંક – ૭૪ના લીસ્ટથી કુલ્લે ૯૮ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. તથા બીજા દસ્તાવેજો ચાલુ કામે સાહેદોની જુબાની દરમ્યાન રજુ કરવામાં આવેલ છે.</u>

ખંભોળજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના રજીસ્ટર નંબર ફસ્ટ ૨૭/૦૨ ના ગુનાની શરુઆતની તપાસ કરનારા અમલદારો વિરુધ્ધ ભોગબનનારાઓ દ્વારા ગુનાની તપાસ યોગ્ય રીતે કરવામાં આવેલી નથી. તેવી રજુઆત થયેલી, અને તે બાબતે ઈન્કવાયરી પણ કરવામાં આવેલી. જેમાં શરુઆતની તપાસ કરનારાઓએ અન્વેષણ યોગ્ય રીતે કરેલ ન હોવાના આક્ષેપો સાચા હતા. એટલુ જ નહી, શરુઆતની તપાસ કરનારાઓએ તપાસની કાર્યવાહી બાબતે જે નોંધ કેસ ડાયરી કરી હોય, જેના આધારે નામદાર કોર્ટ તપાસની કાર્યવાહી બાબતે ચકાસણી કરી શકે તે કેસ ડાયરી ચાર્જસીટ સાથે રજુ કરવાની હોય, તે રજુ થયેલ નથી. આવા સંજોગોમાં સાહેદોની કોર્ટ સમક્ષની જુબાનીમાં આવેલા વિરોધાભાસનુ મુલ્યાકંન ઉપર જણાવેલા સંજોગોને લક્ષમાં રાખી કરવુ જરુરી છે.

ખંભોળજ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ.ર.ન. ૨૭ -૦૨ ના તે વખતના તપાસ કરનાર અધિકારી કે.આર.ભુવા કે જેઓ તે વખત સર્કલ પોલીસ ઈન્સપેકટર તરીકેની ફરજ બજાવતા હતા. તેઓએ તેમની તે સમય દરમ્યાનની તપાસમા ખુબ જ છિદ્રો રાખેલ હતા. જેમ કે આ કામના ફરીયાદી રહેનાબેન યુસુફભાઈ વોરાએ તેમની ફરીયાદ તા.૫.૩.૨૦૦૨ ના રોજ આપેલ હતી. અને તે ફરીયાદમાં તેઓએ તેમની મોટી બા આયશાબેન અબ્દુલભાઈ અને તેમની દાદી નુરીબેને પણ તેમના ઘરમાં જ તોફાની ટોળા દ્વારા સળગાવી દીધા અંગેની હકીકત જણાવેલ છે. તે જ રીતના તા.૫.૩.૨૦૦૨ ના રોજના નિવેદનમાં પણ આ જ હકીકત જણાવેલ છે. તેમ છતાં તે સમયના તપાસ કરનાર અધિકારી એ ફરીયાદીનુ તા.૭.૩.૨૦૦૨ ના રોજ વિશેષ નિવેદન લઈને તે નિવેદનમાં આયશાબેન અને નુરીબેનના બનાવ સ્થળ બદલી નાંખેલ છે. અને બીજા દિવસે એટલે કે તા.૮.૩.૨૦૦૨ ના રોજ આંક ૮૮ વાળુ પંચનામુ થયેલ છે અને તે પંચનામામાં પણ આયશાબેન અને નુરીબેનના બનાવનુ સ્થળ અને જગ્યા પંચોની હાજરીમાં ફરીયાદીએ બતાવેલ છે. અને તે જ

જગ્યાએથી એફ.એસ.એલ.ના અધિકારીઓએ સાડી અને ચણીયાનો ટુકડો હાડકા અને રાખોડી કબ્જે કરેલ છે. આ તમામ હકીકતો જોતા પણ તે વાત સમજમાં નથી આવતી કે ફરીયાદી તથા સાહેદો આયશાબેન અને નુરીબેનનો બનાવ અબ્દુલભાઈના મકાનમાં થયાનું જણાવે છે તો તે સ્થળને તા.૭.૩.૨૦૦૨ ના રોજ ફરીયાદી નુ વિશેષ નિવેદન લઈને સ્થળ બદલવાનું કારણ કેમ ઉપસ્થિત થયુ તે એક મોટો પ્રશ્ન છે.તે જ રીતના આ તપાસ કરનાર અધિકારીએ ઘણા બધા સાહેદોના નિવેદનોમાં તેમના મકાનની પછી તે વરંડો કુદીને અને પછીતે થી મકાનમાં થી બહાર નિકળી ગયા અંગેનો ઉલ્લેખ કરેલ છે. પંરતુ ખરી હકીકતે આ સાહેદોના મકાનની પછીતે કોઈ વરંડો આવેલ નથી કે પછીતે કોઈ બારી બારણા પણ આવેલ નથી. આમ આ સાહેદો વર્ષોથી તેમના મકાનોમાં રહેતા હોય તો તેઓને તેમના મકાનની ભૌગોલીક સ્થિતિ સારી રીતના જાણાતા હોય તે સ્વભાવિક છે. અને તેઓ તેમના નિવેદનોમાં આ મકાનની સ્થિતિ લખાવેલ હોય તે માની શકાય તેમ નથી.

સાહેદોની જુબાનીમાં જે હકીકતો વિરોધાભાસ તરીકે લેવામાં આવી હોય તે હકીકતો રેકર્ડ પરના અન્ય પુરાવાથી સાબિત થતી હોય તો તેવા વિરોધાભાસનુ મહત્વ રહેતુ નથી. વિરોધાભાસ યોગ્ય રીતે લેવામાં આવેલ છે કે કેમ, તે નામદાર કોર્ટે જોવા જોઈએ અને તપાસ કરનાર અધિકારીએ યોગ્ય તપાસ કરી ન હોય એટલે કે ખામીયુક્ત અને શંકાસ્પદ કરી હોય તેવા સંજોગોમાં વિરોધાભાસનુ મહત્વ રહેતુ નથી.

સાહેદ બનાવની હકીકત સવિસ્તાર જણાવતો હોય તો તેવા સંજોગોમાં સાહેદને માનવો ન જોઈએ તેવો કોઈ સિધ્ધાંત નથી.

ઈજા પામનાર સાહેદોએ સારવાર દરમ્યાન ડૉકટર સમક્ષ આરોપીઓના નામ જાહેર ન કરેલ હોય તેથી સાહેદે ના.કોર્ટ સમક્ષ આપેલા નામ ખોટા આપેલ છે તેવુ અનુમાન થઈ શકે નહી.

આ કેસના બનાવમાં ઓડ ગામના જ માણસો સંડોવાયેલાં છે. જેમાં આરોપીઓની સંખ્યા પણ ધણી મોટી છે. જ્યારે આરોપીઓ સાહેદોના પરિચિત હોય અને એક જ ગામના હોય તેમજ બનાવ દિવસના સમય દરમ્યાન બનેલો હોય ત્યારે ઓળખ પરેડ કરાવવની જરુરીયાત નથી.

આ કામના સાહેદોની આપ નામદાર કોર્ટમાં જુબાની થેયલ છે. આ કામના જુદા જુદા સાહેદોએ જુદી જુદી જગ્યાએથી આ કામના તો.દારોને બનાવ દરમ્યાન તેમણે કરેલા કૃત્યને જોયેલ છે. આ કામના અમુક સાહેદોએ અબ્દુલ કરીમ નુરમંહમદના મકાનમાંથી અમુક સાહેદોએ શીવસદનમાંથી, અમુક સાહેદોએ મલાવ ભાગોળના જુદા જુદા વિસ્તારમાંથી તથા ઈજાપામનાર સાહેદોએ તોફાની ટોળા દ્રારા જે મકાનને આગ લગાડવામાં આવેલ તે મકાનમાંથી જોયેલ છે.

## ઈ.પી.કો. કલમ ૧૪૯ અંગે ગેરકાયદેસર મંડળીના સભ્યો

આ કામના તો.દારો તેમનું અકૃત્યનો ઉદ્દેશ પાર પાડવા માટે એકઠા થઈ અન્ય કોમના માણસો તેમને જાનમાલ, ધાર્મિક સ્થળો, ધંધા રોજગારના સ્થળો વગેરે જગ્યાએ કોઈપણ જાતની ઉશ્કેરણી વગર, કારણ વગર આ તમામનું નાશ કરવા માટે એકઠા થયેલ હતા. ઓડ ગામમાં મુસ્લીમોની જે છુટક છુટક વસ્તી છે, છુટા છુટા મકાનો છે તે મકાનોને તોફાની ટોળા દ્વારા એટલે કે ગેરકાયદેસર મંડળી દ્વારા મુસ્લીમોના આ મકાનોને ધ્યાનમાં લઈને જાન અને માલનું નુકશાન પહોંચાડેલ છે. આ તોફાની ટોળાએ તેનું ઉદ્દેશ પાર પાડવા માટે એકસંપ થઈ એકઠા થઈ કાવતરુ રચી ત્રણ મુસ્લીમોને જીવતા સળગાવીને બાળી નાંખેલ છે અને તેઓને ઘરબાર વગર કરી દીધેલ છે આમ આ ગેરકાયદેસર મંડળીએ તેમના ધજન્ય કૃત્યો કરેલ છે અને આ ગેરકાયદેસર મંડળીના તમામ તોહમતદારો સામેલ હતા કે જે સાહેદોની જુબાની પરથી ફલીત થાય છે આ તો.દારો પૈકીના કેટલાકે ઓવર એક્ટ ન કર્યુ તો પણ તેવો પણ તેવાં કૃત્યો માટે પણ તેઓ સરખા હિસ્સે તે અકૃત્યો માટે કસુરવાર ઠરી શકે છે આમ ગેરકાયદેસર મંડળીનું ઓવર એક્ટ હોવું જરૂરી નથી ફક્ત

ગેરકાયદેસર મંડળીના સભ્ય હોય તે પ્રસ્થાપિત થાય તે જ જરૂરી છે નહી કે ઓવર એક્ટ.

નીચેના કોસ્ટકમાં તો.દારો સામે જે સાહેદોએ ના.કોર્ટમાં જુબાની આપી ઓળખી બતાવેલા છે તે દર્શાવેલ છે.

દરેક સાહેદે પોતાની જુબાનીમાં આપેલ તો.દારના નામો અને ઓળખેલ તો.દાર ના નામ અંગે નુ લીસ્ટ છે જે નીચે મુજબ છે તે આ દલીલો સાથે રજુ છે.

| ક્રમ | તો. નંબર | તો.દાર નું નામ | આંક | નં | સાહેદ નું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૨ | મીનેષકુમાર પુનમભાઈ પટેલ | ૨૦૯<br>૨૬૯<br>૨૭૦<br>૨૯૧<br>૨૯૨<br>૩૦૭ | ૨૧<br>૩૫<br>૩૬<br>૪૭<br>૪૮<br>૫૫ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>ફિરોજભાઈ ઈસ્માઈલભાઈ વોરા (કપડવંજ)<br>ફકીરમોહંમદ ગફુરભાઈ વોરા<br>રઝાકભાઈ અબ્દુલ કરીમ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમ વોરા<br>અલ્તાફખાન સફીમહંમદ વોરા |
| ૨ | ૮ | હરીશભાઈ વલ્લભભાઈ પટેલ | ૨૦૯<br>૨૪૪<br>૨૪૯<br>૨૬૯<br>૨૭૦<br>૨૭૨<br>૨૭૬<br>૨૯૧<br>૨૯૨<br>૩૦૭ | ૨૧<br>૨૩<br>૨૪<br>૩૫<br>૩૬<br>૩૭<br>૩૯<br>૪૭<br>૪૮<br>૫૫ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>રહેનાબેન યુસુફભાઈ વોરા<br>યુસુફભાઈ યાકુબભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( કપડવંજવાળો )<br>ફકીરમહંમદ ગફુરભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( માતરવાળો )<br>સમીરભાઈ અબ્દુલભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૩ | ૧૮ | વિનુભાઈ રણછોડભાઈ પટેલ | ૨૪૯<br>૨૯૧<br>૨૯૨ | ૨૪<br>૪૭<br>૪૮ | યુસુફભાઈ યાકુબભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા |
| ૪ | ૯ | વસંતભાઈ પુનમભાઈ પટેલ | ૨૦૯<br>૨૪૯ | ૨૧<br>૨૪ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>યુસુફભાઈ યાકુબભાઈ વોરા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૬૯<br>૨૭૦<br>૨૯૧<br>૩૦૭ | ૩૫<br>૩૬<br>૪૭<br>૫૫ | ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( કપડવંજવાળો )<br>ફકીરમહંમદ ગફુરભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૫ | ૧૦ | લાલાભાઈ ઉર્ફે નીલેશભાઈ મણીભાઈ પટેલ | ૨૦૯<br>૨૪૪<br>૨૪૯<br>૨૬૯<br>૨૭૦<br>૨૭૨<br>૨૭૬<br>૨૯૨ | ૨૧<br>૨૩<br>૨૪<br>૩૫<br>૩૬<br>૩૭<br>૩૯<br>૪૮ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>રહેનાબેન યુસુફભાઈ વોરા<br>યુસુફભાઈ યાકુબભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( કપડવંજવાળો )<br>ફકીરમહંમદ ગફુરભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( માતરવાળો )<br>સમીરભાઈ અબ્દુલભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા |
| ૬ | ૧૧ | ટીનો ઉર્ફે મહેશભાઈ ગોપાલભાઈ પટેલ | ૨૦૯<br>૨૪૪<br>૨૪૯<br>૨૬૯<br>૨૭૦<br>૨૭૨<br>૨૭૬<br>૨૯૧ | ૨૧<br>૨૩<br>૨૪<br>૩૫<br>૩૬<br>૩૭<br>૩૯<br>૪૭ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>રહેનાબેન યુસુફભાઈ વોરા<br>યુસુફભાઈ યાકુબભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( કપડવંજવાળો )<br>ફકીરમહંમદ ગફુરભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( માતરવાળો )<br>સમીરભાઈ અબ્દુલભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા |
| ૭ | ૧૩ | પ્રકાશ ઉર્ફે પકો જમનાદાસ પટેલ | ૨૦૯<br>૨૪૪<br>૨૪૯<br>૨૬૯<br>૨૭૦<br>૨૭૨<br>૨૭૬<br>૨૯૧<br>૨૯૨<br>૩૦૭ | ૨૧<br>૨૩<br>૨૪<br>૩૫<br>૩૬<br>૩૭<br>૩૯<br>૪૭<br>૪૮<br>૫૫ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>રહેનાબેન યુસુફભાઈ વોરા<br>યુસુફભાઈ યાકુબભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( કપડવંજવાળો )<br>ફકીરમહંમદ ગફુરભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( માતરવાળો )<br>સમીરભાઈ અબ્દુલભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૮ | ૧૪ | ઉમેશભાઈ પુનમભાઈ પટેલ | ૨૦૯<br>૨૯૧<br>૩૦૭ | ૨૧<br>૪૭<br>૫૫ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૯ | ૧૯ | પુનમભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૨૦૯<br>૨૪૪ | ૨૧<br>૨૪ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>યુસુફભાઈ યાકુબભાઈ વોરા |
| ૧૦ | ૨૦ | છોટુભાઈ રામાભાઈ પટેલ | ૨૦૯<br>૩૦૭ | ૨૧<br>૫૫ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૧૧ | ૩૫ | કરીટકુમાર ઉર્ફે બોડીયો મનુભાઈ પટેલ | ૨૦૯<br>૨૬૯<br>૨૭૦<br>૨૭૬<br>૨૯૨<br>૨૯૩<br>૩૦૭ | ૨૧<br>૩૫<br>૩૬<br>૩૯<br>૪૮<br>૪૯<br>૫૫ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( કપડવંજવાળો )<br>ફકીરમહંમદ ગફુરભાઈ વોરા<br>સમીરભાઈ અબ્દુલભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલીજીભાઈ ઈસ્માઈલભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૧૨ | ૨૯ | અશોકભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૨૦૯<br>૨૭૨ | ૨૧<br>૩૭ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( માતરવાળો ) |
| ૧૩ | ૨૬ | રીતેશકુમાર અરવિંદભાઈ પટેલ | ૨૦૯<br>૨૬૯<br>૨૭૨<br>૨૭૬<br>૨૯૧<br>૨૯૨<br>૩૦૭ | ૨૧<br>૩૫<br>૩૭<br>૩૯<br>૪૭<br>૪૮<br>૫૫ | ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( કપડવંજવાળો )<br>ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ ( માતરવાળો )<br>સમીરભાઈ અબ્દુલભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૧૪ | ૩૨ | દીલીપભાઈ રણછોડભાઈ પટેલ | ૨૪૯<br>૨૯૧<br>૨૯૨<br>૨૯૩ | ૨૪<br>૪૭<br>૪૮<br>૪૯ | યુસુફભાઈ યાકુબભાઈ વોરા<br>રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલીજીભાઈ ઈસ્માઈલભાઈ વોરા |
| ૧૫ | | નિલેશભાઈ પુનમભાઈ પટેલ | ૨૪૯ | ૨૪ | યુસુફભાઈ યાકુબભાઈ વોરા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | ૨૮ | ધનશ્યામભાઈ વલ્લભભા | ૨૭૦ | ૩૬ | ફકીરમહંમદ ગફુરભાઈ વોરા |
| ૧૭ | ૨૪ | સમીરભાઈ ભીખુભઆઈ પટેલ | ૨૯૧<br>૩૦૭ | ૪૭<br>૫૫ | રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૧૮ | ૨૫ | અરવિંદભાઈ ભગાભાઈ પટેલ | ૨૯૧ | ૪૭ | રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા |
| ૧૯ | ૩૦ | ભાવેશ કરશનભાઈ પટેલ | ૨૯૧<br>૨૯૨<br>૩૦૭ | ૪૭<br>૪૮<br>૫૫ | રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>મહેબુબભાઈ અબ્દુલકરીમભાઈ વોરા<br>અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૨૦ | ૩૬ | પુનમભાઈ શનાભાઈ પટેલ | ૨૯૧ | ૪૭ | રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા |
| ૨૧ | ૩૭ | દીનેશભાઈ પરસોત્તમભાઈ પટેલ | ૨૯૧ | ૪૭ | રઝ્ઝાકભાઈ અબ્દુલકરીમભાઈ વોરા |
| ૨૨ | ૨૩ | પીયુષભાઈ ભાઈલાલભાઈ પટેલ | ૨૯૩ | ૪૯ | અલીજીભાઈ ઈસ્માઈલભાઈ વોરા |
| ૨૩ | ૧ | કાન્તીભાઈ માનાભાઈ ચાવડા | ૩૦૭ | ૫૫ | અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૨૪ | ૨૨ | અશોક હરમાનભાઈ પટેલ | ૩૦૭ | ૫૫ | અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |
| ૨૫ | ૨ | રાવજીભાઈ માનાભાઈ ચાવડા | ૩૦૭ | ૫૫ | અલ્તાફભાઈ સફીમહંમદ વોરા |

( ૧ ) આ કામમાં ફરીયાદી રેહાનાબેન યુસુફભાઈ વોરા ને સાહેદ નં.૨૩ અને આંક-૨૪૪ થી તા.૬-૪-૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૨ માં નીચે મુજબ ની હકીકત જણાવેલ છે કે,

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૨</u>

બનાવ તા.૧-૩-૦૨ના રોજ બનેલો, બપોરે ૧-૦૦, ૧-૩૦ વાગ્યાના અરસામાં ચીસો સંભળાવવા લાગેલી, અને અમોને કંઈક થઈ રહેલ છે. તેમ લાગેલુ, બનાવના દિવસે શુક્રવાર હતો શુક્રવારના દિવસે બપોરે અમારે ૧-૦૦ વાગ્યાનો સમય હોય, નમાઝના પહેલા ગામના આગેવાનો આવેલા, ગામના

આગેવાનો ૧૨-૦૦, ૧૨-૩૦ વાગ્યાના સુમારે, અમારી ઘરના રસ્તા પર આવેલા બે આગેવાનોમાં આશાભાઈ રામાભાઈ પટેલ, અને નટુભાઈ સતાભાઈ પટેલ હતા અને બીજા આગેવાનો હતા. પરંતુ તેઓ પપ્પા જોડે વાતો કરતા હતા, મે બે જણાને જોયેલા. તેઓએ મારા પપ્પાને એવુ જણાવેલ કે ગામમાં રેલી નીકળવાની છે, કંઈ થવાનું નથી, તમે ઘરમાં રહેજો, તેવી વાત મેં સાંભળેલી આ વાત કરીને મારા પપ્પા નમાઝ પઢવા ગયેલા. હું મારે કામ હોવાથી શિવસદન મકાનમાં કપડા ધોવા ગયેલી, તે મકાન ઘનશ્યામભાઈનું હતુ. શિવસદન મકાનની ચાવીઓ કાયમ માટે અમારે ત્યાં રહેતી હતી, તેથી અમો તેમાં કપડા ધોવા ગયેલ. શિવસદનમાં હું ગયેલી હું કપડા ધોવા ગયેલ ત્યારે મારી બા ઝુબેદાબેન, મારા ભાઈઓ તથા મારા ભાણાભાઈ તથા મારા ભાઈ ઈદ્રીશ બધાએ મકાનમાં આવેલા, અને થોડીવાર બાદ, મારા પિતા નમાઝ પઢીને તેઓ શિવસદનમાં આવેલા. મારા પપ્પાની સાથે મારા મોટા બાપા અબ્દુલભાઈ પણ આવેલા, અને મારી દાદી નુરીબેન અને આયશાબેન તેઓ પણ આવેલા થોડીવાર મારા બે ભાઈઓ ઈરફાન, સલીમ અને બીજા મોટા બાપાનો છોકરો સલીમ એ શિવસદનમાંથી નીકળી ગયેલા. અને ફીરોજ કપડવંજવાળો પણ નિકળી ગયેલો. નુરીબેનનો દિકરો ફકીરભાઈ જેને અમો ભીખાકાકાના દિકરા તરીકે ઓળખીએ છીએ. થોડીવાર પછી, નુરીબેન, ભીખાકાકા, ઈદ્રીશ પછી આયશાબેન અને મોટા બાપા અબ્દુલભાઈ ચા પીવા માટે બહાર નીકળેલા જ્યારે બીજા મારા મોટા બાપા અબ્દુલભાઈના ઘરે કાદરભાઈ, ફીરોજભાઈ માતરવાલા તે લોકો ચા પીવા માટે તેમના ઘરે ગયેલા થોડીવારમાં ચીસો સંભળાવા માડી એટલે હું મારા મમ્મી – પપ્પા દાદી- મરીયમબેન, તથા કાકા – નુરમહંમદ તે બધા અમો શિવસદનમાં ત્રીજા માળે ચઢી ગયેલા. તે વખતે પોણા બે વાગેલા તે વખતે અમે જોયેલ તો ૫૦૦ માણસોનું ટોળુ મસ્જિદ બાજુએથી, અમારા ઘર પાસે આવેલ અને તેઓએ અમારા બધાના ઘરોમાં કેરોસીન, કાકડા નાંખેલ અને અમો જોયેલ તો અમારા બધા ઘરો બળતા હતા. શિવસદનમાંથી મે જે ટોળુ જોયેલ તેમાં અમુક માણસોને મે ઓળખેલા તેમા નટુભાઈ સતાભાઈ, તેમની પાસે શું હતુ તે ઘણા વર્ષ થઈ ગયા તેથી યાદ નથી ટોળામાંના માણસો પાસે કોઈક પાસે કેરોસીનનું ડબલુ હતુ કોઈક પાસે કાંકડા હતા કોની પાસે શું શું હતુ તે ચોક્કસ મને ખબર નથી તે સિવાય ટોળામા પ્રકાશ જમનાદાસ, હરીશભાઈ વલ્લભભાઈ, વસંતભાઈ પુનમભાઈ, મિનેષભાઈ પુનમભાઈ, લાલાભાઈ ઉર્ફે મણીભાઈ બકોરભાઈ, ટીનો ગોપાલદાસ

તેઓ અમારા ઘરો સળગાવતા હતા, અને મારી નાંખો, મારો એવી બુમો પાડતા હતા જે બનાવ કલાક બે કલાક જેટલો સમય ચાલેલો. જે લોકો ઘરમાં હતા તે લોકોની ચીસો સંભળાતી હતી તે લોકો બચાવો બચાવો એવી બુમો પાડતા હતા અમો જોયેલ તો સળગતા મકાનમાંથી પહેલા ફીરોજભાઈ માતરવાળા પતરા ઉંચા કરીને, બહાર નીકળેલા બાદ, મારા મોટા બાપા બહાર નીકળી શકતા ન હોય, પતરાને હાથેથી ઉંચકીને, અને અમારા મોટા બાપાને બહાર કાઢેલા અને તે બે જણા બહાર આવીને ઉપરથી બાજુના બાબુભાઈના મકાનમાં ચાલી ગયેલા ફીરોજ પતરા ઉંચા કરતી વખતે તે હાથમાં દાઝેલો. મને મારી મોટા બા આયસા બેન અને મારી દાદી નુરીબેનની ચીસો સંભળાતી હતી, બાદ ચીસો બંધ થઈ ગયેલ અને આયશાબેન અને નુરીબેન જે ચીસો સંભળાતી હતી તે બંધ થઈ ગયેલી મે ઈદ્રીશ કાદરભાઈ અને ફીરોજ કપડવંજવાળાને બહાર નીકળીને નુરમહંમદના ઘરમાં ઘુસતા જોયેલા. થોડીવાર પછી, સાંજે કલાક ૫-૦૦, ૫-૩૦ વાગ્યાના સુમારે, જે ટોળુ બપોરે આવેલુ, તે જ ટોળુ ફરીથી અમારા ઘર તરફ આવેલ તે વખતે, અમે કાદરભાઈને બહાર નીકળતા જોયેલા, કાદરભાઈને અમોએ જાતે બહાર નીકળતા જોયેલા તેઓ દાઝી ગયેલા હતા અને તેમના પગ તેઓ પાણી નીચે પલાળી રહેલ હતા તે વખતે ટોળાના માણસો જોઈ રહેલા, તેમાંથી નટુ સતાએ કાદરને કહેલુ અમે તને કંઈ ના કરીએ તું અહીંયાથી ચાલી જા. એવુ કાદરને કહેલુ કાદર બહાર આવેલા, અને શિવસદનવાળી ખુલ્લી જગ્યાએ પહોંચેલ, ત્યારે ટોળાના માણસોએ તેમને ઘેરી લીધેલ કાદરભાઈને ટોળાના જ માણસોએ ઘેરી લીધેલ. કાદરભાઈએ તેમને જવા દો, એવુ જણાવેલ પરંતુ ટોળાના માણસો, તેમને મારવા લાગેલા અને પછી પેટ્રોલ જેવી વસ્તુ નાંખી તેમને જીવતા સળગાવી દીધેલ ટોળાના માણસો, જે અગાઉ હતા તે જ લોકોએ કાદરને મારી સળગાવી દીધેલા, તે ટોળાના માણસો બધા એક સાથે મારતા હતા અને તેમાંથી કોઈએ પેટ્રોલ નાંખેલ અને કોઈએ સળગાવેલ તે ટોળામાં હરીશ વલ્લભાઈ તથા પ્રકાશ જમનાદાસ હતા, વસંત પુનમ હતો, અને બીજા ટોળાના માણસો હતા અને કાદરભાઈ પુરેપુરા સળગી ગયેલા અને સાંજ પડી, ટોળું પાછુ જતુ રહેલ, આયશાબેન, નુરીબેનનું શું થયુ તેની અમોને કાંઈ ખબર પડેલી નહિ, કારણ કે, અમો તે બાજુએ ગયેલા જ નહિ તે વખતે મોડી રાત્રીએ અમે હું મારા મમ્મી – પપ્પા, મારા દાદી, મારા કાકા નુરમહંમદભાઈ અમો બધા શિવસદનમાંથી ઉતરીને, બાબુભાઈના ઘર બાજુ જતા હતા તેને ક્રોસ કરી અમે

બાબુભાઈના ઘરમાં ગયા ત્યાં મારા મોટા બાપા- અબ્દુલભાઈ અને ફીરોજ માતરવાળા હતા અને તેવામાં ફીરોજ કપડવંજવાળા અને ઈદ્રીશ અને ફકીર મહંમદ ભીખાકાકા પણ ત્યાં પહોંચી ગયેલા ત્યાં અમો બધા ગભરાઈ ગયેલા હોવાથી, ત્યાં ખાટલો પડેલો હતો, ત્યાં તમાકુની ઢગલો પડેલ હતો તેના ઓઠે સંતાઈ ગયેલા તે વખતે, ફીરોજ કપડંવજવાળા અને ભીખાકાકા બહુ જ વધુ ગભરાઈ ગયેલ હોવાથી તેઓ ઉપરના માળે રતનસિંહ જેઓ ભાડેથી રહેતા હતા, તેઓ ત્યાં હતા નહી, ત્યાં ઉપર જઈને સંતાય ગયેલા તે વખતે મોડી રાત્રીના ટોળુ ફરીથી આવેલ અને તેઓએ, બેટરીથી પ્રકાશ પાડી કોઈ બાકી રહેલ છે કે કેમ તેની તપાસ કરેલી, અને સાલા બાંડીયાઓને મારી નાંખો તેવી બુમો પાડતા હતા અને કોઈ બાકી રહી ગયુ હોય તો પુરા કરી નાંખો તેવી બુમો પડતા હોવાથી અમો ગભરાઈ ગયેલા હતા, તેથી એકદમ ચુપ હાલતમાં અમો ત્યાંને ત્યાં સંતાઈ રહેલા હતા અને ટોળુ જતુ રહેલ. ત્યારે મોડી રાત્રે, હું મારા બાપુજી ફીરોજ માતરવાળા અને ઈદ્રીશ તેમજ મારા પિતા, મારી માતા તેમજ નુરમહંમદભાઈ અને મરીયમબેન અમો બધા ફરીથી શિવસદનમાં જઈને સંતાઈ ગયેલા અમો ત્રણ દિવસ સુધી શીવસદનમાં રહેલા ત્યાંથી અમો જોતા હતા, તો ટોળુ અમારા ઘરમાં લુંટફાટ કરીને બધુ વસ્તુઓ લઈ જતુ હતુ. ત્રીજી તારીખે વહેલી સવારે અમે બધા ત્યાંથી નીકળીને અમે ખેતરોવાળા રસ્તેથી સુરેલી કેમ્પમાં ગયેલા. અમે સવારના પાંચેક વાગ્યાના સુમારે અજાન થાય તે સમયે સુરેલી કેમ્પમાં પહોંચેલા. શિવસદનથી નીકળી ને સુરેલી જવામાં હુ મારા મોટા બાપુ અબ્દુલભાઈ, મારા પિતાજી યુસુફભાઈ, મારા માતૃશ્રી જુબેદાબેન મારા કાકા નુરમહંમદ, દાદી-મરીયમબેન, ઈદ્રીશભાઈ અને ફીરોજ માતરવાળા એમ કુલ આઠ જણા સુરેલી ગામે પહોંચેલા. અમે ઓડથી જીવ બચાવીને, પહેરેલા કપડે સુરેલી મુકામે ચાલી નીકળેલા ત્યાં અમો સુરેલી કેમ્પમાં રહેતા હતા અને પાંચમી તારીખના રોજ પોલીસવાળા કેમ્પમાં આવેલા, અને તેઓએ ફરીયાદ લીધેલી ફરીયાદ આપી તે વખતે ફીરોજ, ઈદ્રીશ અને મારા બાપુજી એટલે મારા મોટા બાપુજી વિગેરે ને આગેવાનોએ સારવાર માટે ઉમરેઠ મુકામે દવાખાનામાં દાખલ કરેલા અમો ખુબ ગભરાયેલ હતા. અને અમોએ પોલીસવાળાને જે કહેલુ તે તેઓ લખતા હતા તે વખતે પોલીસવાળા કોણ હતા તે મને ખબર નથી પોલીસવાળા ડ્રેસમાં હતા, પરંતુ તેઓ કયા હોદ્દાવાળા હતા તે હાલ મને ખબર નથી. માર્ક ૭૪/૧ વાળી ફરીયાદ મને બતાવવામાં આવે છે, તેમા મારી સહી છે, ફરીયાદ મને વાંચી

સંભળાવેલી ન હોય તે મારા લખાવ્યા મુજબની તે ફરીયાદ લખેલી કે કેમ તેની મને ખબર નથી. મને પાછળથી ખાસ તપાસ ટીમ તરફે જવાબ લેવામાં આવેલો, ત્યારે, ફરીયાદ વાંચી બતાવવામાં આવેલી તે વખતે ફરીયાદની હકીકતો મેં સાભળતા તે ખરી હોવાનું મે તે વખતે જણાવેલ તે ફરીયાદ માર્ક ૭૪/૧ વાળી છે. તે ફરીયાદ આંક-૨૪૫ ટોળામાં જે માણસો હતા. તેઓના મેં જે નામ આપ્યા છે, તેઓને હું ઓળખી શકું છું. સાહેદ, આરોપીઓ ઘણા હોય દુરથી ઓળખી શક્તા ન હોય નજીકથી જોવા માટેની સાહેદ દ્વારા, પી.પી. દ્વારા પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવે છે. સાહેદ તરફે આરોપીઓ જે જગ્યાએ બેઠેલ છે ત્યાં જઈ આરોપીઓને ઓળખવાનું જણાવતા સાહેદે આરોપીઓ પૈકી ૪ અરોપીઓને કોર્ટ રૂબરૂમાં ઓળખી બતાવેલ છે. તેમાંથી (૧) નું નામ સાહેદ હરીશ વલ્લભ જણાવવામાં આવે છે, સદર વ્યક્તિને પુછતા તેનું નામ હરીશ વલ્લભ હોવાનું જાહેર થાય છે બીજા ઈસમનું નામ નિલેષ મણીભાઈ જણાવે છે તેનું નામ પુછતા, લાલો ઉર્ફે નિલેશ મણીભાઈ પટેલ હોવાનું જાણવા મળેલ છે. ત્રીજા ઇસમને ટીનો ગોપાલભાઈ તરીકે ઓળખી બતાવેલ છે. સદર ઈસમનું નામ પુછતા, તેઓનું નામ ટીનો ઉર્ફે મહેશ ગોપાલદાસ જાણવા મળેલ છે. જ્યારે ચોથા ઈસમને સાહેદ દ્વારા પ્રકાશ જમનાદાસ તરીકે ઓળખી બતાવે છે, તેમનું નામ પુછતા, તેઓ પ્રકાશ જમનાદાસ છે, તેવુ જાણવા મળે છે. જ્યારે ટોળાના માણસોમાં મીનેષ પુનમભાઈનો ચહેરો ઘણો સમય થઈ ગયેલ હોવાથી તેઓને યાદ નથી, એવુ સાહેદ દ્વારા જણાવામાં આવે છે. નટુ સતા, આશાભાઈ રામાભાઈ, કોર્ટ રૂબરૂ નથી ફરીયાદ આપ્યા બાદ ત્રણ – ચાર દિવસ બાદ, પોલીસે મને ફરીથી બોલાવેલા તે વખતે જે ઘરો બળી ગયેલા ત્યાં પોલીસવાળા મને લઈ ગયેલા ત્યાં ઘરમાં બધી વસ્તુઓ સળગેલી પડેલ હતી અને ત્યાં એ માસનો લોચો, તે માસનો લોચો, બદામી ફુલ ડિઝાઈનની સાઈઝના ટુકડા સાથે પડેલો, તે સાડી બનાવના દિવસે સવારે મારી મોટી બા આઈશાબેને પહેરેલી હતી. ત્યાં ચણીયાનો એક ટુકડો પણ હતો, તે લાલ કલરનો ગેરવાળો ટુકડો હતો, ત્યાંથી પોલીસે બીજી રખિયા, અને હાડકા માસના લોચા અને ચણીયાનો ટુકડો કબજે કરેલો મને આર્કીટકલ નં.૪ બતાવવામાં આવતા તે સાડીનો બળેલો બદામી કલરનો ટુકડો છે, તેમજ મુ.માલ આર્ટીકલ નં.૫ બતાવતા તે લાલ કલરનો હોય તે ચણીયાનો બળેલો ટુકડો હોવાનું સાહેદ જણાવે છે. અમોએ સુપ્રિમ કોર્ટમાં અમારો કેસ આગળ ચાલે તે બાબતે એક સોંગદનામું કરેલ

તે સોગંદનામું માર્ક ૩૫/એ/૨ વાળુ બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છું કે તેમા મારી સહી છે, પરંતુ તે સોગંદનામું અંગ્રેજીમાં હોય તેમાં શુ લખેલુ તેની મને ખબર નથી. સોગંદનામાંની હકીકત સાહેદ જણાવતા ન હોય તેને પુરાવામાં વાચી શકાય તેમ ના હોય, તેમ જણાવેલું છે. જ્યારે ફરીયાદ પક્ષ તરફથી એ. પી.પી.શ્રી બી.સી. ત્રિવેદી દ્વારા સોગંદનામું હાલના ફરીયાદી દ્વારા સુપ્રિમ કોર્ટ રૂબરૂ કરવામાં આવેલ અને તે સોગંદનામાના આધારે, સુપ્રિમ કોર્ટે પોતાના નિર્ણય આપીને એસ.આઈ.ટી.ની રચના કરેલ છે. જેથી, સોગંદનામાનો આંક આપીને તે વંચાણે લઈ શકાય તેમ છે. આ કામે રજુ થયેલા સોગંદનામાની નકલ આરોપી પક્ષ દ્વારા માંગવામાં આવતા તેઓને આપવામાં આવેલ છે, અલબત સાહેદ દ્વારા કોર્ટ રૂબરૂમાં સોગંદનામા લખેલી હકીકત સંબંધે અંગ્રેજીમાં હોવાથી તેઓ જાણતા નથી, તેવુ જણાવે છે. સોગંદનામામાં લખેલી હકીકત, પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય કે કેમ અને પુરાવાની તેની માન્યતા કેટલી રહેશે તેનો નિર્ણય સમગ્ર પુરાવાના અંતે પણ કરી શકાય તેમ હોય, જેથી માત્ર આંક આપી દેવાથી, સમગ્ર દસ્તાવેજ હાલના તબક્કે, પુરાવામાં ગ્રાહ્ય થઈ ગયેલ છે તેવુ પણ નથી, જેથી, વાંધા સાથે માર્ક ૩૫/એ./૨ ને આ કામે આંક ૨૪૬ આપવામાં આવે છે. સુપ્રિમ કોર્ટમાં સોગંદનામું દાખલ થયા બાદ, ખાસ તપાસ ટીમ સમક્ષ અમોએ, અરજી કરેલ તેની નકલ માર્ક ૭૪/૯૩ થી રજુ છે, સદર અરજી સામે આંક આપવા અંગે વિ.વ.શ્રી એચ.એ. ઢગટ અને સી.કે. પટેલના વાંધા નોધ્યા. સદર અરજી ઝેરોક્ષ કોપી હોય, તેને આંક આપી શકાય નહિ. તેમજ તે અરજી નહિ પરંતુ સાહેદ તરફ ત. ક. અ. રૂબરૂ સહી કરેલુ નિવેદન હોય તેને આંક આપી શકાય તેમ નથી. જ્યારે સ્પે.પી.પી. શ્રી ત્રિવેદી તરફે રજુઆત મુજબ એસ.આઈ.ટી. સમક્ષ તપાસ બાબતે કોઈ જ પ્રકારનો વાંધો હોય તો તે જાહેર કરવા માટે સાહેદોને જણાવવામાં આવેલ હોય, તેના અનુસંધાને સાહેદ તરફે એસ.આઈ.ટી.ને અરજી લખીને તેમનું વિશેષ નિવેદન જણાવવામાં આવેલ, જેથી માર્ક ૭૪/૯૩ એ સાહેદનું નિવેદન નથી, પરંતુ, તપાસ માટે મોકલવામાં આવેલી અરજી હોય તેને આંકે પાડી શકાય તેમ છે.

બંન્ને પક્ષકારોની રજુઆતને લક્ષમાં લઈ, દેખીતી રીતે, નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ રીટ પીટીશનના આધારે ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવેલ, અને તેના અનુસંધાને ઓડ મુકામે થયેલા બનાવમાં અસર પામેલા લોકોને કોઈપણ પ્રકારની તપાસમાં થયેલી ખામી કે વાંધા બાબતે રજુઆત કરવા એસ.આઈ.ટી.

સમક્ષ હાજર રહેવુ એવુ નિર્દેશ કરવામાં આવેલ, અને તે હુકમના અનુસંધાને સાહેદ કે જેઓ અસર પામેલ વ્યક્તિ હતા, તેઓએ એસ.આઈ.ટી. સમક્ષ તેમના નિવેદન લેવા માટે અરજી મોકલેલી છે તે અરજીની હકીકત ઉપરથી ફલિત થાય છે, અને તે નિવેદન સ્વરૂપમાં હોય તેવુ જાહેર થતુ નથી. તેથી ૭૪/૯૩ એ નિવેદન છે, તેવો વાંધો ગ્રાહ્ય રાખવા પાત્ર નથી, પરંતુ ૭૪/૯૩ એ અરજી એ ઝેરોક્ષ કોપી છે, તે હકીકત નકારી શકાય તેમ નથી તે અરજીની અસલ રેકર્ડ પર આવે તે જરૂરી છે, અને તે બાબતે ખાસ તપાસ ટીમના અધિકારી દ્વારા કોર્ટ રૂબરૂ તેની અસલ કોર્ટ રૂબરૂ રજુ કરી શકાશે તેમ જણાવવામાં આવેલ છે તેથી, નિ.૭૪/૯૩ને હાલતના તબક્કે, અસલ આવ્યે ત્યાં સુધી આંક આપવામાં આવતો નથી. અસલ રજુ થયેથી તેને આંક આપવામાં આવશે, એવો નિર્ણય કરવામાં આવશે.

એસ.આઈ.ટી.માં અમોએ જે અરજી કરેલી, તેના અનુસંધાને, એસ.આઈ.ટી.ના અધિકારીને અમારૂ નિવેદન નોંધેલ નુરીબેન, આઈશાબેન, અને કાદરભાઈ બનાવમાં ગુજરી ગયેલા, તે સિવાય ઈદ્રીશ, ફીરોજ માતરવાળા, ફીરોજ કપડવંજવાળા, મારા ભીખાકાકા ઉર્ફે ફકીરમહંમદ અને મારા બાપુ અબ્દુલભાઈ તેઓ બનાવમાં દાઝી ગયેલા. મારા મોટા બાપા અબ્દુલભાઈ બનાવ બાદ, બે – એક વર્ષ બાદ ગુજરી ગયેલા.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧</u>

૨૦૦૨ના વર્ષમાં મારી ઉંમર આશરે ૧૮, ૧૯ વર્ષની હતી. અમારા ઘરમાં મારા માતા પિતા, અને હું અને બે ભાઈઓ રહેતા હતા.

<u>ઉલટ તપાસ પેજ નં.૯, પેરા નં.૧</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી શીવસદનમાં તેમની સાથે કઈ કઈ વ્યક્તિઓથી અને આદમ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૨</u>

પોલીસે અમોને, ફરીયાદ વાંચી, સંભળાવેલી નહિ અમે ફરીયાદ આપી, પોલીસે લખેલી અને તેમાં સહી કરવાનું કહેતા,અમોએ તેમાં સહી કરેલી. પોલીસને

મે ફરીયાદ આપી અને પોલીસે મારા લખાવ્યા મુજબ ફરીયાદમાં લખેલુ કે કેમ તે ફરીયાદ વાંચી – સાંભળેલ ના હોવાથી મને ખબર નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૯, પેરા નં.૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓની કેમ્પમાં તેમની ફરીયાદ લીધી અને તે વખતે તેમની સાથે તેમના ફળીયામાં કેટલા પ્રશ્નો હતા તે પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૦, પેરા નં.૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેમની ફરિયાદ લીધી તે વખતે તેમની સાથે કઈ કઈ વ્યક્તિઓથી અને આદમ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. કાદરભાઈ, નુરીબેન, આયશાબેનના બાબતે પ્રશ્નો પુંછવામાં આવેલ છે તેજ રીતના આદમ અને મરીયમબેન વિશે પણ પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૧, પેરા નં.૬</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓ કેમ્પમાં હતા ત્યારે તેમની સાથે તેમની ઘરની કઈ કઈ વ્યક્તિઓ હાજર હતી તે અંગે પ્રશ્નો પુંછેલ છે તેમની ફરિયાદ લીધી તે સમયે તેમના પિતાજીની હાજરી ત્યાં હતી તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૧, પેરા નં.૯</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી બનાવ વખતે તેમના મકાનમાં તેમની સાથે કોણ કોણ રહેતુ હતું તે અંગેનું પ્રશ્ન પુંછવામાં આવ્યું હતું શીવસદનના મકાનની ભૌગોલીક તથા તેની ચાવી અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે તેજ રીતના શીવ સદનમાં આવેલા દાદરા અંગેની પરિસ્થિત પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૫, પેરા નં.૧૧</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને પોલીસ સાથે ઓડ મુકામે બનાવવાળા સ્થળે પંચનામું કરેલું તે અંગે તથા આયશાબેન અને નુરીબેનનો બનાવ બન્યો તે અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને પંચનામામાં જે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ તે અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે તે જ રીતે આ સાહેદે તા.૭-૩-૨૦૦૨ના રોજના વધારાના જવાબ લીધો તે અંગેના પ્રશ્નો પુંછેલ છે તેમની ફરિયાદ લીધી તે સમયે તેમના પિતાજીની હાજરી ત્યાં હતી તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૫, પેરા નં.૧૨</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને પંચનામાંના સમય અને સ્થળ વિષે પ્રશ્નો પુંછવામાં આવેલ છે તેમજ પંચનામ વખતે કઈ કઈ વસ્તુઓ કબ્જે લીધેલ તેમજ બનાવવાળા સ્થળના રૂમના માપ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને તેમની સાથે તે સમયે કોણ કોણ હાજર હતુ તે અંગે પ્રશ્નો પુંછેલ છે અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૭, પેરા નં.૧૩</u>

મારા જણાવ્યા મુજબ મે શીવસદનની બારીમાંથી બનાવ જોયેલો. મે ત્રીજ માળની બારીમાંથી બનાવ જોયેલો. ત્રીજો માળ એટલે ભોંયતળીયે થી ઉપર બીજો માળ. શીવસદનના ભોંયતળીયાના માળે ઘાસના પુળા ભરેલા. પહેલા માળે રૂમો છે કેટલા રૂમો છે તે મને ખબર નથી. બીજા માળે કેટલા રૂમ છે તે પણ મને ખબર નથી. પરંતુ એક રૂમ અને બારી મે જોયેલી. શીવસદનમાં અમે કેટલો વખત રહેલા તેમાં બીજા માળે બારીવાળા રૂમમાં રહેલા તેમ જ થોડીવાર માટે બીજા માળે નીચેના રૂમમાં આવી ગયેલા એ વાત ખરી છે કે શીવસદનના મકાનમાં વર્ષોથી કોઈ રહેતુ ન હતું. બનાવ વખતે ત્યાં કોઈ રહેતું ન હતું.

સ.શીવસદનનું મકાન વપરાશ વગરનું હતુ તે અંગે શું કહેવુ છે.

જ. અમે તે વાપરતા હતા અને સાફ સફાઈ કરતા હતા તે અમારી વપરાશ.

બે દિવસ અને બે રાત અમે શીવસદનમાં રોકાયા. ત્યાં અમે કુદરતી હાજતે ગયેલા અમારી સાથે જેટલા લોકો શીવસદનમાં રોકાયેલા તેમાંથી કોઈ કુદરતી હાજતે ગયેલા કે કેમ તે મને ખબર નથી. હું શીવસદનમાં રોકાયા દરમ્યાનમાં કુદરતી હાજતે ગયેલી નહી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૮, પેરા નં.૧૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને કાદરના બનાવના સમય અંગે સ્થળ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે તથા  કાદરની લાશના વર્ણન અને સ્થિતિ અંગે પ્રશ્નો પુંછેલ છે તેમજ કાદરના બનાવની આજુબાજુની જગ્યાના મકાનો અંગેની પરિસ્થિતિના પ્રશ્નો પુંછવામાં આવેલ છે તેમજ પોલીસના પોઈન્ટ વિશે પ્રશ્નો પુંછેલ છે. તે અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

સદર ફરીયાદી બનાવ વખતે શીવસદનમા તેમના માતા પિતા તથા અન્ય કુટુંબીજનો સાથે હાજર હતા. અને ત્યાથી સદર ફરીયાદીએ સંપુર્ણ બનાવ જોયેલ છે. અને તેમની સાથે શીવસદનમાં હાજર અબ્દુલભાઈ યાકુબભાઈ, આયશાબેન, નુરીબેન, ઈદ્રીશ, ફકીરમંહમદ, ફીરોજ કપંડવંજ તથા ફીરોજ માતરવાળાના ઓ ચા પીવા માટે અબ્દુલભાઈના મકાનમાં ગયેલા તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને અબ્દુલભાઈના મકાનને આગ લગાડેલ હતી. અને આ અબ્દુલભાઈ મકાનમાં હાજર ઉપરોક્ત માણસોને જીવતા સળગાવી માંગવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો. અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ ફરીયાદીની મોટી બા  આયશાબેન તથા નુરીબેનને અબ્દુલભાઈના ઘરમાં જ જીવતા સળગાવી દેવામાં આવેલ અને તેમજ કાદરભાઈ નાઓને શીવસદનના ગેઈટની બહાર ખુલ્લી જગ્યામાં આ તોફાની ટોળાએ જીવતો બાળી નાખવામાં આવેલ. તેથી આ આયશાબેન તથા નુરીબેન અબ્દુલભાઈના મકાનમાં જ મૃત્યુ પામેલ હતા અને કાદરભાઈ નાઓ જયેશભાઈના ઓટલા ઉપર મરણ પામેલ. અબ્દુલભાઈના મકાનમાં હાજર બીજા માણસો અબ્દુલભાઈ પોતે તથા ઈદ્રીશ, ફકીરમંહમદ, ફીરોજ માતરવાળા, ફીરોજ કપડવંજ નાઓ ઈજા પામેલ હતા. આ તમામ હકીકત આ ફરીયાદીની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી તેમજ ૨૦૦૨ ના સમય

દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે.અને આ સાહેદનુ તા.૭.૩.૨૦૦૨ના રોજ સી.પી.આઈ.ભુવા એ વધારાનુ નિવેદન લીધેલ છે. અને તે નિવેદન અંગે આ સાહેદ તેમની સરતપાસમાં તે અંગે જણાવેલ નથી. અને તે દિવસે તેમનું વધારાનુ નિવેદન પણ લીધેલ નથી. જ્યારે આ નિવેદન બાબતે આ સાહેદની બચાવ પક્ષ તરફથી ઉલટ તપાસના પેરા નં. ૧૧ અને પેજ નં. ૧૫ ઉપર આ નિવેદન અંગેના પ્રશ્નો પુછવામાં આવેલ છે. અને આ સાહેદે તે અંગે સ્પષ્ટપણે જણાવેલ છે કે તેમનુ તા.૭.૩.૨૦૦૨ નો નિવેદન લેવામાં આવેલ નથી. તે નિવેદનમાં મરણ જનાર વ્યક્તિઓની જગ્યા અલગ અલગ બતાવેલ છે. આમ ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીની તપાસ ખામી યુક્ત અને આરોપીઓને લાભ મળે તે રીતની હતી. તે પણ તપાસ કરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. અને આજ કારણોસર આ સાહેદે ૨૦૦૨ના તપાસ કરનાર અધિકાર સામે શંકા વ્યક્ત કરેલ હતી અને તે અંગેની શીટના ચેરમેન શ્રીને આંક ૨૪૮ થી થયેલ અરજી કરેલ હતી અને તેમાં પણ આ સાહેદે તપાસ કરનાર અધિકાર સામે શંકા દર્શાવેલ છે અને તે અંગે તેઓને સદર કામની તપાસને દુર રાખવામાં આવેલ તે જણાવેલ છે અને તે તમામ હકીકતો આ સાહેદે તેમની જુબાનીના પાના નં.૬ અને પેરા નં.૪માં જણાવેલ છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના (૪) તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ જે તે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાના સગાઓને નજરની સામે ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખતા જોયેલ છે. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવા કે યુસુફભાઈ યાકુબભાઈ વોરા, ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા, સમીરભાઈ અબ્દુલભાઈ વોરા, વિગેરે હાજર હતા અને બનાવ બન્યો તે વખતે ઈદ્રીશભાઈ, ફકીર મંહમદ, ફીરોજ કપડવંજ, ફીરોજ માતરવાળા વિગેરે સાહેદો ની જુબાની ને તથા બનાવ અંગેની વાતને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર

સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

( ૨ ) આ કામમાં સાહેદ યુસુફભાઈ યાકુબભાઈ વોરા ને સાહેદ નં.૨૪ અને આંક-૨૪૯ થી તા.૧૩/૩/૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૩માં નીચે મુજબ ની હકીકત જણાવેલ છે કે,

<u>સરતપાસ પેજ નં.૧,પેરા નં.૩</u>

તા.૧/૩/૦૨ના રોજ શુક્રવારનો દિવસ હતો, ગામમાં ઘણો બધો ભય હતો. ૧૨-૦૦ થી ૧૨-૩૦ નો સમય હતો. અમે નમાઝ પઢવા માટે મસ્જીદમાં જવાના હતા પરંતુ મોલ્વી સાહેબ ન હતા, મોલ્વી સાહેબ રજા ઉપર હતા અને હું ઘર બહાર ચોકમાં ઉભો હતો ત્યારે ચાર – પાંચ માણસો અમારા ગામના મળવા માટે આવેલા અને તેઓએ કહેલ કે અમે ગામમાં સરઘસ કાઢવાના છીએ કશુ થવાનું નથી. તમો ઘરમાં રહેજો જે માણસો આવેલા તેઓ અમારા ગામના હતા. અને તેઓને મેં ઓળખેલા તેમાં (૧) હરીશભાઈ વલ્લભભાઈ (૨) નટુભાઈ સતાભાઈ (૩) આશાભાઈ રામાભાઈ હતા. અને બીજા ચાર પાંચ જણા હતા પરંતુ તે હાલ મને યાદ નથી. જ્યારે ત્રણ જણાના નામો મને ખબર છે. તે લોકોને જેના નામો મેં આપેલા તેઓનો હાલ ઓળખી શકું હું મારા ભાઈ અબ્દુલભાઈ તથા ફળીયાનો છોકરો સબુરભાઈ તેઓ હાલ ગુજરી ગયેલ છે તેઓ નમાઝ પઢવા માટે મસ્જીદમાં ગયેલા નમાઝ પઢીને અમો ઘરે આવેલા ઘરે કંઈ હતું નહી. જેથી હું અને અબ્દુલભાઈ શીવસદનમાં ગયેલા ગામમાં બુમો પડતી હતી, ચીસો પડતી હતી ભય જેવો વાતાવરણ હોવાથી હું અને અબ્દુલભાઈ શીવસદનમાં ગયેલા હું શીવસદનમાં ગયેલો ત્યારે મારી પત્નિ જુબેદાબેન મારી દિકરી રેહાના મારી કાકી મરીયમ બેન તથા નુરીબેન તથા ભીખાભાઈ ઉર્ફે ફકીરમહંમદ, ઈદ્રીશભાઈ, સમીર, મારો ભાણો ફીરોજ કપડવંજવાળો તે લોકો સાથે બેઠા હતા. થોડીવાર પછી મારા મોટાભાઈ અબ્દુલને ચા પીવાનુ મન થયું. એટલે મારા ભાઈ અબ્દુલ, મારા ભાભી આયશાબેન, મારી કાકી નુરીબેન, મારો ભત્રીજો ઈદ્રીશ, ભાણો ફીરોજ-કપડવંજવાળો, ફકીરમંહમદ બધા નીચે ચા પીવા માટે ઉતરેલા. હું મારા પત્નિ જુબેદા, મારી દીકરી રહેના, મારા કાકી મરીયમબેન, અને નુરમહંમદ અમો બધા ઉપર શિવસદનમા બેસી રહેલા. દોઢ-પોણા બે વાગ્યાના સુમારે વાટા બાજુએથી

એક ટોળુ, ૫૦૦ માણસોનુ હાથમા મારક-હથિયારો, કાકડાઓ, સળગતા-કાકડાઓ, કેરોસીનના ગેલેનીયાઓ, લાકડીઓ, ધારીયુ વિગેરે.... લઈને અમારી ગલી બાજુએ આવેલા, બહાર ગોદડાઓનો ધોડો હતો, તે ધોડો, ગોદડા પાડી તેને સળગાવી, સળગતા ગોદડા પતરા, ઉપર દરવાજા ઉપર નાખેલા, તેમજ પાઉચ પતરાં ઉપર ફેકેલા, અને અમારા ધરને સળગાવેલ. તે ટોળામાંથી, મે અમુક જણાને ઓળખેલા તેમા હરિશભાઈ વલ્લભાઈ, તથા નટુ સતા, પ્રકાશ જમાનાદાશ, મિનેષભાઈ પુનમભાઈ, વસંત પુનમભાઈ, મહેશ ઉર્ફે ટીનો ગોપાલદાસ, નીલેષ મણીભાઈ, દિલિપ રણછોડભાઈ, વિનુભાઈ રણછોડભાઈ, સમીરભાઈ દીનુભાઈ, તેઓને ઓળખેલા. તે ટોળામા કોની પાસે કયુ હથિયાર હતું. તે ઘણો સમય થઈ ગયેલો હોવાથી હાલમા મને તે યાદ નથી. પરંતુ તેઓ ફૌજમાં નોકરી કરતા હોય તેમની સાથે બીજા માણસો ટેમ્પોમા ભરીને, આવેલા અને તે ટેમ્પામાં અમારા ઘરનો બધો માલ - સામાન નાંખી, ભરીને તેઓ લઈ ગયેલા, તે પણ અમોએ જોયેલ. તે સિવાય બીજા ટોળાના માણસો, જેઓએ ધર સળગાવેલુ, તેઓએ ઘર સળગાવેલુ પરંતુ, તેઓના નામ મને યાદ નથી. અમારા ઘરે જે ટોળુ, સરઘસ કાઢવાના છે, અને ઘરમાં રહેજો, તેવુ કહેતું હતુ, તેમા જે માણસો હતા,તેઓને હું ઓળખી શકુ છું. સાહેદ, ઘણાં આરોપીઓ હોય તેઓ નજીકમાં જઈ આરોપીઓને ઓળખવાની પરવાનગી માંગતા, તેમજ આરોપી પક્ષે પણ તે બાબતે કોઈ વાંધો ના હોય, સાહેદને આરોપીઓની નજીકમાં જઈને, આરોપીઓને ઓળખી બતાવા માટે પરવાનગી આપવામાં આવે છે. જે ટોળામાંના વ્યક્તિ ઘરે રહેજો, અમો સરઘસ કાઢવાના છીએ, તે વ્યક્તિઓમાંથી સાહેદ, કેસરી શર્ટ પહેરેલા એક વ્યક્તિને આરોપી પૈકી ઓળખી બતાવી તેઓનુ નામ હરિશ વલ્લભ જણાવે છે. કોર્ટ દ્વારા તેનું નામ પુછતા હરીશ વલ્લભ જાણવા મળે છે. જ્યારે અન્ય નુટ સતાભાઈ, આશાભાઈ રામાભાઈ કોર્ટમાં નથી, તેવુ જણાવે છે. સાહેદ કોર્ટ રૂબરૂ જે ટોળાએ મકાન સળગાવા માટે આવેલા તે ટોળામાં જે વ્યક્તિઓ હતા તે પૈકી આઠ જણાને આરોપી તરીકે ઓળખી બતાવે છે. તેમાં એક નું નામ હરિશ વલ્લભ બતાવે છે જે કોર્ટ દ્વારા પુછવામાં આવતા તેઓ તેજ છે. બીજાનું નામ મહેશ ઉર્ફે ટીનો ગોપાલદાસ જણાવે છે, તેઓતે વ્યક્તિને ટીનુભાઈ રણછોડભાઈ તરીકે ઓળખી બતાવે છે તેનું નામ કોર્ટ દ્વારા પુછવામાં આવતા તેનું નામ વિનુભાઈ રણછોડભાઈ હોવાનું જણાવે છે. સદર એક આરોપીને દિલીપ રણછોડભાઈ તરીકે ઓળખી બતાવે છે, તેનુ નામ દીલીપ

રણછોડભાઈ હોવાનું જણાવે છે. એક આરોપીને પ્રકાશ જમનાદાસ તરીકે ઓળખી બતાવતા, તેનુ નામ પ્રકાશ જમનાદાસ જણાવે છે, સાહેદ એક વ્યક્તિ તે નિલેષ મણીભાઈ તરીકે ઓળખી બતાવે છે, તે વ્યક્તિનું નામ પુછતા તે વ્યક્તિ પોતાનુ નામ નિલેષ મણીભાઈ જણાવે છે. જ્યારે સાહેદ દ્વારા બે આરોપીઓને મોઢેથી ઓળખી બતાવે છે, તે બંન્ને આરોપીઓ ટોળામાં હતા, તેમ જણાવી એકનું નામ નિલેષ પુનમ, અને બીજાનું નામ વસંત પુનમ હોવાનું જાહેર કરેલ છે જેમાંથી કોણ નિલેષ પુનમ છે અને વસંત પુનમ છે તે જાહેર કરી શક્તા નથી, પરંતુ તેઓ બંન્ને ભાઈઓ ત્યાં હજાર હતા, તેવું જણાવતા હોય તેઓન નામ પુછતા તેઓ બંન્ને આરોપીઓને નામ પુછતા, ટી-શર્ટ પહેરેલ વ્યક્તિ વસંત પુનમભાઈ અને લાઈનીંગવાળી વ્હાઈટ શર્ટ પહેરેલ વ્યક્તિનું નામ મનીષભાઈ પુનમભાઈ હોવાનું કોર્ટ ને જાણવા મળે છે. જે ફોજી તરીકેની વ્યક્તિને ઓળખે છે, તે ટેમ્પોમાં ટોળા સાથે આવી, ઘરનો સર-સામાન લઈ ગયેલ તે કોર્ટ રૂબરૂ હાજર છે, તે ફોજી તરીકે સાહેદ તે વ્યક્તિને ઓળખી બતાવે છે. સદર વ્યક્તિનું નામ પુછતા, પુનમ ડાહ્યાભાઈ હોવાનું કોર્ટને જાણવા મળે છે, અને ગામમાં તેઓને ફોજી તરીકે ઓળખે છે. તેવુ જણાવે છે. ટોળું અમારે ઘરે આવેલ તે વખતે અમોને બચાવો બચાવોની ચીસો ઘરો સળગાવવા લાગેલા હોય સંભળાયેલ. તે ટોળુ આવ્યુ અને ઘરો સળગાવેલા અને અમારા સરસામાન લઈ જતા જોયેલું તે તમામ શીવસદનમાંથી જોયેલ તે બનાવ એક કલાક ચાલેલો ત્યારબાદ તે ટોળું જતું રહેલુ.અમારો ભાણો, ફીરોજ માતરવાળોને પણ પતરું તોડી બહાર કાઢેલા, તે અમોએ ઉપરથી જોયેલ સાંજના પાંચેક વાગ્યાના સુમારે મેં મારો ભાણો ફીરોજ કપડવંજ વાળો, ઈદ્રીસ, ફકીરમોહંમદ તેઓ નુરમોહંમદના મકાનમાં સંતાવવા ગયેલા. જ્યારે મારા મોટાભાઈ અબ્દુલભાઈ અને ફીરોજ માતરવાળો એ બાબુભાઈના મકાનમાં પતરું તોડી તમાકુના ઢગલા પાછળ સંતાઈ ગયેલા, તે હકીકત મેં જોયેલ. સાંજે પાંચ સાડા પાંચ વાગ્યાના અરસામાં જે ટોળું જતું રહેલુ તે અમારા ઘર બાજુએ પાછુ આવેલ અને બુમો પાડતા હતા કે કોઈ રહી ગયેલ હોય તો કાપી નાંખો, મારી નાંખો, જીવતા સળગાવી દો એવી બુમો તેઓ પાડતા હતા. તે વખતે નગરપાલીકાનું પાણી આવતા કાદરભાઈના પગ દાઝી ગયેલા હોઈ અને ફોલ્લા પડી ગયેલા હોય અને તેઓ પગને પાણી નીચે મુકવા માટે બહાર નીકળેલા તે વખતે નટુભાઈ સતાભાઈ કાદરભાઈને જોઈ ગયેલ અને કાદરને નટુભાઈ સતાભાઈ કાદરને કહેલ કે કાદર તું બહાર આવી

જા તારે  જવુ હોય તો જતો રહે તને અમે કંઈક કરીશું નહી. જેથી કાદરભાઈ બહાર જવા નીકળેલા તેઓને ટોળાએ ઘેરી લીધેલો ટોળાના માણસોએ લાકડીના ડંડા મારેલા તેમજ લાતો મારતા જોયેલા તેમજ પાઉચ માંથી પીચકારી પણ મારેલી. અને પછી તેને સળગાવેલા તેમજ તેને મારી મારી અર્ધ બેભાન કરી દીધેલો. કાદરભાઈનો તે બનાવ શીવસદનના ઝાંપા પાસે જયેશભાઈનું ઘર છે તે ઓટલા પાસે ખુલ્લી ચાર-પાંચ ફુટની જગ્યામાં બનાવ બનેલો. કાદરભાઈને મારવાનો બનાવ જયેશભાઈના મકાનનો ઓટલો અને શીવસદનના ઝાંપા વચ્ચે બનેલા. ટોળાએ કાદરભાઈને સળગાવી દીધેલ પછી જતા રહેલા તે અમોએ ત્રીજા માળથી જોયેલ આયશાબેન અને નુરીબેન જેઓ શીવસદનમાંથી ઘરે ચાલી ગયેલ તેઓ ઘરમાં જતા અને તેઓની બુમો અમોએ શીવસદનમાં સાંભળેલ તેઓની બચાવો બચાવોની બુમો અમોને સંભળાતી હતી. અમો બુમો સાંભળતા હતા પરંતુ અમોને બીક લાગતી હોય અમો ત્યાં ગયેલા નહી. આ ચીસો અમોએ ચાર પાંચ વખત સાંભળેલી પછી ચીસો બંધ થઈ ગયેલ. મોડી સાંજે રાત્રે બાર સાડા બાર કલાક પછી વાતાવરણ શાંત થતા અમો શીવસદનમાંથી નીચે ઉતરેલા અને બાબુભાઈના ઘરે ગયેલા ત્યાં ફીરોજ માતરવાળો, અબ્દુલ મારો ભાઈ તથા મારો ભત્રીજો ઈદ્રીસ, ફીરોજ કપડવંજ વાળો મારા કાકાનો દિકરો ફકીરમોહંમદ તેઓ બધા ત્યાં બાબુભાઈના ઘરમાં સંતાઈ રહેલા. સવારે પાંચેક વાગ્યાના સુમારે ફરીથી ટોળુ બેટરીઓ લઈને સળગતા કાંકડા લઈને આવેલું અને કોઈ રહી ગયેલ છે તેઓને પકડીને મારી નાંખો તેવી બુમો પાડતા હતા. અને બેટરીનો પ્રકાશ નાંખી શોધતુ હતું. અને આ વખતે અમો બધા ખુબ ગભરાઈ ગયેલા હોઈ અમારા પૈકી ફીરોજ કપડવંજ વાળો અને ફકીરમોહંમદ ગફુરભાઈ વધુ ગભરાઈ ગયેલા હોઈ તેઓ બાબુભાઈના ઘરના માળ ઉપર રતનભાઈ ભાડેથી રહેતા હતા. તેના મેડા ઉપર જઈને સંતાઈ ગયેલા. ટોળુ ચાલ્યુ ગયેલું અને બીલકુલ શાંતી થઈ ગયેલી, બાદ હું મારી દિકરી રેહાના, પત્નિ જુબેદા, મારો ભત્રીજો ઈદ્રીસ, મારો ભાણો ફીરોજ માતરવાળો, મારી કાકી મરીયમબેન, મારોભાઈ કાકાનો દિકરો નુરમોહંમદ અને મારો ભાઈ અબ્દુલભાઈ અમો આઠ જણા પાછા શીવસદનમાં ચાલ્યા ગયેલા. અમો શીવસદનમાં બેસી રહેલા અને અમારા ઘરોમાં લુંટફાટ ચાલતી હતી તે બધુ જોઈ રહેલા ત્રીજા દિવસે સાંજે મોડી રાત્રે અમો શીવસદનમાં રહેલા આઠેય જણા શીવસદનમાંથી નીકળી કબીર મંદિરના રસ્તે થઈ, ખેતરોમાં થઈ, સ્મશાન થઈને

સુરેલી ગામે પહોંચી ગયેલા, સુરેલી ગામે અમો અઝાન વખતે પહોંચેલા સુરેલી કેમ્પ હતો ત્યાં અમો રહેલા કેમ્પમાં જે અમારી સાથે દાઝી ગયેલા વ્યક્તિઓ હતા. તે લોકોને ટ્યુબો લગાડીને બીજા દિવસે દવાખાને લઈ જશે તેવું કેમ્પ વાળાએ જણાવેલું અને ત્યાં રાખેલા. બાદ સોમવારના દિવસે હું અમારા જોડે ત્રણ દાઝેલા હતા. તે અબ્દુલભાઈ યાકુબભાઈ, ફીરોજ માતરવાળો, ઈદ્રીસને દવાખાને લઈ ગયેલા અમારી સાથે સુરેલી કેમ્પમાંથી બીજા બે ત્રણ જણા પણ ગયેલા. તેઓને ઉમરેઠ સરકારી દવાખાને લઈ ગયેલા હું ઉમરેઠથી ઈજા પામનારને સરકારી દવાખાને દાખલ કરી બીજા દીવસે સુરેલી મુકામે પરત આવેલ દવાખાનેથી અમો સુરેલી કેમ્પમાં પરત આવ્યા ત્યારે સુરેલી કેમ્પમાં પોલીસ જોયેલ મેં જાણેલું કે રેહાનાએ બનાવ સંબધે ફરીયાદ આપેલ છે. રેહાનાની ફરીયાદના આધારે પોલીસે અમારો જવાબ લીધેલો. એ ક્યાં કયા પોલીસના સાહેબ હતા તે ઘણો સમય થઈ ગયેલો હોવાથી હાલ મને ખબર નથી કયા સાહેબે જવાબ લીધેલ તે મેન ખ્યાલ નથી પાછળથી મે જાણેલ કે તેઓ ભુવા સાહેબ હતા, મને મારી દિકરીને ગાડીમાં બેસાડીને ઓડ લઈ જવામાં આવેલ ત્યાં મેં તે ભુવા સાહેબ છે તેવું જાણેલ. અમારો જે માલ સામાન ચોરાઈ ગયેલો તે બાબતની હકીકત જાણવા માટે ઓડ ગામે અમોને લઈ ગયેલા પરંતુ તે કાંઈક કહેલ નહી ત્યાં બેસાડી રાખેલા અને પરત લઈ આવેલા.

<u>સરતપાસ પેજ નં.૬,પેરા નં.૪</u>

અમોએ સુપ્રિમ કોર્ટમાં સોગંદનામું કરેલ તે સોગંદનામું આંક-૩૫/એ/૩ વાળું મને બતાવવામાં આવે છે તે તેજ છે જેમાં મારી સહી છે. આ સોગંદનામું અમોએ અમદાવાદ મુકામે કરેલ અમોએ સોગંદનામામાં બનાવની હકીકત લખાવેલી. તેમજ અમોએ સી.બી.આઈ. તપાસ જોઈએ અને અમારો કેસ ગુજરાત બહાર ચાલવા જોઈએ એવી હકીકતો તેમાં લખાવેલ તે સિવાય બીજું કાંઈ લખાવેલ નહી. અને અમોને ન્યાય મળે તેવી અપેક્ષા સોગંદનામામાં જાહેર કરેલ સોગંદનામું અંગ્રેજીમાં લખેલ હતું. પરંતુ અમોને વાંચી, સંભળાવવામાં આવેલ હતું અને તેમાં લખેલ હકીકતો બધી બરાબર હોઈ તેમાં મેં સહી કરેલી રેહાના અમોએ સોગંદનામું

કરેલુ તે વખતે સાથે હતી. સોગંદનામું આંક-૩૫/એ/૩ વાળુ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે આંક આપવા સામે વાંધો છે તેઓ જણાવે છે સોગંદનામાંને આંક આપવા સામે વાંધો નોંધાવેલ છે અને તે સોગંદનામું જેની સામે કરવામાં આવેલ છે જ્યાં સુધી આંક આપવામાં ન આવે ત્યાં સુધી તેને વંચાણે લઈ શકાય નહી, હાલના તબક્કે સોગંદનામામાં લખેલી હકીકત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય કે કેમ ? અને તેની માન્યતા પુરાવામાં કેટલી છે તેનો નિર્ણય સમગ્ર પુરાવાના અંતે કરી શકાય છે. તેથી હાલના વાંધા સાથે આ કામે માર્ક-૩૫/એ/૩ વાળા સોગંદનામાને દાખલ આંક ૨૫૦ આપવામાં આવેલ છે. સુપ્રિમ કોર્ટના હુકમ અનુસાર ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવેલ અને તેઓ સમક્ષ અમોએ અરજી કરેલ તે અરજી માર્ક-૭૪/૯૪ વાળી મને બતાવવામાં આવે છે તે આખી અરજી ઝેરોક્ષ છે પરંતુ તેમાં મારી અસલ સહી છે. તે અરજીમાં મને ભુવા સાહેબ અને પટેલ સાહેબ ઉપર વિશ્વાસ ન હતું અને તેઓને તપાસમાં દુર રાખવામાં આવે તે બાબતે અમોએ અરજી કરેલી અને અમારા કેસના અમોને ન્યાય મળે એવી વિનંતી અમોએ કરેલ. માર્ક-૭૪/૯૪ મને બતાવવામાં આવે છે તેમાં મારી અસલ સહી છે. જે આ કામે દાખલ આંક—૨૫૧ મારી એસ.આઈ.ટી. ની તપાસ માં એસ.આઈ.ટી.ના અધિકારીએ અમોને ફરીથી સ્થળ ઉપર લઈ ગયેલા તે જગ્યાએ અમોએ બનાવ જોયેલ તે જગ્યા બતાવેલ તેમજ તે જગ્યાઓના ફોટા પાડવામાં આવેલા જે ફોટાઓનું આલ્બમ માર્ક-૭૪/૯૮ થી આ કામમાં રજુ છે. તે મને બતાવવામાં આવે છે. માર્ક-૭૪/૯૮નો પહેલો ફોટો છે. તે શીવસદનના ઝાંપાનો છે અને જે ખુલ્લી ચોક વાળી જગ્યા છે તે કાદરના બનાવવાળી જગ્યા છે. બીજો ફોટો છે તેમાં જે ઝાંપો છે તે બાબુભાઈના મકાનનો ઝાંપો છે જે ત્રીજા નંબરનો ફોટો છે તે શીવસદનના ઝાંપાનો છે અને તે શીવસદનની બિલ્ડીંગનો છે અને તેમાં બારીઓ દેખાય છે તે ત્રીજા નંબરની બારીમાંથી ફોટો લીધેલા ચોથો ફોટો પણ શીવસદનના બિલ્ડીંગનો અને ઝાંપાનો છે તેમાં શીવસદનના ત્રીજા માળે આવેલી બારી દેખાય છે. સાહેદ જણાવે છે તે બારીમાંથી અમોએ બનાવ જોયેલ. ફોટા નં.૫ માં બાબુભાઈના મકાનનું બાથરૂમનો દરવાજો દેખાય છે અને ત્યાં પાણીની ચકલી આવેલ છે. છઠ્ઠો ફોટો એ શીવસદનના ઝાંપાનો છે સાહેદ જણાવે છે કે મેઈન ગેટમાં ડોકા બારી આવેલ છે, તેનો ગેઈટ છે અને તે બંધ છે. સાતમો ફોટો બાબુભાઈ ના મકાનનો સળંગ દિવાલ, અને તેમના ઝાંપાનો છે. અને પાછળ શીવસદનની બિલ્ડીંગ છે. તેમજ તે બાબુભાઈના મકાનની

ગેટ પાસે હું ઉભેલો છું. આઠમો ફોટો તે બાબુભાઈના મકાનની દિવાલ અને ઝાંપાની છે પાછળના ભાગે શીવસદનનું મકાન દેખાય છે તેમજ તે શીવસદનનો ઝાંપો છે. નવમાં નંબરનો ફોટો તે શીવસદનમાંથી લેવામાં આવેલ છે ત્યાં નીચે બાબુભાઈના ઘરનો ઝાંપો અને તેમના મકાનનું આગણું છે તેમાં શીવસદનના મકાનનો ઝાંપો અને શીવસદનના મકાનની અમુક ભાગની ખુલ્લી જગ્યા દેખાય છે. દસમાં નંબરનો ફોટો તે પણ શીવસદનના મકાનના ભાગેથી ઉપરના ભાગેથી લેવામાં આવેલ છે તેમાં બાબુભાઈના મકાનનો દરવાજો, દિવાલ, આંગણુ અને શીવસદનના મકાનનો ઝાંપો જણાઈ આવે છે. અગીયારમો ફોટો બાબુભાઈનો મકાનનો ગેટનો છે. તેમજ તેમાં આવેલ લેટ્રીન બાથરૂમનો ફોટો છે બારમાં નંબરનો ફોટો તે બાબુભાઈ અને શીવસદનની મકાનનો દિવાલનો છે. અને તે શીવસદનના મકાનમાં જવા માટેનો લાકડાનો દરવાજો છે. તેરમાં નંબરનો ફોટો શ્રી ખોડિયાર માતાજીનું મંદિર છે તેના બાજુમાંથી થઈ, રાત્રીના ખેતરમાં થઈ સુરેલી ગામે ગયેલા. અને ચૌદમો ફોટો તે મલાવ ભાગોળનો ચોક આવેલ છે તે છે . પંદરમો ફોટો તે શીવસદનમાં ઉપરના માળેથી તે ફોટો લેવામાં આવેલ તેમાં નીચે બાબુભાઈના મકાનનું આંગણું બાબુભાઈના મકાનનું સંડાસ બાથરૂમ દેખાય છે તે મને બતાવવામાં આવે છે તે તે જ છે હું પાંચ ચોંપડી ભણેલો છું હું ગુજરાતીમાં લખી વાંચી શકું છું. ઓડ મુકામે, મલાવ ભાગોળ, સુરીવાળી ભાગોળ, પીરાવાળી ભાગોળ, ઉમરેઠ વાળી ભાગોળ એમ કુલ ચાર ભાગોળ આવેલી છે.

આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને ઉલટ તપાસ દરમ્યાન તેમના ઘરમાં તથા તેમના ભાઈના ઘરમાં કોણ કોણ રહેતુ હતુ તે વિષેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. બંધના એલાન વિશેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. ઈજા પામનાર સારવાર માટે ઉમરેઠ મુકામે તે અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. ગામમાં પોલીસના બંધોબસ્ત અને પોલીસની ગાડીઓની અવર જવર વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. આ સાહેદને આ ૨૫૧ વાળી અરજી કે જે ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારી શ્રીની કામગીરી શંકાસ્પદ અંગેની કરેલ છે તે અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. આ સાહેદને એસ.આઈ.ટી.દ્વારા શીવસદન તથા સાહેદના મકાનોની આજુબાજુની સ્થિતિના ફોટોગ્રાફ પાડેલા હતા તે અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. આ સાહેદને શીવસદનની ભોગોલીક પરરિસ્થિતિ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને તેની  ચાવીઓ બાબતે પ્રશ્નો પુંછવામાં આવેલ છે તેજ રીતેના તેમના

મકાનોની બાજુમાં આવેલા બાબુભાઈ અને જયેશભાઈના મકાનોની સ્થિતિ અંગે અને તેમના મકાનની કંપાઉન્ડ વોલ વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. આ સાહેદે તો.દારોના નામો કેમ્પના માણસો દ્વારા નક્કી કરવા મુજબના નક્કી કર્યા મુજબના તો.દારોના નામ લખાવવામાં આવેલ છે તેવાં પ્રશ્નો પુંછવામાં આવેલ છે. તેજ રીતે આ સાહેદે પંચનામાં વિશે અને આયશાબેન અને નુરીબેનના બનાવ વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

સદર સાહેદે બનાવ શીવસદનમાંથી તેમની દિકરી એટલે કે આ કામના ફરીયાદી સાથે તથા તેમના પત્ની તથા અન્ય કુટુંબીજનો સાથે શીવસદનમાં હતા અને શીવસદનમાંથી સંપુર્ણ બનાવ જોયેલ છે. તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના પોતાના તથા અબ્દુલભાઈના મકાનને આગ લગાડેલ હતી. અને આ સાહેદના કુટુંબીજનોને જીવતા સળગાવી દેવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો. અને ટોળા દ્વારા કરવામા આવેલ આ હુમલામાં સદર સાહેદના સગા મોટા ભાઈના પત્નિ આયશાબેન અને તેમના કાકી નુરીબેનને તેમના મોટાભાઈ અબ્દુલભાઈના ઘરમાં ટોળા દ્વારા જીવતા સળગાવી દેવામાં આવેલ હતા. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી. તેમજ ૨૦૦૨ ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ શીવસદનમાં હતા તેમ જણાવેલ છે. જયારે ૨૦૦૨ ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છે કે, ટોળું આવતા અને ટોળાના માણસોએ મારા અબ્દુલભાઈ સ્ટવવાળી દુકાનને તોડતા હતાઅને મારા ભાઈનું મકાન તોડતા હોવાથી મકાનમાં મારાભાઈ અબ્દુલભાઈ તેમની પત્નિ આયશાબેન તથા તેમનો દિકરો ઈદ્રીશભાઈ તથા ભાણો સલીમભાઈ એ રીતના પાછળના દરવાજે થઈ વંરડો કુદી નાસી ગયેલા. આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદના મકાનમાં તેમજ આ સાહેદની બાજુમાં આવેલા અન્ય સાહેદોના મકાનમાં પાછળની બાજુએ કોઈ દરવાજો નથી કે બારી નથી કે કોઈ વરંડો નથી કે જેથી પાછળની બાજુએથી આ સાહેદોને નીકળી જવા માટે કોઈ રસ્તો મળે. આમ, ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં

આ સાહેદોના મકાનોની પછીતે વરંડો, બારી બારણાં દર્શાવેલ છે તે ખરી હકીકતે છે જ નહીં. તેમજ નામદાર કોર્ટે આંક ૪૫૧ ની અરજી ઉપર બનાવવાવા સ્થળની વિઝીટ તા ૧૨.૧૧.૧૧ કરી તે વખતે પણ બનાવવાળા સ્થળ પર જોતા આ સાહેદના મકાનની પછીતે કોઈ વરંડો છે જ નહીં કે ભુતકાળમાં પણ નહોતો તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ,૨૦૦૨માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબ જ ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના (૯) તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ જે તે તહોમતદારો એ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાના સગાઓને નજરની સામે ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખતા જોયેલ છે. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવાકે આ કામના ફરીયાદી રહેનાબેન તથા તેમની પત્ની જુબેદાબેન તથા બીજા અન્ય સાહેદો જોડે સદર બનાવ શીવસદન માથી જોયેલ છે. આમ સદર સાહેદની જુબાનીને શીવસદનમાં હાજર અન્ય સાહેદની જુબાની અને વાતને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

( ૩ ) આ કામમાં સાહેદ સમીરભાઈ અબ્દુલભાઈ વોરા ને સાહેદ નં. ૩૯ અને આંક - ૨૭૬ થી તા.૭.૬.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૧માં નીચે મુજબની હકીકત જણાવેલ છે કે,

<u>સર તપાસ પેજ નં.૧, પેરા નં.૧</u>

તા.૨૭/૨/૦૨ના રોજ ગોધરાકાંડ બનેલો તે વખતે હું ઓડ મુકામે મલાવ ભાગોળમા મારા માતા-પિતા અને ભાઈ સાથે રહેતો હતો. તે વખતે અમારી સાથે મારી બા આયશાબેન, મારા પિતા અબ્દુલભાઈ યાકુબભાઈ, મારો ભાઈ ઈદ્રીશભાઈ, મારો ભાણો સલીમભાઈ ગુલામનબી રહેતા હતા. મારા પિતા અબ્દુલભાઈ બનાવ બાદ ગુજરી ગયેલા. તા.૨૭/૨/૦૨ ના રોજ ગોધરા ખાતે ટ્રેનને સળગાવવામાં આવેલી તેના અનુસંધાને વિશ્વહિન્દુ પરીષદનાઓને તા.૨૮/૨/૦૨ ના રોજ બંધનુ એલાન આપેલુ અને તા.૧ ૩/૦૨/ ના રોજ શુક્રવારનો દિવસ હતો. હું સવારે નવ સાડા વાગે ચા નાસ્તો કરી ઘરની બહાર નીકળેલો તે વખતે ભાગોળ બાજુ ગયો ત્યાં વાતાવરણ તંગ જેવુ લાગતુ હતુ. તેથી હું ધંટીના ઓટલે અડધો પોણો કલાક બેસી રહેલો. ત્યારબાદ સાડા દસ-અગ્યાર વાગે મારા ઘર ખાવા ગયેલો. ત્યારબાદ હું જમીને મારા ભાણા સલીમભાઈ ગુલામનબીને લઈ શીવસદનમાં જતો રહેલો. ત્યારબાદ થોડીવાર પછી ખાઈ પીને મારા પિતા અબ્દુલભાઈ તેમજ મારા મમ્મી આયશાબેન શીવસદનમાં આવેલા. થોડીવાર પછી મારા પિતા અબ્દુલભાઈ એ ચા પીવા માટે ધરે ચાલ તેવુ જણાવેલું. અબ્દુલભાઈ, આયશાબેન અને મારો ભાઈ ઈદ્રીશભાઈ ચા પીવા ગયા તેઓની સાથે બીજા લોકો ગયેલા તે કોણ ગયેલા તે મને ખ્યાલ નથી. થોડીવાર પછી એક ટોળુ દોઢ પોણા બે વાગ્યાના સુમારે બુમો પાડતું આવેલુ સાલા બાંડીયાઓને મારી નાંખો, કાપી નાંખો તેવુ બુમો પાડતુ અમારા ધર બાજુ આવેલું. થોડીવાર પછી અમે શીવસદનના અગાસીમા બહાર જોવા નીકળેલા. ટોળાનાં હાથમા તીક્ષ્ણ હથીયારો, કેરોસીનના કાકડા, કેરોસીનના ડબલા સાથે ટોળું અમારા ધર આગળ આવેલું. થોડીવારમા ટોળાના માણસોએ કેરોસીન મારા ધર પર નાખી દીધેલુ અને ધરને સળગાવેલુ તે વખતે મે ટોળના માણસોને જોયેલા. એ ટોળાના માણસોમાં હરીશ વલ્લભભાઈ પટેલ, પ્રકાશભાઈ જમનાદાસ પટેલ, રીતેશ અરવિંદભાઈ પટેલ, કિરીટભાઈ મનુભાઈ પટેલ ઉર્ફે બોડીયો, પીનલ દિનુભાઈ, ઉમેશ દિનુભાઈ, સમીર પીધેલી, લાલીયો દેડકો, ટીનો ગોપાલદાસ વાયરમેન એટલા લોકોને મે જોયેલા. કોને પાસે શુ હથીયાર હતુ તે મને ખબર નથી. પરંતુ બધા પાસે હથીયાર હતા. અમારા ફળીયાના બે,ત્રણ માણસો શીવસદનમા હતા. તેથી શીવસદનમાંથી કુદી ગયેલા. સોમાભાઈ ખડકી થઈ રાવજીની ખડકી થી ટેકસી જતી હતી તે સીરાજકાકાએ ઉભી રખાવી અમે તેમા બેસી સુરેલી ચાલી ગયેલા. નુરીબેન અને

આયશાબેન અમારા ધરમા હતા. નુરીબેન અને આયશાબેન ધરમાં હતા ત્યારે ધર સળગાવવામા આવેલુ. પોલીસે તા.૮/૩/૦૨ના રોજ સુરેલી કેમ્પમા મારો જવાબ લીધેલો. પોલીસે મારો એક જ જવાબ લીધલો જે આઠ તારીખે લીધેલો તે સિવાય બીજો જવાબ લીધેલો નહિ. સાહેદ આરોપીને નજીકથી જઈ આરોપીઓને ઓળખવાની પરવાનગી સ્પે.પી.પી. તરફે માગતા, પરવાનગી આપવામાં આવે છે. સાહેદ કોર્ટ રૂબરૂ હાજર છ ઈસમોને ઓળખી બતાવે છે. તેમના નામ રીતેશ અરવિંદભાઈ પટેલ, કીરીટ મનુભાઈ પટેલ ઉર્ફે બોડીયો, પ્રકાશ જમનાદાસ પટેલ, ટીનો ગોપાલદાસ ઉર્ફે વાયરમેન, હરીશભાઈ વલ્લભભાઈ પટેલ, નીલેષ મણીભાઈ પટેલ ઉર્ફે લાલીયો દેડકો તરીકે ઓળખી બતાવે છે. જ્યારે પીનલ દીનુ, ઉમેશ દીનુ, સમીર પીધેલી, અલ્પો ડેડો તેઓ કોર્ટ રૂબરૂ હાજર નથી. મે આજે કોર્ટ રૂબરૂ જે જુબાની આપી તે જ હકીકત મે પોલીસને આઠ તારીખે જણાવેલી. હું જન્મથી મલાવભાગોળ રહેતો હોવાથી બધાને હું ઓળખું છું.

<u>ઉલટ તપાસ પેજ નં.૨, પેરા નં.૨</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓ કેમ્પમાં હતા ત્યારે તેમની સાથે તેમની ઘરની કઈ કઈ વ્યક્તિઓ હાજર હતી અને તેઓની કોની કોની સાથે વાતચીત થયેલ તે અંગે પ્રશ્નો પુંછેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૪</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓ બનાવ બન્યો ત્યારે તેમના ઘરમાં હતા અને પોલીસ જવાબમાં તેઓ તેમના મકાનના પાછળના દરવાજે થઈ વરંડો કુદી નાંઠેલા અને તેમની માતા બાજુમાં ગફુરભાઈના મકાનમાં જીવ બચાવવા જતા રહેલા. તે અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓએ આયશાબેન અને નુરીબેનનો બનાવ ક્યાં અને કેવી રીતે જોયેલ તે અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૬

એ વાત ખરી નથી કે નુરીબેન અને આયશાબેનનો બનાવ ગફુરભાઈના ધરમાં બનેલાનુ પોલીસને મે જણાવેલું. એ વાત ખરી નથી કે મારા જવાબમા એવુ લખાવેલ છે કે ટોળાના માણસોએ ગફુરભાઈ વોરાના મકાનમાં જઈ મકાનને તોડફોડ કરી મકાનમાં ધુસી ગયેલ અને મકાનમાં આવેલ મારી બા આયશાબેન તથા નુરીબેન ગફુરભાઈ વોરાના બંને જણાને આ ટોળાના માણસોએ કેરોસીન પેટ્રોલ છાંટી સળગાવી દીધેલો.

ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૭

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ જવાબ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૧૦

એ વાત ખરી નથી કે બનાવના દિવસે બનાવ બનતા પહેલા હું રેહાનાના ભાઈ સલીમ અને ઈરફાન અને મારો ભાણો સલીમ અને મારા બાપુજી ચા પીવા ગયા તે પહેલા રેહાનાબેન સાથે શીવસદનમાંથી નીકળી ગયેલા. એ વાત ખરી નથી કે અમે નીકળી ગયા બાદ મલાવભાગોળના વિસ્તારમાં બનાવ બનેલો.

ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧૩

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને નુરમોહંમદભાઈન ધરના વરંડાની દિવાલ કુદીને નિકળી ગયા અંગેનુ પ્રશ્નો પુછે છે અને તેને જુબાની આપવા માટે શીખવાડવામાં આવેલ છે અને તે રીતની જુબાની આપેલ છે. તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧૪

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓએ શીવસદનમાંથી ટોળું ક્યાંથી જોયેલ આ બનાવ ક્યાં અને કેવી રીતે જોયેલ અને આરોપીઓના નામો અંગે

પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૯, પેરા નં.૧૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને બનાવ અંગે સી.પી.આઈ.ભુવાને જવાબ લખાવેલ, રેહાનાની ફરીયાદ વિશે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૯, પેરા નં.૧૬</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના ૯-૩-૦૨ના નિવેદન વિશે પુંછવામાં આવેલ છે અને તેમાં તેઓ ક્યાંથી આવીને ક્યાં સંતાઈ ગયેલા તે અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૦, પેરા નં.૧૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓ શીવસદનમાં ક્યારે ગયા અને ક્યારે નીકળ્યા તેમજ શીવસદનમાંથ આરોપીઓના કૃત્યો જોઈ શકાય કે ન જોઈ શકાય તે અંગે, આ સાહેદના મકાનની ભૌગોલીક સ્થિતિ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

સદર સાહેદ બનાવ વખતે શીવસદનના મકાનમાં હતા અને તેમના મકાનમાં તેમના માતા પિતા તથા અન્ય કુટુંબીજનો સાથે ચા પીવા બેઠેલ હતા તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના મકાનને આગ લગાડેલ હતી અને આ સાહેદ તથા તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી માંગવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ સાહેદના પિતા અબ્દુલભાઈ, ઈદ્રીશભાઈ તથા અન્ય કુંટુબીજનો ઈજા પામેલ હતા અને તેમના માતા તથા દાદી તેમના જ ઘરમાં મૃત્યુ પામેલ હતા. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી તેમજ ૨૦૦૨ ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ તેમના પોતાના મકાનમાં હતા

તેમ જણાવેલ છે જયારે ૨૦૦૨ ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છેકે, ટોળું આવતા અને ટોળાના માણસોએ પ્રથમ અમારી બેટરી સ્ટવવાળી દુકાનને તોડી તોડફોડ કરી કેરોસીન છાંટી  સળગાવી દીધેલી અને અમારા મકાનને  તોડફોડ કરતાં અમો બીકના માર્યા હું તથા મારો ભાઈ ઈદ્રીશભાઈ તથા ભાણો સલીમ આ રીતના પાછળના દરવાજે થઈ  વરંડો કુદી નાઠેલા. આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદના મકાનમાં તેમજ આ સાહેદની બાજુમાં આવેલા અન્ય સાહેદોના મકાનમાં પાછળની બાજુએ કોઈ દરવાજો નથી કે બારી નથી કે કોઈ વરંડો નથી કે જેથી પાછળની બાજુએથી આ સાહેદોને નીકળી જવા માટે કોઈ રસ્તો મળે. આમ, ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં આ સાહેદોના મકાનોની પછીતે વરંડો, બારી બારણાં દર્શાવેલ છે તે ખરી હકીકતે છે જ નહીં. તેમજ નામદાર કોર્ટે આંક ૪૫૧ ની અરજી ઉપર બનાવવાવા સ્થળની વિઝીટ કરી તે વખતે પણ બનાવવાળા સ્થળ પર જોતા આ સાહેદના મકાનની પછીતે કોઈ વરંડો છે જ નહીં કે ભુતકાળમાં પણ નહોતો તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ,૨૦૦૨ માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબજ ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોમાંથી છ તોહમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો  અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાની માતા આયશાબેન અને દાદી નુરીબેન સગાઓને નજરની સામે ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખતા જોયેલ છે. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવાકે ફરીયાદી રેહાનાબેન તેમજ યુસુફભાઈ સાહેદની સાથે શીવસદનમાં હાજર હતા.

અને બનાવ બન્યો તે વખતે શીવસદનમાં હાજર અન્ય સાક્ષી જેવાકે ફરીયાદી રહેનાબહેન તથા યુસુફભાઈ ની જુબાનીની હકીકત અને વાતને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

(૪) આ કામમાં નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદ ઈદ્રીસભાઈ અબ્દુલભાઈ વોરાને સાહેદ નં.૨૧ અને આંક-૨૦૯ થી તા.૧૧/૩/૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાની થઈ તે વખતે સૌ પ્રથમ તા.૨૧/૧૨/૨૦૦૯ના રોજ આંક. ૨૧૧ થી વધુ નિવેદન લેવા અંગેની અરજી આપવામાં આવેલ હતી. અને ત્યારબાદ તેમની જુબાનીમાં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>સરતપાસ પેજ નં.૨, પેરા નં.૨</u>

તા.૧/૩/૨૦૦૨ના રોજ બનાવ બનેલો, તા.૨૭/૨/૨૦૦૨ના રોજ ગોધરા મુકામે ટ્રેન સળગાવવામાં આવેલી તેના સંદર્ભે બનાવ બનેલો. ગોધરામાં ટ્રેન સળગાવી તેના સંદર્ભે તા.૨૮/૨/૨૦૦૨ના રોજ ગુજરાત બંધનું એલાન આપેલું તે દિવસે અમારા બજારો બંધ હતા. તા.૧/૩/૨૦૦૨ના રોજ શુક્રવારનો દિવસ હતો હું તા.૧/૩/૨૦૦૨ના રોજ શુક્રવારે સવારે ચા-નાસ્તો કરી નોકરીએ ગયેલો અને શુક્રવાર હોવાથી ૧૧-૩૦ વાગે અમારા ઘરે નમાઝ પઢવા પરત આવી ગયેલો તે દિવસે હું જમી પરવારીને ઘરે બેઠેલો તે વખતે અમારા ગામના ચાર પાંચ આગેવાનો જેમાં મીનેષભાઈ પુનમભાઈ, હરીષભાઈ વલ્લભભાઈ, નટુભાઈ સતાભાઈ, આશાભાઈ રામાભાઈ અને અરૂણ શંકર મુખી એ આવેલા અને તેઓએ કહ્યુ કે અમે મોટી રેલી કાઢવાના છીએ. તમે તમારા ઘરમાં રહેજો બહાર નીકળતા નહી. તેમ કહી વિશ્વાસ અને ભરોસો આપી જતા રહેલા. થોડી વાર પછી હું નમાઝ પઢવા માટે હું મસ્જીદમાં ગયેલો નમાઝ પઢવા માટે માહોલ ખરાબ હોવાથી મોલ્વી સાહેબ આવેલા નહી મસ્જીદ મારા ઘરની સામે હોઈ હું નમાઝ પઢવા મસ્જીદે ગયેલો તે વખતે બીજા ત્રણ ચાર માણસો નમાઝ માટે મસ્જીદમાં ગયેલા બીજા બધાએ નમાઝ ક્યાં પઢેલી તે મને ખબર નથી. દોઢ વાગે હું નમાઝ પઢીને પરત આવેલ ત્યારે મારૂ ઘર બંધ હતું અને તપાસ કરતા મારા ઘરવાળા બાજુમાં શીવસદનમાં બેઠા હતા તેથી હું પણ ત્યાં ગયેલો મારા ઘરના માણસો શીવસદનમાં શા માટે ગયેલા તે મને ખ્યાલ

નથી. થોડી વાર પછી મારા પપ્પાએ મારા મમ્મીને ચા પીવા માટે આપણા ઘરે જઈએ તેવું કહેલુ મારા પપ્પાનું નામ અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા મારા મમ્મીનું નામ આયશાબેન હતો હું શીવસદનમાં ગયો ત્યારે ત્યાં મારા પપ્પા, મારા મમ્મી, મારી દાદી નુરીબેન કાકા યુસુફભાઈ, નુરમોહંમદભાઈ, ફકીરમોહંમદભાઈ, ફીરોજ ઈસ્માઈલભાઈ માતરવાળા, ફીરોજ ઈસ્માઈલભાઈ કપડવંજવાળા, રેહાનાબેન, સલીમભાઈ ગુલામભાઈ જે મારો ભાણો છે તથા સમીર અબ્દુલભાઈ જે મારો ભાઈ થાય છે અને સીરાજભાઈ ફકીરમહંમદ ત્યાં હતા. મારા પપ્પાએ ચા પીવાનું કહેતા મારા પપ્પા અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા તથા મારી મમ્મી આયશાબેન સાથે હું તથા ફીરોજભાઈ ઈસ્માઈલ કપડવંજવાળા તથા ફીરોજ ઈસ્માઈલ માતરવાળા, ફકીરમોહંમદ ગફુરભાઈ મારા દાદી નુરીબેન ગફુરભાઈ તે બધા ચા પીવા માટે ઘરે આવેલા મારા ઘરે ચા મુકવામાં આવી ત્યારે મારા બાજુમાં રહેતા કાદરભાઈ પણ મારા ઘરે આવીને બેઠેલા. ચા પીને અમે બેઠા હતા તે વખતે બહાર ટોળાનો અવાજ સંભળાયેલો ''સાલા બાંડીયાઓને સળગાવી નાંખો, મારો કોઈ જીવતો બચવુ ન જોઈએ'' એવી બુમો પાડતા હતા ટોળામાં કોઈએ બુમ પાડી કે અબ્દુલનું કેબીન તોડી નાંખો પછી મને મારા પપ્પા અબ્દુલભાઈની પ્રાયમસ બેટરી રીપેરીંગની કેબીન તોડવાનો અવાજ આવેલો તે વખતે હું મારા ઘરમાં હતો તોડફોડ કર્યા બાદ ટોળુ બુમો પાડતા અમારા ઘરની ગલી પાસે આવેલું મારા પપ્પાનું કેબીન ગલીની બહાર મસ્જીદ પાસે હતું કેબીન તોડ્યા બાદ ટોળુ બુમો પાડતા પાડતા અમારા ઘર તરફ આવેલ અને ઘરમાં અમોને જોઈ જતા આ લોકોને જીવતા બાળી નાંખો તેવી ટોળાના તોહમતદારો એ બુમો પાડેલી ટોળુ આશરે ૨૫૦ થી ૩૦૦ માણસો જેટલું હતું એ ટોળું અમારી ઘરની પાસે આવ્યું ત્યારે ટોળાના એક માણસે ઘરનો દરવાજો બહારથી બંધ કરી દીધેલો. અમારા ઘરની બહાર ગાદલા, ગોદડીઓ મુકવાનો ઘોડો હતો તે ઘોડો અમારા ઘરની બહાર જાળી પાસે ફેંકી દીધેલો એ ટોળાના માણસો પૈકીના કોઈએ કેરોસીન જેવું પ્રવાહી અમારા ઘર ઉપર છાંટેલુ ટોળાના માણસોએ અમોએ ઓળખેલા જેમાં હરીશભાઈ વલ્લભભાઈ, પ્રકાશભાઈ જમનાદાસ, નટુભાઈ સતાભાઈ, મીનેષભાઈ પુનમભાઈ, કીરીટભાઈ મનુભાઈ, લાલાભાઈ મણીભાઈ, ટીનુ ગોપાલદાસ વાયરમેન, શશીન ઉર્ફે મોહન રમેશભાઈ, ઉમેશભાઈ પુનમભાઈ, રાકેશભાઈ હરીભાઈ, ઉપેન્દ્ર વીનુભાઈ, છોટુભાઈ રામાભાઈ, અશોકભાઈ ડાહ્યાભાઈ, રીતેશકુમાર અરવીંદભાઈ,

પુનમભાઈ ડાહ્યાભાઈ પટેલ, સમીર ઉર્ફે પીધેલી, અલ્પેશ ડેંડો, રાકેશભાઈ હરીભાઈ તે સિવાયના ટોળાના માણસોને હું મોઢે ઓળખું છું. ટોળાના માણસો પૈકીના હરીશ વલ્લભભાઈ, પ્રકાશ ઉર્ફે પકો જમનાદાસ, નટુભાઈ સતાભાઈ પાસે કેરોસીનનું ડબલું હતુ, કીરીટભાઈ મનુભાઈ પટેલ, લાલા મણીભાઈ, રીતેષ અરવીંદ, ટીનો ગોપાલદાસ, સુરેશ ઉર્ફે ટાંટો એ લોકો પાસે સળગતા કાંકડા હતા તે સિવાય બીજા લોકો પાસે લાકડી, ભાલા જેવા હથીયારો હતા, ટોળાના માણસોએ ઘર ઉપર કેરોસીન નાંખી સળગાવ્યું અને ઘર સળગતું હતું અને અમે બધા બચવા માટે નાસ ભાગ કરતા હતા થોડી વારમાં ઘર ખુબ સળગતા મારી મમ્મી આયશાબેન તે આગમાં સળગવા લાગ્યા અને તેઓ ‘‘ઈદ્રીસ મને બચાવો, ઈદ્રીસના પપ્પા મને બચાવો’’ તેવી બુમો પાડતા હતા પછી મેં દરવાજાને ધક્કો મારી દરવાજાને ખોલી દીધેલ. હું તથા ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ માતરવાળા, ફીરોજભાઈ ઈસ્માઈલ કપડવંજ વાળા કાદરભાઈ તથા ફકીરમંહમદ ગફુરભાઈ તે બધા અમે દઝાઈ ગયેલી હાલતમાં બાજુમાં નુરમહંમદ રસુલભાઈના ઘરમાં જઈને સંતાઈ ગયેલા અને મારી બા આયશાબેન તથા દાદી નુરીબેન નીકળી શકેલા નહી મારા પપ્પા ક્યાં ચાલી ગયેલા તેની મને ખબર નથી. કાદર મોઢે અને ગાલે ઘણો બધો દઝાઈ ગયેલા હોવાથી તેનાથી રહેવાતું ન હતુ તે ઘરમાં અંદર બહાર ફરતો હતો અને મને કહેતો હતો કે મારાથી રહેવાતુ નથી કાદર પોતાના ઘરની બહાર નીકળતા ટોળાના એક માણસ નટુભાઈ સતાભાઈ તેને જોઈ ગયેલા અને કાદરને કહેલ કે ‘‘ કાદર તુ બહાર આવી જા તને કંઈક કરીશ નહી‘‘ અમે બધા પણ ઘરની થોડા બહાર નીકળેલા કાદરને જોવા કે તેને જવા દે છે કે કેમ તે જોવા બહાર નીકળેલા નટુભાઈ સતાભાઈએ કાદરની ફેંટ પકડી નીચે પાડી દીધેલ ટોળાના માણસો બીજા પણ ત્યાં આવી ગયેલા જેમાં નટુભાઈ સતાભાઈ, પ્રકાશ જમનાદાસ, હરીશભાઈ વલ્લભભાઈ, વસંતભાઈ પુનમભાઈ, મિનેષભાઈ પુનમભાઈ, મોહનભાઈ રમેશભાઈ, ભાવેશભાઈ મનુભાઈ, બીપીન મણીભાઈ, સુરેશ ઉર્ફે સોમૈયા, રાકેશભાઈ હરીભાઈ, ઉપેન્દ્રભાઈ વીનુભાઈ તથા બીજા ટોળાના માણસો આવી ગયેલા ટોળાના માણસોએ કાદર ઉપર કેરોસીન નાંખેલુ અને તેના ઉપર સળગતો કાંકડો નાંખેલો. ભાવેશ મનુભાઈએ તેમની પાસે રહેલ હથીયારથી કાદરને જોરથી મારેલ તથા બીપીનભાઈ મણીભાઈએ કાદરને આગળના ભાગે લાત મારેલી અને કાદરને બાળી દીધેલો કાદર બચાવ બચાવની બુમો પાડતો હતો અને ટોળાના

માણસોએ ઘેરી તેને બાળી નાંખેલો, કાદરભાઈને અમારા ઘરની બાજુમાં જયેશભાઈ પટેલના મકાનોની સામે ખુલ્લી જગ્યામાં બાળવામાં આવેલો પછી થોડીવાર પછી ટોળુ શાંત થતા હું તથા ફકીરમહંમદ ગફુરભાઈ, ફીરોજભાઈ કપડવંજ વાળા નુરમોહંમદભાઈના ઘરમાંથી બહાર નીકળી મારા ઘર તરફ જોતા મારી બા આયશાબેન તથા દાદી નુરીબેન બળી ગયેલ હાલતમાં મરેલા પડેલા હતા અમે ત્યાં ઉભા રહેલ નહી અમારી બાજુમાં આવેલ જયેશભાઈના મકાનમાં તમાકુના ઢગલામાં પાછળ સંતાઈ ગયેલા થોડીવાર પછી ફીરોજભાઈ માતરવાળા અમારી પાસે તમાકુના ઢગલાની પાસે આવેલા મારા પપ્પા પણ મારી પાસે આવેલા પછી શીવસદનમાં સંતાઈ રહેલા મારા કાકા યુસુફભાઈ, મારી બહેન રેહાના, કાકી જુબેદાબેન, કાકા નુરમહંમદભાઈ તે લોકો અમારી પાસે જયેશભાઈના મકાનમાં તમાકુના ઢગલાની પાછળ આવેલા અમે બધા ભેગા થઈને ચર્ચા કરતા હતા કે ત્યાંથી નીકળી જઈએ પરંતુ ટોળાના માણસો સળગતા કાંકડા અને બેટરીઓ લઈને આવેલા અને બોલતા હતા કે કંઈક બાકી રહ્યું હોય તો સળગાવી નાંખો અમે જયેશભાઈના મકાનની જગા પણ સુરક્ષીત ન લાગતા શીવસદનમાં પાછળ જતા રહેલા. ફીરોજભાઈ કપંડવજવાળા અને ફકીરમહંમદ ગફુરભાઈ તેઓ દાઝી ગયેલા હોવાથી ચાલતા ન હોય તેઓ જયેશભાઈના મકાનમાં ઉપરના માળે રતનસીંહના રૂમમાં સંતાઈ રહેલ અને અમે બધા બાકીના શીવસદનમાં જતા રહેલા અમે શીવસદનમાં આખી રાત પસાર કરી બીજા દિવસે સવારે જોયું તો ટોળાના માણસો અમારા ઘરની ઘર વખરી લઈ જતા હતા જેમાં સુરેશ ટાટો, લાલા મણીભાઈ, મોહન રમેશભાઈ, રીતેશ અરવીંદભાઈ તે લોકો અમારા ઘરના પતરા તથા અને ચીજવસ્તુઓ લઈ જતા હતા અને બાકીના અન્ય લોકોને હું જોયેથી ઓળખું છું. શનિવારનો દિવસ પણ અમે આખો દિવસ શીવસદનમાં પસાર કરેલો બીજા દિવસે સવારે ચાર સાડા ચાર વાગ્યાના સુમારે અમોને અમારૂ ઘર છોડીને જતા રહેવાનું તથા શીવસદનમાંથી અમે ચાલતા-ચાલતા ખેતરમાંથી બધા સુરેલી ગામે જતા રહેલા સુરેલી ગામમાં ફરીદખાન નામના વ્યક્તિના કેમ્પમાં રોકાયેલા અમે ખુબ દાઝી ગયેલા હોઈ સુરેલી ગામમાં રવીવાર હોવાથી કોઈ ડોક્ટર ન હોય કેમ્પમાં જ અમને દવાની ટ્યુબ લગાવી આપવામાં આવેલી. સોમવાર સવારે અમોને ઉમરેઠ સરકારી દવાખાનામાં એડમીટ કરી દીધેલા જે દિવસ અમે એડમીટ થયા તેના બીજા દિવસે મંગળવારે પોલીસ મારો જવાબ લેવા આવેલી, હોસ્પિટલમાં

હું ફીરોજભાઈ ઈસ્માઈલ કપડવંજ વાળા ફીરોજ ઈસ્માઈલ માતરવાળા, ફકીરમોહંમદ ગફુરભાઈ મારા પિતા અબ્દુલભાઈ એ પાંચ જણા દાખલ થયેલા મંગળવારે હોસ્પિટલમાં પોલીસ વાળા આવેલા તેઓએ બનાવની વિગતો અમને પુછેલી અમોએ વિગત જણાવેલી અને તેઓ જતા રહેલા મે જે કોર્ટમાં હકીકત જણાવી તે હકીકતો પોલીસને જણાવેલી અમે વિસેક દિવસ હોસ્પિટલમાં રહેલા હું ડાબા હાથે તથા જમણાં હાથે હાથે દાઝી ગયેલો તથા ડાબા પગે અને જમણા પગે દાઝી ગયેલો.

<u>સરતપાસ પેજ નં.૫, પેરા નં.૩</u>

હું ઓડમાં શ્રીજી કેબલમાં ડીશ કનેકશનનું કામ કરતો હતો. હું ગીરીશભાઈ મગનભાઈ પટેલના ત્યાં નોકરી કરતો હતો. બનાવના છેલ્લા એક દોઢ વર્ષથી નોકરી કરતો હતો. અમારા ગામના આગેવાનો જે લોકોએ અમોને કહેવા માટે આવેલા તમે ઘરમાં રહેજો અમે રેલી કાઢવાના છીએ તે આગેવાનો પૈકીના માણસોને હું ઓળખુ છું. સાહેદ દ્વારા આરોપીઓ પૈકી જે આગેવાનો હતા તેમાંથી બે વ્યક્તિઓને સાહેદ ઓળખી બતાવે છે જેમાં બ્લુ ટી શર્ટ પહેરેલાનું નામ મીનેશભાઈ પુનમભાઈ અને ચેક્સ અડધી બાયનું શર્ટ પહેરેલાનું નામ હરીશ વલ્લભભાઈ જણાવે છે. બીજા હાજર નથી. સદર વ્યક્તિને ઈસમને પુછતા મીનેશ પુનમભાઈ અને હરીશભાઈ વલ્લભભાઈ અનુક્રમે આરોપી નં.૧૨ અને ૮ હોવાનું જાહેર થાય છે. એમાં આશાભાઈ રામાભાઈ, નટુભાઈ સતાભાઈ, અરૂણભાઈ શંકરભાઈ મુખી કોર્ટમાં નથી. જે ટોળાના વ્યક્તિઓ અમારા ઘરે આવેલા અને ગાદલા ગોદડા મુકવાનો ઘોડો ફેંકી દીધેલો અને કેરોસીન તથા સળગતા કાંકડા લઈને આવેલા તેમને હું ઓળખું છું. સાહેદ સદર આરોપીઓ તરફ જઈ ઓળખવાનો પ્રયત્ન કરવાનો હોવાથી બંન્ને પક્ષને વાંધો ન હોય તે સદર આરોપીઓ તરફ ઓળખ કરવા જાય છે. સાહેદ કોર્ટ રૂબરૂ આરોપીઓ પૈકી હરીશભાઈ વલ્લભાઈ, વસંતભાઈ પુનમભાઈ પટેલ, લાલાભાઈ ઉર્ફે નીલેશભાઈ મણીભાઈ પટેલ, ટીનો ઉર્ફે મહેશભાઈ ગોપાલભાઈ પટેલ, મીનેશ કુમાર પુનમભાઈ પટેલ, પ્રકાશ ઉર્ફે પકો જમનાદાસ પટેલ, ઉમેશભાઈ પુનમભાઈ પટેલ, પુનમભાઈ ડાહ્યાભાઈ પટેલ, છોટુભાઈ રામાભાઈ પટેલ, કીરીટકુમાર ઉર્ફે બોડીયો મનુભાઈ પટેલ, અશોકભાઈ ડાહ્યાભાઈ પટેલ, રીતેશ કુમાર અરવિંદભાઈ પટેલનાઓને

આરોપીઓ પાસે જઈને એક એકને નામથી ઓળખી બતાવે છે જે આ કામના આરોપીઓ પૈકી ૮ થી ૧૪, ૧૯, ૨૦, ૩૫, ૨૯ અને ૨૬ હોવાનું જાહેર થાય છે. તે સીવાય ટોળાના બીજા માણસોને જે હતા તેઓ હાજર નથી. ટોળાના માણસો પૈકી સમીર ઉર્ફે પીધેલી, અલ્પેશ ડેડો, રાકેશ હરીભાઈ, નટુભાઈ સતાભાઈ હાજર નથી. ટોળાના માણસો પૈકી જેમની પાસે ડબલુ હતુ તે નટુભાઈ સતાભાઈ, હરીશ વલ્લભભાઈ કાદરભાઈને નીચે પાડીને તેને બાળી નાંખેલ તે ટોળામાં નટુભાઈ સતાભાઈ, હરીશ વલ્લભભાઈ, પ્રકાશ જમનાદાસ, વસંત પુનમભાઈ, મીનેશભાઈ પુનમભાઈ, બીપીનભાઈ મણીભાઈ, સુરેશ ઉર્ફે સોમૈયા, ભાવેશભાઈ મનુભાઈ બીજા અન્ય માણસો હતા તે પૈકી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે જ્યારે ભાવેશભાઈ મનુભાઈ, બીપીનભાઈ મણીભાઈ, સુરેશ ઉર્ફે સોમેયા, રાકેશભાઈ મણીભાઈ કોર્ટ રૂબરૂ હાજર નથી. જે અમારા ઘરવખરીનો સામાન લઈ જતા હતા તેમા સુરેશ ટાટો, લાલા મણીભાઈ રીતેશભાઈ અરવિંદભાઈ તથા બીજા ટોળાના માણસો તે પૈકી કોર્ટ રૂબરૂ સાહેદ લાલાભાઈ મણીભાઈ અને રીતેશ અરવિંદભાઈને ઓળખી બતાવે છે. જ્યારે સુરેશ ટાટો કોર્ટમાં નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૪</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પરીવાર વિશે અને તેમની સાથે કોણ કોણ રહેતા હતા, તેમના મકાનોની ભૌગોલીક સ્થિતિ અંગે તથા તેમના સંબંધીઓના શું સંબંધ છે તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના મકાનના દરવાજાની દિશા અંગે તેમજ અન્ય પાડોશીઓના મકાનોના રસ્તાની અવર-જવર અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૬</u>

કાદરભાઈના પિતાનું નામ ઈસ્માઈલભાઈ છે. ઈસ્માલભાઈના પિતાનું નામ મને ખબર નથી એ વાત ખરી છે કે ઈસ્માઈલભાઈ રસુલભાઈ વોરા અને અબ્દુલકરીમ રસુલભાઈ વોરા સગા ભાઈઓ છે કાદરભાઈ અબ્દુલકરીમનો

ભત્રીજો થાય છે એ વાત ખરી છે કે કાદરભાઈ અબ્દુલકરીમ વોરાના મકાનમાં રહેતો હતો એ વાત ખરી છે કે અબ્દુલ કરીમનો મકાન તે બે માળનું મકાન છે.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને મલાવભાગોળ વિસ્તારીની ભૌગોલીક સ્થિતિ અને તેના આજુબાજુ આવેલા મુસ્લીમોના તથા અન્યોના મકાનો વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને તે મકાનોના માપ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૦, પેરા નં.૧૦</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના તથા તેમના પાડોશીઓના મકાનો વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૧, પેરા નં.૧૧</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના તથા તેમના પાડોશીઓના મકાનોમાં કેટલાં રૂમો આવેલા છે અને તેની લંબાઈ પહોડાઈ કેટલી છે તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૨, પેરા નં.૧૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને શીવસદનમાં જવા આવવા માટેના રસ્તા અને તેની ચાવી અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૩, પેરા નં.૧૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તપાસ કરનાર અધિકારીએ ઉમરેઠ મુકામે તા.૫-૩-૦૨ના રોજ તેમનું નિવેદન લીધુ તે અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૫, પેરા નં.૧૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના મકાનનો વરંડો કુદીને જતા રહેવા અંગે, કાદરના બનાવ વિશે અને તેમના પિતાની દુકાન વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

પોલીસ અમારી પુછપરછ કરવા આવી ત્યારે ટોળા બાબતે પુછતા ટોળાનાં લોકોએ અમારા પિતાની કેબીન સળગાવતા અમો ઘરના તમામ માણસો ઘરનો વરંડો કુદી પાછળની બાજુએ જતા રહેલા તેવુ બનેલાનું જણાવેલ નહિ. એ વાત ખરી નથી કે મારા પોલીસ જવાબમાં મેં એવુ લખાવેલ છે કે આ ટોળાના માણસોએ પ્રથમ અમારી બેટરી, સ્ટવવાળી દુકાન સળગાવેલી અને મકાનને તોડફોડ કરતા હું તથા મારો ભાઈ સમીર તથા સલીમભાઈ એ રીતેના પાછળથી વરંડો કુદી નાઠેલા. એ વાત ખરી છે કે ૫/૩/૦૨ના રોજ પોલીસ આવી અને પુછપરછ કરી ત્યારે કાદરભાઈના વિશે અમે જે કાંઈ જાણતા હતા તે તમામ હકીકતો મેં લખાવેલી એ વાત ખરી નથી કે મારા પોલીસ જવાબમાં મે એવુ લખાવેલ છે કે નજીકમાં રહેતા કાદરભાઈ ઈસ્માઈલભાઈ વોરાનાઓ પોતાનો જીવ બચાવવા નાઠેલા તો કાદરભાઈને ટોળાના માણસોએ મારી દુકાન આગળ આંતરી લીધેલા અને તેમના ઉપર પેટ્રોલ તથા કેરોસીન રેડી કાકડા ચાંપી સળગાવી દેતા સ્થળ ઉપર મરણ ગયેલા. કાદરભાઈનો બનાવ બન્યો એટલે ફળીયાના તમામ મુસલમાન લોકો ત્યાંથી ભાગી ગયેલાનું બનેલું તે મને ખબર નથી. એ વાત ખરી નથી કે મેં મારા જવાબમાં એવુ લખાવેલ છે કે કાદરભાઈ સ્થળ પર મરણ ગયેલા તેથી અમારા ફળીયાના માણસો પોતાનો જીવ બચાવવા નાસી ગયેલા.

ઉલટ તપાસ પેજ નં.૧૬, પેરા નં.૨૧

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના મકાનમાં અવર – જવર કરવાના રસ્તા વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને તેમના મકાનની પછીતે કોના કોના મકાનો આવેલા છે તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

એ વાત ખરી છે કે અમારા ઘરની પછીતમાં બહાર નીકળવા માટેનો કોઈ દરવાજો કે બારી નથી. એ વાત ખરી છે કે અમારા ઘરના પછીતમાં રમેશ શના અને પુનમ શનાનું ઘર આવેલ છે તે લોકોની પછીત અને અમારા ઘરની પછીત લાગુ છે.

એ વાત ખરી છે કે રમેશ શના અને પુનમ શનાની પછીતમાં અમારી પછીત તરફ તે લોકોની નવેરી છે જ્યાં તેઓએ રસોડું બનાવેલ છે અને ઉપરનો ભાગ પતરાથી ફીટ કરેલ છે. એ વાત ખરી છે કે જયેશભાઈના ઘર તરફ આવેલી કમ્પાઉન્ડ વોલ તે અમારા ઘરની ડાબી બાજુની દિવાલ છે. એ વાત ખરી છે કે અમારા ઘરની અંદરથી જયેશભાઈના ઘરની તરફ જઈ શકાય તેમ નથી તેમજ અમારા પછીતમાં પણ જઈ શકાય તેમ નથી. એ વાત ખરી છે કે અમારા ઘરમાંથી રેહાનાબેન, ફકીરભાઈ કે નુરમહંમદ એ ત્રણેયના ઘરમાં જવુ હોય તો ઘરની બહાર નીકળીને જ જઈ શકાય. પોલીસને મે આયશાબેને પોતાનો જીવ બચાવવા અમારા ઘરમાંથી નીકળી ફકીરભાઈ ગફુરભાઈના ઘરમાં ઘુસી ગયેલાનું જણાવેલ નથી. એ વાત ખરી નથી કે મારા પોલીસ જવાબમાં મેં એવું લખાવેલ છે કે મારી બા આયશાબેન પોતાનો જીવ બચાવવા નજીકમાં આવેલ ગફુરભાઈ વોરાના મકાનમાં જતી રહેલી. મારી બા અને દાદી ગફુરભાઈના મકાનમાં સંતાઈ ગયેલાનું પોલીસમાં જણાવેલ નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૨૪, પેરા નં.૪૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને આ બનાવની ફરીયાદ વિશે, સ્વંયસેવી સંસ્થા વિશે, સુપ્રીમ કોર્ટમાં કાર્યવાહી માટે, શીટની રચના વિશે તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

અમારા ફળીયામાં જે બનાવ બની ગયો તે બાબતની ફરીયાદ મારી બેન રેહાનાએ આપી છે તેની મને ખબર છે. એ ફરીયાદ અંગેની ખબર મને હું દવાખાનામાંથી કેમ્પમાં પરત ફર્યો ત્યારે થયેલી. અમારા બની ગયેલા બનાવ અંગે સ્વંયસેવી સંસ્થાએ (એન.જી.ઓ.) મારફતે આગળ રજુઆતો કરવામાં આવેલી તેની મને ખબર નથી. સ્વયંસેવી સંસ્થા દ્વારા કેસ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટમાં રજુઆત થયેલી તે મને પાછળથી ખબર પડેલી નામદાર સુપ્રિમ કોર્ટની કાર્યવાહીમાં જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે અમારા કુટુંબ વતી મારા કાકા યુસુફ તથા રેહાનાબેન જતા આવતા હતા તેની મને ખબર નથી. નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર ઓડના બનાવ બાબતે વધુ તપાસ કરવા માટે ખાસ તપાસ ટીમની રચના થયેલી તેની હકીકત મને આજથી ચાર પાંચ મહીના પહેલા ખબર પડેલી. ખાસ તપાસ ટીમની રચના બાદ મારા કાકા યુસુફભાઈ અને મારી બેન રેહાના તેમની સમક્ષ

જતા આવતા હતા અને જવાબો આપતા હતા તે બાબતની મને ખબર નથી. મારા કાકા યુસુફભાઈ અને મારી બેન રેહાનાએ આજદિન સુધી ખાસ તપાસ ટીમ સમક્ષ તેઓ જતા આવતા હતા અને કેસની વધુ તપાસમાં જવાબો લખાવતા હતા તેવી કોઈ હકીકતો જણાવી નથી. સાહેદ જણાવે છે કે આજથી ચાર પાંચ મહીના પહેલા રેહાના અને કાકાએ જવાબો લખાવેલા તેવી ખબર પડેલી. ખાસ તપાસ ટીમે ૧/૪/૦૮ થી ઓડ ગામમાં પો.સ્ટે. પંચાયતની કચેરી અન્ય જાહેર જગ્યાએ શીટના અધિકારીઓના નામ અને  બનાવના અસરગ્રસ્ત વ્યક્તિઓને કોઈપણ પ્રકારનું નિવેદન કે પુરાવો આપવો હોય તે બાબતની જાહેરાત લગાવેલી તેની મને ખબર નથી. ઓડ ગામના બધા મસ્જીદોમાં પ્રવેશદ્વાર પર ખાસ તપાસ ટીમની જાહેર નોટીસો લગાવવામાં આવેલી તેની મને ખબર નથી.  ખાસ તપાસ ટીમે તેમની સોંપેલી કામગીરી અંગેની જાહેરાતો તમામ ગુજરાતી પેપરોની ખેડા અને આણંદ જિલ્લાની આવૃત્તિમાં છપાવેલાનું મને ખબર નથી કે તેવી કોઈ હકીકત તે અરસામાં અમારા કોઈ મુસ્લીમ માણસ મારફતે મને જાણવા મળેલ નહી. અમારા ગામના કેટલાક મુસ્લીમ લોકોએ ખાસ તપાસ ટીમને અરજીઓ કરેલાની મને ખબર નથી. મારી બેન રેહાના અને કાકા યુસુફભાઈ રજી. એ.ડી.થી તેમનુ નીવેદન નોંધવા માટે ખાસ તપાસ ટીમને અરજીઓ કરેલી તેની મને ખબર નથી. ૨૦૦૮ના અરસામાં મારે રેહાનાબેને અરજીઓ કરી જવાબ નોંધવા એસ.આઈ.ટી.ને જણાવેલ છે તેવી કોઈ વાત થયેલ નહિ.

આ સાહેદની જુબાનીમાં ૨૦૦૨ ની ચાર્જશીટમાં આઈ.ઓ. દ્વારા દર્શાવવામાં આવેલ આરોપીઓ અને ત્યારબાદ નામદાર કોર્ટે ૩૭ આરોપીઓ સામે ચાર્જ ફરમાવ્યો તે સિવાયના અન્ય બીજી વ્યક્તિઓના નામ પણ સદર સાહેદે નામદાર કોર્ટ સમક્ષ જણાવેલ છે અને તે અનુસંધાને આંક. ૨૮૮ અને આંક.૩૪૫ થી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૯ મુજબ નામદાર કોર્ટમાં અરજી કરવામાં આવેલ અને તે અરજી અનુસંધાને નામદાર કોર્ટે અન્ય ચાર આરોપીઓ નં.(૧) ભાવેશ મનુભાઈ પટેલ (૨) સુરેશ ઉર્ફે સોમૈયા રણછોડભાઈ પટેલ (૩) બીપીનભાઈ મણીભાઈ પટેલ (૪) સુરેશ ઉર્ફે ટાટો રણછોડભાઈ પટેલ ને જોડેલા અને આ સાહેદે નામદાર કોર્ટમાં તે ઉપરોકત આરોપીને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદ બનાવ વખતે તેમના મકાનમાં તેમના માતાપિતા તથા અન્ય કુટુંબીજનો સાથે ચા પીવા બેઠેલ હતા તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના

મકાનને આગ લગાડેલ હતી અને આ સાહેદ તથા તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી માંગવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ સાહેદ ઈજા પામેલ હતા અને તેમના માતા તથા દાદી તેમના જ ઘરમાં મૃત્યુ પામેલ હતા. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી તેમજ ૨૦૦૨ ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ તેમના પોતાના મકાનમાં હતા તેમ જણાવેલ છે જયારે ૨૦૦૨ ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છેકે, ટોળું આવતા અને ટોળાના માણસોએ પ્રથમ અમારી બેટરી સ્ટવવાળી દુકાનો સળગાવી અને અમારા મકાનોને તોડફોડ કરતાં હું તથા મારો ભાઈ સમીરભાઈ તથા સલીમભાઈ આ રીતના પાછળથી વરંડો કુદી નાઠેલા. આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદના મકાનમાં તેમજ આ સાહેદની બાજુમાં આવેલા અન્ય સાહેદોના મકાનમાં પાછળની બાજુએ કોઈ દરવાજો નથી કે બારી નથી કે કોઈ વરંડો નથી કે જેથી પાછળની બાજુએથી આ સાહેદોને નીકળી જવા માટે કોઈ રસ્તો મળે. આમ, ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં આ સાહેદોના મકાનોની પછીતે વરંડો, બારી બારણાં દર્શાવેલ છે તે ખરી હકીકતે છે જ નહીં. તેમજ નામદાર કોર્ટે આંક ૪૫૧ ની અરજી ઉપર બનાવવાવા સ્થળની વિઝીટ તા ૧૨/૧૧/૧૧ કરી તે વખતે પણ બનાવવાળા સ્થળ પર જોતા આ સાહેદના મકાનની પછીતે કોઈ વરંડો છે જ નહીં કે ભુતકાળમાં પણ નહોતો તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ,૨૦૦૨માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબજ ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

બચાવ પક્ષના તરફથી આ સાહેદને તેઓની જુબાની અન્વયે ઉલટતપાસમાં વિરોધાભાસ પુછવામાં આવેલ આ તમામ વિરોધાભાસ ૨૦૦૨ની પોલીસ તપાસના નિવેદનોના અંનુશંધાને પુછવામાં આવેલ છે. પરંતુ જ્યારે પોલીસ તપાસ જ શંકાસ્પદ અને ખામીયુક્ત હોય તો તેવા સંજોગોમાં બચાવપક્ષ તરફથી લેવામાં આવેલ વિરોધાભાસનુ કોઈ મહત્વ રહેતુ નથી અને તેને ધ્યાને લેવુ જોઈએ નહી.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના (૧૮) અને આંક. ૨૮૮ અને આંક.૩૪૫ થી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૯ મુજબ ૪ તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જે તે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાની માતા આયશાબેન તથા દાદી નુરીબેન અને કાદરને નજરની સામે ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખતા જોયેલ છે. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવા કે ફીરોજ માતરવાળા તથા ફીરોજ કપડવંજ તથા ફકીરમહંમદ ગફુરભાઈ તથા આ સાહેદની સાથે બનાવવાળા મકાનમાં હાજર હતા અને બનાવ બન્યો તે વખતે ઉપરોક્ત સદર સાહેદો ફીરોજ માતરવાળા તથા ફીરોજ કપડવંજ તથા ફકીરમહંમદ ગફુરભાઈ નાઓએ આપ ના.કોર્ટ માં આપેલ જુબાની જોતા પણ સદર સાહેદ ઈદ્રીશભાઈની જુબાનીને સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

આ સાહેદને બનાવ વખતે થયેલ ઈજાઓ અંગે પણ તેમની સારવાર કરનાર ડૉ. સંજય કૃષ્ણદાસ પરીખ સાહેદ નં.૬ આંક-૯૩ થી તા.૦૯-૧૧-૦૯ના રોજ ના.કોર્ટે તપાસેલ છે.અને તેઓએ આ સાહેદની બનાવ દરમ્યાન થયેલ ઈજાઓ અંગે પણ સમર્થન આપેલ છે. તે જ રીતે આ સાહેદને થયેલ ઈજાઓ અંગે તેઓની બનાવ સમયે અબ્દુલભાઈ યાકુબભાઈ વ્હોરાના મકાનમાં હિન્દુ કોમના ઝનુની ટોળો દ્વારા આગ લગાડવામા આવેલ અને સળગાવેલ તે દરમ્યાન ઈજા પામનાર સાક્ષીઓ (૧) અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા (૨) ઈદ્રીસ અબ્દુલભાઈ વોરા (૩) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (માતરવાળા) (૪) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (કપડવંજવાળા) (૫) ફકીરમોહંમદ ગફુરભાઈ વોરાનાઓને તા.૬-૩-૨૦૦૨ના

રોજ ઉમરેઠ મુકામે રેફરલ હોસ્પિટલ મુકામે તેઓને થયેલ ઈજા અંગે દાખલ કરેલ હતા અને સદર સાક્ષીઓની શરીરસ્થિતી અંગે આ પંચની હાજરીમાં પંચનામું થયેલ અને તે પંચનામાથી ના.કોર્ટ આંક-૮૬ આપેલ છે. આ સાહેદે ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ અને તે અંગેના તેમની ઈજા ના શરીર સ્થિતીના પંચનામાને પણ ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ ને પણ આ સાહેદ દ્વારા સમર્થન મળેલ છે.આમ આ સાહેદની કોર્ટ સમક્ષની જુબાની ને પણ અન્ય ઈજાપામનાર સાહેદો, પંચ, અને સારવાર કરનાર ડૉકટર દ્વારા પણ સમર્થન મળેલ છે. તેથી આ સાહેદને પણ અને તેને થયેલ ઈજા અંગે કોઈ શંકા રહેતી નથી.

(૫) આ કામમાં નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદ ફીરોજભાઈ ઈસ્માઈલ વોરા કપડવંજવાળા ને સાહેદ નં.૩૫ અને આંક-૨૬૯ થી તા.૨૫/૫/૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૨માં નીચે મુજબ ની હકીકત જણાવે છે કે,

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૨</u>

તા.૨૭/૨/૦૨ના રોજ ગોધરા મુકામે બનાવ બનતા તા.૨૮/૨/૦૨ના રોજ ગુજરાત બંધનું એલાન હતુ તે દિવસે વાતાવરણ તંગ હતું અને ૧/૩/૦૨ના રોજ ભારતબંધનું એલાન હતું. ગોધરા મુકામે ટ્રેન સળગાવવાનો બનાવ બનેલો. કોણે સળગાવેલી તે મને ખબર નથી. તા.૧/૩/૦૨ના રોજ અમારા ગામમાં વાતાવરણ તંગ હતું કારણ કે ગોધરામાં ટ્રેન સળગાવેલી અને બનાવ બનેલો. તા.૧/૩/૦૨ના રોજ શુક્રવાર હતો. તા.૧/૩/૦૨ના રોજ સાડા અગીયારના સુમારે હું બહાર ઓટલા પર બેઠેલો હતો તે વખતે ગામના પાંચ આગેવાનો આવેલા અને તે લોકોએ કહેલુ કે તમે શાંતિથી રહેજો તમને કંઈ થશે નહી તેમ કહીને જતા રહેલા. તે આગેવાનોમાં હરીશ વલ્લભભાઈ, નટુભાઈ સતાભાઈ, આશાભાઈ રામાભાઈ, મિનેશભાઈ પુનમભાઈ, અરૂણભાઈ મુખી આવેલા હતા. આગેવાનો જ્યારે આવેલા ત્યારે હું ઓટલા પર બેઠો હતો ત્યારે મારી સાથે અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા,ઈદ્રીશ અબ્દુલભાઈ, ફકીરમોહંમદ ગફુરભાઈ બેઠેલા હતા તે વખતે મારા મામા ક્યાં હતા તેનો મને ખ્યાલ નથી જે પાંચ આગેવાનો મારા ત્યાં આવેલા તેઓને હું ઓળખુ છું. તે પૈકી આજરોજ કોર્ટમાં રૂબરૂ સાહેદ આરોપીઓ પાસે જઈ આરોપીઓને ઓળખવાનું જણાવતા પરવાનગી આપવામાં આવે છે સાહેદ કોર્ટમાં

હાજર હરીશ વલ્લભભાઈ, મિનેશભાઈ પુનમભાઈ ને હાથની આંગળીથી ઈશારો કરી બતાવે છે તેઓ તે જ હોવાનું પુરવાર થાય છે જ્યારે નુટબાઈ સતાભાઈ, અરૂણ મુખી, આશાભાઈ રામાભાઈ કોર્ટમાં હાજર નથી તેવું જણાવે છે. બાર સાડા બાર વાગે હું જમી પરવારી ઉભો થઈ નમાઝ પઢવા ગયેલો. હું નમાઝ પઢીને દોઢ પોણા બે વાગે પરત આવતા મારા ઘરના તમામ લોકો શીવસદનમાં હતા મને જાણવા મળતા બધા શીવસદનમાં છે. તેથી હું પણ શીવસદનમાં ગયેલો. થોડીવાર બાદ અબ્દુલભાઈ યાકુબભાઈએ ચ્હા પિવાનું કહેતા શીવસદનમાંથી અબ્દુલભાઈ યાકુબભાઈ હું, ફીરોજ માતરવાળો, ઈદ્રીસભાઈ અબ્દુલભાઈ, નુરીબેન ગફુરભાઈ, ફકીરમોહંમદ ગફુરભાઈ અને આયશાબેન અબ્દુલભાઈ અને પાછળથી કાદરભાઈ ચ્હા પીવા માટે આવેલા. અમે બધા ચા પીવા આવેલા તે વખતે શીવસદનમાં યુસુફભાઈ યાકુબભાઈ રહેનાબેન યુસુફભાઈ, જુબેદાબેન યુસુફભાઈ, નુરમોહંમદભાઈ રસુલભાઈ, મરીયમબેન રસુલભાઈ તેઓ બધા શીવસદનમાં રહેલા. અમે બધા ચા પીતા હતા તે વખતે ભાગોળ તરફથી ટોળુ બાંડીયાઓને કાપી નાંખો, મારી નાંખો તેવું બુમો પાડતુ ટોળુ આવેલું અને અબ્દુલભાઈ યાકુબભાઈની કેબીનને તોડફોડ કરતા હતા. તેમજ કેબીનને સળગાવેલ. ત્યારપછી અમારા ગલી તરફ ટોળુ આવ્યુ તે વખતે અમે ઘરમાં ચા પિતા હતા. ટોળાઓના માણસોમાંથી એક વ્યક્તિએ અમારા ઘરના જાળી વાળો દરવાજાનો નકુચો બંધ કરી દીધેલો અને ઓસરીમાં જે ડામચીયો હતો તેમજ તેમાંથી ગાદલા ગોદડા કાઢી પાથરી સળગાવેલા. મે જાળીવાળા ઝાંપામાંથી જોયું તો ટોળામાં વસંતભાઈ, પુનમભાઈ, પ્રકાશભાઈ, જમનાદાસ, હરીશભાઈ, વલ્લભભાઈ, મિનેશભાઈ પુનમભાઈ, રીતેશભાઈ અરવિંદભાઈ, સુરેશ ટાટો, કીરીટભાઈ મનુભાઈ, મહેશભાઈ ઉર્ફે ગોપાલદાસ વાયરમેન, ઉપેન્દ્રભાઈ વિનુભાઈ, સમીર પીધેલી, તે પૈકીના પ્રકાશભાઈ જમનાદાસના હાથમાં તિક્ષ્ણ હથિયાર હતું. મહેશભાઈ વાયરમેનના હાથમાં ફણસી હતી અને ટોળાના માણસોના હાથમાં કેરોસીનના કેરબા અને કાકડા સળગતા હતા તેઓ કેરોસીન નાંખી સળગતા કાંકડા અમારા ઘર પર નાંખતા હતા અને તેથી તે ઘર સળગતા હું ઘરમાં દાઝેલો. ટોળાના જે માણસો અમારા ઘર આગળ આવેલા તેઓને હું ઓળખું છું. સાહેદ આરોપીઓને નજીકમાં જઈને ઓળખવાનું કહેતા પરવાનગી આપવામાં આવે છે. સાહેદ કોર્ટ રૂબરૂ કોર્ટમાં હાજર આઠ આરોપીઓને ઈશારાથી ઓળખી બતાવી તેમના નામ

જણાવે છે. મહેશભાઈ ઉર્ફે ગોપાલદાસ વાયરમેન, પ્રકાશ જમનાદાસ, કીરીટભાઈ મનુભાઈ, હરીશભાઈ વલ્લભભાઈ, વસંતભાઈ પુનમભાઈ, રીતેશ અરવિંદભાઈ, મીનેશભાઈ પુનમભાઈ તેમજ સાહેદ કોર્ટ રૂબરૂ એક આરોપી લાલીયા દેડકા તરીકે ઓળખી બતાવે છે. જેનું નામ નિલેષ મણીભાઈ પટેલ ઉર્ફે લાલાભાઈ જાહેર થાય છે. જે લાલાભાઈનું નામ સાહેદે ટોળાના માણસોમાં જણાવેલ નથી. તેમજ ઉપેન્દ્રભાઈ વિનુભાઈ, સુરેશ ટાટો અને સમીર પીધેલી કોર્ટમાં હાજર નથી તેવુ જણાવે છે હું હાથે પગે દાઝેલો અને ઈદ્રીશભાઈ અબ્દુલભાઈએ જાળીવાળો ઝાંપો જેમ તેમ કરી ખોલીને હું, ઈદ્રીશભાઈ, ફકીરમોહંમદ ગફુર, કાદર ઈસ્માઈલ અમે ચારેય જણા નુરમહંમદ રસુલના મકાનમાં જઈને સંતાઈ ગયેલા. નુરમહંમદ રસુલનું મકાન સળગતું હતુ તેથી કાદરભાઈથી રહેવાયુ નહિ તેથી સહેજ બહાર નીકળતા તેમને નટુ સતાએ જોઈ લેતા તેમણે કહ્યું આવ કાદર તને નહિ મારીએ એમ કહીને બોલાવી લીધેલા અને ત્યારબાદ કાદર બહાર આવતા તેને બધાએ ઘેરી વળી તેમાં પ્રકાશભાઈ જમનાદાસે હથીયારથી, બીપીનભાઈ મણીભાઈએ આગળના ભાગે લાત મારી, સુરેશભાઈ સોમૈયાએ માથામાં કંઈક ઘણ જેવુ મારેલુ વસંતભાઈ પુનમભાઈ, મિનેશભાઈ પુનમભાઈ, પ્રકાશ જમનાદાસ, સુરેશ ટાટો, નટુભાઈ સતાભાઈ, બીપીનભાઈ મણીભાઈ તેઓ બધાએ ઘેરીને તેના પર પેટ્રોલ કેરોસીન છાંટી સળગાવી દીધેલો. કાદર યા અલ્લાહ કરીને ત્યાને ત્યાં જ પડીને મરી ગયેલો. કાદરભાઈને જે ટોળાએ ઘેરી વળેલા તેમાં મિનેશભાઈ પુનમભાઈ, વસંત પુનમભાઈ, પ્રકાશ જમનાદાસ, કોર્ટ રૂબરૂ હાજર છે તે જ છે સુરેશ ટાટો, બીપીન મણીભાઈ, સુરેશ સોમૈયા, નટુ સતાભાઈ, કોર્ટ રૂબરૂ હાજર નથી. કાદરનો બનાવ બનતો હતો ત્યારે મે બનાવ નુરમોહંમદના ઘરની બહાર દાદર નીચે આવીને સંતાઈને જોયુ ટોળુ મલાવભાગોળ તરફ જતુ રહેલ હોય હું, ઈદ્રીશ અબ્દુલ અને ફકીર મહંમદ ગફુરભાઈ નુરમહંમદના ઘરમાંથી નીકળી જયેશભાઈના મકાનમાં જતા રહેલા, જયેશભાઈના મકાનમાં અમને ફીરોજભાઈ માતરવાળો અને અબ્દુલભાઈ યાકુબભાઈ મળેલા. નુરીબેન અને આયેશાબેન અબ્દુલભાઈ યાકુબભાઈના મકાનમાં જ બળીને મરી ગયેલો. હું ઈદ્રીશ, ફકીરમોહંમદ ગફુરભાઈ ફીરોજ માતરવાળા અને અબ્દુલ યાકુબભાઈ અમે પાંચ જણા જયેશભાઈના મકાનમાં ઉપર રતનસીંહના મેડે જઈને સંતાઈ ગયેલા. પાછળથી યુસુફભાઈ યાકુબભાઈ, રેહાનાબેન, અને જુબેદાબેન યુસુફભાઈ એ ત્રણેય જણા

જયેશભાઈના મકાનમાં પાછળથી આવેલા અમે જયેશભાઈના મકાનમાં તમાકુના ઢગલાની પાછળ સંતાઈ ગયેલા ત્યારે ટોળુ બેટરીના પ્રકાશમાં જોવા આવેલા અને કોઈ જીવતુ રહી ગયુ હોય તો મારી નાંખો એવુ બોલતા હતા. હું અને ફકીરમહંમદ ગફુરભાઈ રતનસીંહ મેડા પર સંતાઈ ગયેલા અને બાકીના લોકો કયા ગયા તેની મને ખબર નથી. અમે ગયા ત્યારે રતનસીંહના મેડા પર કોઈ હતુ નહી. રતનસીંહના મેડા પર અમે ત્રણ દિવસ ખાધા પિધા વગર રહેલા ત્રીજા દિવસે બપોરે અમને મીલીટરી પોલીસ લેવા આવેલા અને ફકીરમોહંમદને ત્યારબાદ અમને સુરેલી લઈ ગયેલા. સુરેલીમાં રવિવારનો દિવસ હોવાથી અમારી કોઈ સારવાર થયેલી નહી રાત પડી ગયેલી. સુરેલી મુકામે અમને ફીરોજ માતરવાળા, ઈદ્રીશભાઈ, અબ્દુલભાઈ યાકુબભાઈ મળેલા અને સોમવારે ઉમરેઠ દવાખાને લઈ ગયેલા. દવાખાનામાં અમારી સારવાર થયેલી. હું હાથે પગે, મોઢા પર અને કાન પર દાઝેલો. અમે વીસ પચ્ચીસ દિવસ દવાખાના રહેલા જે બનાવની વિગતો હતી દવાખાનામાં પોલીસને જણાવેલી મે કોર્ટ રૂબરૂ કહેલુ તે બધી હકીકતો તેમને જણાવેલી પછી પોલીસ જતી રહેલી.

<u>ઉલટ તપાસ પેજ નં.૪, પેરા નં.૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેઓ દવાખાનામાં દાખલ થયા તે વખતે પોલીસે તેમનું નિવેદન લીધુ તે અંગે, સુરેલીથી દવાખાને તેમને લાવ્યા અંગે, પોલીસે કરેલ પુછપરછ તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

ઉમરેઠ દવાખાનામાં અમે ગયા તેના કેટલા દિવસ પછી પોલીસ આવેલી તે મને ખ્યાલ નથી. પોલીસ બીજા કે ત્રીજા દિવસે હોસ્પિટલમાં આવેલી. જ્યારે પોલીસ આવી ત્યારે અમે પાંચેય જણા દવાખાનામાં હાજર હતા. પોલીસ આવી ત્યારે અમે તથા અમારી સાથેના બીજા ચારેય લોકો સંપુર્ણ બેભાન હતા. એ વાત ખરી છે કે અમને સોમવારથી દવાખાનામાં અંદરના દર્દી તરીકે દાખલ કરેલા હતા. દવાખાનામાં કોઈ પણ પ્રકારનો ભય કે બીક ન હતી. દવાખાનામાં દાખલ કરતી વખતે બે પોલીસના માણસો હતા અને બીજા બે ત્રણ પબ્લીકના માણસો હતા કોણ હતા તે ખ્યાલ નથી. હવે હું કહુ છું કે દવાખાનામાં લઈ જતી વખતે બે પોલીસના માણસો ન હતા બે પોલીસવાળા દવાખાનામાં લઈ ગયા તેના બીજા ત્રીજા દિવસે

આવેલા. જે બે ત્રણ પબ્લીકના માણસો મારી સાથે દવાખાને લઈ ગયા તેના બીજા ત્રીજા દિવસે આવેલા જે બે ત્રણ પબ્લીકના માણસો મારી સાથે દવાખાને ગયેલા તે સુરેલીના હતા કે કેમ તે મને ખ્યાલ નથી. અમે દવાખાને ગાડીમાં ગયેલા. સફેદ કલરની ટ્રેક્સ જેવી મોટી ગાડી હતી તેમાં લઈ ગયેલા. એ ગાડી પોલીસે બંદોબસ્તમાં રાખેલ હતી કે કેમ તેની મને ખબર નથી. સુરેલીના સરપંચ ફરીદખાન જબરુખાન દવાખાને સાથે આવેલા તે મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે ફરીદખાન અમને પોલીસે રેક્વીઝીટ કરેલી ગાડીમાં પોલીસના માણસો સાથે ઉમરેઠ દવાખાને લઈ ગયેલા. તા.૫-૩-૨૦૦૨ના રોજ પોલીસે દવાખાને આવીને અમારી પુછપરછ કરેલી કે કેમ તે મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે અમારી પુછપરછ એક જ વખત દવાખાનામાં થયેલી તે સીવાય પુછપરછ થઈ નથી. એ વાત ખરી નથી કે પોલીસ વાળાએ દવાખાનામાં એકે એક ઈજા પામનારા પાસે જઈ પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે અમે પાંચેય ઈજા પામનારાઓ ઉમરેઠ દવાખાનામાં એક જ રૂમમાં હતા.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૪</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને ગામનાં આગેવાનો વિશેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૬</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૧૦</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૧૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેઓ બનાવ બાદ કઈ જગ્યાએ સંતાઈ રહેલા હતા અને ત્યાંથી તેમને કોણે બહાર કાઢેલા તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

હું શીવસદનમાં સંતાઈ ગયો હોઉ અને ત્રણ તારીખ સુધી ત્યાં રહ્યો હોઉ તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે મારા જવાબમાં એવુ લખાવેલ છે કે હું તથા ઈદ્રીશ અબ્દુલભાઈ તથા ફકીરમહંમદ વોરાએ રીતે નજીકમાં આવેલ શીવસદન મકાનમાં સંતાઈ ગયેલા એ વાત ખરી છે કે મારા જવાબમાં એવુ લખાવેલ છે કે ત્યારબાદ ત્રીજા દિવસે એટલે કે તા.૩-૩-૦૨ના રોજ અમારી બાજુ પોલીસ આવતા પોલીસના માણસોએ અમોને બહાર કાઢેલા અને અમોને સુરેલી ગામે લઈ ગયેલા અને ગઈકાલે રોજ અમોને ઉમરેઠ સરકારી દવાખાને લાવેલા અને સારવાર કરાવેલ છે અને હાલમાં હું સારવાર હેઠળ છું.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને બનાવ વિશે, અને બનાવ બાદ તેઓ ક્યાં સંતાયેલ હતા અને તેમના બાજુમાં રતનસિંહ અને જયેશભાઈના મકાનમાં કોણ કોણ રહેતું હતુ તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૯, પેરા નં.૨૦</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને પોલીસ ઓડ મુકામેથી બચાવીને સુરેલી મુકામે લઈ ગયેલ તે અંગે તથા તેમને નુરીબેન, આયશાબેન અને કાદરના બનાવ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

આમ આ સાહેદની જુબાનીમાં ૨૦૦૨ ની ચાર્જશીટમાં આઈ.ઓ. દ્વારા દર્શાવવામાં આવેલ આરોપીઓ અને ત્યારબાદ નામદાર કોર્ટે ૩૭ આરોપીઓ સામે ચાર્જ ફરમાવ્યો તે સિવાયના અન્ય બીજી વ્યક્તિઓના નામ પણ સદર સાહેદે નામદાર કોર્ટ સમક્ષ જણાવેલ છે અને તે અનુસંધાને આંક.૨૮૮ અને આંક.૩૪૫ થી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૯ મુજબ નામદાર કોર્ટમાં અરજી કરવામાં આવેલ અને તે અરજી અનુસંધાને નામદાર કોર્ટે અન્ય ચાર આરોપીઓ જોડેલ હતા અને તે અરજીના અનુસંધાને આ સાહેદે આરોપી નં.(૧) સુરેશ ઉર્ફે સોમૈયા રણછોડભાઈ પટેલ (૨) બીપીનભાઈ મણીભાઈ પટેલ (૩) સુરેશ ઉર્ફે ટાટો રણછોડભાઈ પટેલ ને આ સાહેદે નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

સદર સાહેદ બનાવ વખતે તેમના મકાનમાં તેમના મામા અબ્દુલભાઈ, મામી આયશાબેન તથા અન્ય કુટુંબીજનો સાથે ચા પીવા બેઠેલ હતા તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના મામા ના મકાનને આગ લગાડેલ હતી અને આ સાહેદ તથા તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી નાખવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ સાહેદ ઈજા પામેલ હતા અને તેમના મામી આયશાબેન તથા નુરીબેન તેમના મામાના જ ઘરમાં મૃત્યુ પામેલ હતા. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી તેમજ ૨૦૦૨ ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ તેમના પોતાના મકાનમાં હતા તેમ જણાવેલ છે જયારે ૨૦૦૨ ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છે કે, ટોળું આવતા અને ટોળાના માણસોએ પ્રથમ મારા મામા ઈસુબભાઈની બેટરી સ્ટવવાળી દુકાન સળગાવી દીધેલી અમો જે મકાનમાં... દેવતા મુકી સળગાવતા મકાન સળગાવતા સદર મકાનની પાછળથી અમો તમામ ઘરના માણસો જીવ બચાવવા નાઠેલા. અને

મારા મામા મામી તથા મારા મામાના છોકરાઓ વરંડો કુદી નાસી ગયેલા. આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદના મામાના મકાનમાં તેમજ  તેની બાજુમાં આવેલા અન્ય સાહેદોના મકાનમાં પાછળની બાજુએ કોઈ દરવાજો નથી કે બારી નથી કે કોઈ વરંડો નથી કે જેથી પાછળની બાજુએથી આ સાહેદોને નીકળી જવા માટે કોઈ રસ્તો મળે. આમ, ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં આ સાહેદોના મકાનોની પછીતે વરંડો, બારી બારણાં દર્શાવેલ છે તે ખરી હકીકતે છે જ નહીં. તેમજ નામદાર કોર્ટે આંક ૪૫૧ ની અરજી ઉપર બનાવવાવા સ્થળની વિઝીટ કરી તે વખતે પણ બનાવવાળા સ્થળ પર જોતા આ સાહેદના મકાનની પછીતે કોઈ વરંડો છે જ નહીં કે ભુતકાળમાં પણ નહોતો તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ,૨૦૦૨ માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબજ ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના (૮) તો.દારોને ઓળખી બતાવેલ છે. અને ત્યારબાદ ૩૧૯ની અરજી આંક ૨૮૮ અને ૩૪૫ મંજુર થયા બાદ અન્ય ૩ તો.દારોને ઓળખેલ છે. અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો  અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાના મામી આયશાબેન તથા સગાઓને નજરની સામે ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખતા જોયેલ છે. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવા કે ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા, ફકીર મંહમદ ગફુરભાઈ વોરા, ફીરોજભાઈ માતરવાળા પણ આ સાહેદની સાથે બનાવવાળા મકાનમાં હાજર હતા અને બનાવ બન્યો તે વખતે અન્ય સાહેદ જેવા કે ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા, ફકીર મંહમદ ગફુરભાઈ વોરા, ફીરોજભાઈ માતરવાળા વાતને પણ સમર્થન

આપેલ છે.અને આમ સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

આ સાહેદને બનાવ વખતે થયેલ ઈજાઓ અંગે પણ તેમની સારવાર કરનાર ડૉ. સંજય કૃષ્ણદાસ પરીખ સાહેદ નં.૬ આંક-૯૩થી તા.૦૯-૧૧-૦૯ના રોજ ના.કોર્ટે તપાસેલ છે.અને તેઓએ આ સાહેદની બનાવ દરમ્યાન થયેલ ઈજાઓ અંગે પણ સમર્થન આપેલ છે. તે જ રીતે આ સાહેદને થયેલ ઈજાઓ અંગે તેઓની બનાવ સમયે અબ્દુલભાઈ યાકુબભાઈ વ્હોરાના મકાનમાં હિન્દુ કોમના ઝનુની ટોળો દ્વારા આગ લગાડવામા આવેલ  અને સળગાવેલ તે દરમ્યાન ઈજા પામનાર સાક્ષીઓ (૧) અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા (૨) ઈદ્રીસ અબ્દુલભાઈ વોરા (૩) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (માતરવાળા) (૪) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (કપડવંજવાળા) (૫) ફકીરમોહંમદ ગફુરભાઈ વોરાનાઓને તા.૬-૩-૨૦૦૨ના રોજ ઉમરેઠ મુકામે રેફરલ હોસ્પિટલ મુકામે તેઓને થયેલ ઈજા અંગે દાખલ કરેલ હતા અને સદર સાક્ષીઓની શરીરસ્થિતી અંગે આ પંચની હાજરીમાં પંચનામું થયેલ અને તે પંચનામાથી ના.કોર્ટ આંક-૮૬ આપેલ છે. આ પંચે તેમની જુબાની માં ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ અને તે અંગેના તેમની ઈજા ના શરીર સ્થિતીના પંચનામાને પણ ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ ને પણ આ પંચની જુબાની દ્વારા સમર્થન મળેલ છે.આમ આ સાહેદની કોર્ટ સમક્ષની જુબાની ને પણ અન્ય ઈજાપામનાર સાહેદો, પંચ, અને સારવાર કરનાર ડૉકટર દ્વારા પણ સમર્થન મળેલ છે. તેથી આ સાહેદને પણ અને તેને થયેલ ઈજા અંગે કોઈ શંકા રહેતી નથી.

( ૬ ) આ કામમાં સાહેદ ફકીરમહંમદ ગફુરભાઈ વોરા  ને સાહેદ નં. ૩૬ અને આંક-૨૭૦ થી તા.૧૩/૩/૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૧ માં નીચે મુજબ ની હકીકત જણાવે છે કે,

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૧</u>

બનાવ બન્યો તે વખતે હું ઓડ મલાવ ભાગોળ મસ્જીદ સામે રહેતો હતો અને ઓચ્છવલાલ શંકરલાલ શાહના તમાકુની ખળીમાં નોકરી કરતો હતો. હું અને મારી બા સાથે રહેતા હતા અને મારા પિતા ગુજરી ગયેલ છે, ત્રણ બહેનો સાસરીમાં પરણાવીને રહેતી હતી. અમે ઓડમાં જન્મ્યા ત્યારથી રહેતા હતા. તા.૨૭/૨/૦૨ના

રોજ ગોધરામાં ટ્રેન સળગાવવામાં આવેલી તેના કારણે તા.૨૮/૨/૦૨ના રોજ બંધનું એલાન હતુ ગોધરા કાંડમાં શુ બનેલુ કોણે શું કરેલુ તેની મને ખબર નથી. તા.૧/૩/૦૨ ના રોજ પણ બંધનું એલાન હતું. તે દિવસે શુક્રવાર હતો તે દિવસે હુ નમાઝ પઢવા ગયેલો નહિ અને મારા ઘરે જ હતો. હું અગીયાર વાગે ઘરની બહાર બેઠો હતો તે વખતે ચાર, પાંચ આગેવાનો મળવા આવેલા. હું ઈદ્રીશ, ફીરોજ, યુસુફભાઈ વિગેરે ઘરની બહાર બેઠા હતા તે વખતે નટુ સતા, હરીશ વલ્લભ, આશા રામા, અરૂણ મુખી, વસંત પુનમ એ આગેવાનો મળવા આવેલા. એ લોકોએ આશ્વાસન આપેલ કે અમે રેલી કાઢવાના છે તમને કાંઈ થશે નહિ રેલી કાઢીને જતા રહીશું. તે ટ્રેન બળેલી તેમાં હિન્દુઓ બળી ગયેલા તેથી વાતાવરણ તંગ હતુ. તેથી આગેવાનો ધમાલ થવાની શક્યતા હોય તેથી કહેવા આવેલા જે આગેવાનો આવેલા તેઓને હું ઓળખુ છું. એ પાંચ આગેવાન આવેલા તેમાં હરીશ વલ્લભ અને વસંત પુનમ કોર્ટમાં હાજર છે નટુ સતા, અને અરૂણ મુખી, આશા રામા હાજર નથી સાહેદ હરીશ વલ્લભ અને વસંત પુનમને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૨</u>

આગેવાનો ચાલી ગયા બાદ બપોરે બારેક વાગ્યાના અરસામાં, હું અબ્દુલભાઈ યાકુબભાઈ, આયશાબેન અબ્દુલભાઈ, યુસુફભાઈ યાકુબભાઈ, જુબેદાબેન યુસુફભાઈ, રેહાનાબેન યુસુફભાઈ, ફીરોજ ઈસ્માઈલ કપડવંજવાળા,ઈદ્રીશભાઈ, નુરીબેન ગફુરભાઈ,નુરમહંમદ રસુલભાઈ મરીયમબેન રસુલભાઈ, ફીરોજ ઈસ્માઈલ માતરવાલો અમે બધા શીવસદનમાં જઈને બેઠેલા ત્યારબાદ અબ્દુલભાઈ યાકુબભાઈએ ચા પીવા જઈએ તેવુ કહેતા ચા પીવા માટે હું, અબ્દુલભાઈ યાકુબભાઈ, આયશાબેન અબ્દુલભાઈ, મારા બા નુરીબેન ગફુરભાઈ, ફીરોજ માતરવાળા, ફીરોજ કપડવંજવાળા, ઈદ્રીશભાઈ ચા પીવા માટે અબ્દુલભાઈના ઘરે ગયેલા. ત્યારબાદ થોડીવાર બાદ કાદરભાઈ ઈસ્માઈલભાઈ ચા પીવા આવેલા. ત્યારબાદ ચા પીતા હતા તે વખતે મલાવભાગોળ તરફથી ટોળાનો અવાજ આવેલો તેઓ બુમો પાડતા હતા સાલા બાંડીયાઓને કાપી નાંખો, મારી નાંખો તેવી બુમો પાડતા હતા. ત્યારબાદ મસ્જીદ આગળ અમારા મોટાભાઈ અબ્દુલભાઈ યાકુબભાઈનુ કેબીન તોડીફોડી સળગાવી દીધેલું. ત્યારબાદ એ ટોળુ અમારા ગલી તરફ આવેલુ આવીને ટોળાના એક માણસે બહારથી

દરવાજાનો નકુચો બંધ કરી દીધો. ત્યારબાદ ટોળાના માણસોએ અબ્દુલભાઈ યાકુબભાઈના ઓટલા પર જઈ ગાદલા ગોદડાનો ઘોડો દરવાજા આગળ નાંખીને ગાદલા ગોદડાને સળગાવી દીધો.મેં જાળીવાળા ઝાંપામાંથી જોયુ તો તેમાં પ્રકાશ જમનાદાસ, મીનેશ પુનમ, વસંત પુનમભાઈ, નટુ સતા, ઘનશ્યામ વલ્લભ, હરીશ વલ્લભ, લાલા મણીલાલ બકોર, ટીનો ગોપાલદાસ વાયરમેન, વાડીલાલ રાવજી, બીપીનભાઈ મણીલાલ,  સુરેશ ટાટો, સમીર પીધેલી, અલ્પેશ ડેડો, ઉપેન્દ્રભાઈ વિનુભાઈ, સુરેશ સોમૈયો આ બધાને મે ટોળામાં જોયેલા. ટોળાના માણસો કેરોસીનના કેરબા અને કાંકડા લઈને આવેલા ને સળગાવતા હતા અને બુમો પાડતા હતા. ટોળાના માણસો ત્યારબાદ આઘા પાછા થતા અમો દરવાજો તોડીને આગમાંથી કુદીને બહાર નીકળેલા. હું, ફીરોજ કપડવંજવાળા, ઈદ્રીશ અબ્દુલભાઈ ચાર જણા નુરમહંમદના દાદરા નીચે સંતાઈ ગયેલા ત્યારબાદ ઘણી આગ લાગવાથી મારાથી ન રહેવાતા નુરમહંમદ રસુલના સંડાસમાં જઈને સંતાઈ ગયેલો. ત્યારબાદ કાદર પણ બહાર નીકળેલો તેને નટુભાઈ સતાભાઈએ જોઈ લીધેલા તેમણે કાદરને બોલાવેલા અહીયા આવ તને જવા દઉ તને કશુ નહિ કરુ તેવુ તેણે કહેલુ ત્યારબાદ નટુ સતાએ કાદરને પકડી લીધેલો અને આખુ ટોળુ ત્યાં આવેલુ અને કાદરને મારવા લાગેલા અને કાદર પર કેરોસીન સળગતા કાંકડા નાંખી જીવતો સળગાવી દીધેલો કાદર બચાવો બચાવો બુમો પાડતો હતો ત્યારે પ્રકાશ જમનાદાસે લાકડીથી આંતરી રાખેલો તેને જવા દીધેલો નહી. ત્યારપછી ટોળુ ત્યાંથી નીકળી ગયુ તો ત્યા અબ્દુલભાઈના મકાનમાં મારી બા નુરીબેન અને આયશાબેન અબ્દુલભાઈ મરેલી હાલતમાં ત્યાં પડેલા હતા.ત્યારબાદ બહાર આવ્યો ત્યારે કાદરની લાશ બળેલી પડેલી જોઈ ત્યારબાદ હું, ઈદ્રીસ અબ્દુલ, ફીરોજ કપડવંજવાળાએ ત્રણ જણા જયેશભાઈના મકાનમાં જતા રહેલા જયેશભાઈના મકાનમાં બેઠા હતા ત્યારે ત્યાં ફીરોજ માતરવાળા અને અબ્દુલ યાકુબભાઈ ત્યાં આવેલા.ત્યારબાદ શીવસદનમાંથી યુસુફભાઈ, રહેનાબેન, જુબેદાબેન, મરીયમબેન, નુરમહંમદ રસુલ તેઓ પણ જયેશભાઈ ના મકાનમાં આવેલા. અમે બધા તમાકુના ઢગલા પાછળ સંતાઈ રહેલ ત્યારે ટોળુ પાછુ આવેલુ કે કોઈ બાકી રહી ગયુ છે કે કેમ તે બેટરીઓ મારીને જોતુ હતુ અને બાકી રહેલાને મારી નાંખો તેવુ બોલતા હતા. ત્યારપછી હું અને ફીરોજ (કપડવંજ) રતનસીંહના મેડા પર જતા રહેલા અને યુસુફભાઈ રહેનાબેન, જુબેદાબેન,ફીરોજ માતરવાળા, ઈદ્રીશ, અબ્દુલભાઈ યાકુબભાઈ,

નુરમહંમદ,મરીયમબેનએ બધા શીવસદનમાં પાછા જતા રહેલા. શનીવારે સવારે અમે જોયુ તો ટોળાના માણસો જે લોકોએ ઘર બાળેલા તે જ માણસો અમારા ઘરવખરીનો સામાન લુંટીને લઈ ગયેલા. રવિવારે સવારે અમે જોયુ તે વસંત પુનમ, મીનેશ પુનમ, કીરીટ મનુ, મહોન રમેશ, સુર્યકાન્ત પેટ્રોલ પંપ વાળાએ કાદરની લાશનો નાશ કરેલો. કાદરની લાશ પડેલી હતી તેને બાળીને નાશ કરી દીધેલી સાજે પાંચ છ વાગ્યાના અરસામાં પોલીસ અમને હું અને ફીરોજ કપડવંજવાળાને લેવા આવેલી. પોલીસ રતનસીંહના મેડા પર ચડીને નળીયા તોડીને અમને બધાને બહાર કાઢેલા પોલીસવાળા અમને લઈને સુરેલી ગામ મુકી આવેલા ટોળો આગ લગાડેલી તેમાં અમે દાઝી ગયેલા બે પગે અને બે હાથે દાઝેલા સુરેલી ગામમાં રાતે અમારી મલમપટ્ટી કરેલી અને સોમવારે સવારે અમને ઉમરેઠ દવાખાને લઈ ગયેલા. ઉમરેઠ મુકામે દવાખાનામાં દસ પંદર દિવસ સારવાર માટે રહેલો. પોલીસે મારો ઉમરેઠ દવાખાનામાં જવાબ લીધેલો.મે જે કંઈ હકીકતો જણાવેલી તે મે પોલીસને લખાવેલું.અમોએ ટોળામાં જે માણસોને જોયેલા તેઓને હું ઓળખુ છું સાહેદ આરોપીઓ પાસે જઈ કોર્ટ રૂબરૂ ઓળખવાનો પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવે છે. સાહેદ કોર્ટ રૂબરૂ સાત આરોપીઓને ઓળખી બતાવે છે તેમના નામ ટીનો ઉર્ફે મહેશ ગોપાલદાસ વાયરમેન, ઘનશ્યામ વલ્લભભાઈ, હરીશ વલ્લભભાઈ, પ્રકાશ જમનાદાસ, લાલો મણીભાઈ બકોર, વસંત પુનમ અને મીનેશ પુનમ હોવાનું જાહેર કરે છે તે આરોપીઓને પુછતા તે હોવાનું જાહેર થાય છે. તેમાં ઉપેન્દ્ર વિનુ, બીપીન મણી, નટુ સતા, સુરેશ સોમૈયા, વાડીલાલ રાવજી, અલ્પેશ ડેડો, સમીર પીધેલી, સુરેશ ટાટો તેઓ કોર્ટ રૂબરૂ હાજર નથી. કાદરભાઈને બાળીને નાશ કરવા માટે જે લોકો હતા તે પૈકી સાહેદ મીનેશ પુનમ, વસંત પુનમ, કીરીટ મનુ કોર્ટમાં ઓળખી બતાવે છે. સુર્યકાન્ત પેટ્રોલપંપવાળા અને મોહન રમેશ કોર્ટમાં નથી. હું જન્મથી ગામમાં રહેતો હોવાથી તમામ આરોપીને ઓળખું છું.

<u>ઉલટ તપાસ પેજ નં.૪, પેરા નં.૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને ઉમરેઠ દવાખાને સારવાર માટે દાખલ કર્યા તે વિશે, બનાવ વિશે, કાદરની લાશ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૯</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૧, પેરા નં.૧૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને બનાવ વિશે, જે મકાનો હતા તે મકાનની સ્થિતિ અંગે, જયેશભાઈના મકાનો વિશે તથા તેમની સાથેના અન્ય વ્યક્તિઓ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૪, પેરા નં.૧૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમની સારવાર દરમ્યાન ડોક્ટરની તેમની ઈજા વિશે જણાવેલ કે નહિ, અને શરીર સ્થિતિના પંચનામાં અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૫, પેરા નં.૧૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને ટોળાનાં માણસોને ઓળખ્યા અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૫, પેરા નં.૧૯</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને નુરીબેન અને આયશાબેન કયા મકાનમાં તેમનો બનાવ બનેલ તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી. અને આ સાહેદની જુબાનીમાં ૨૦૦૨ ની ચાર્જશીટમાં આઈ.ઓ. દ્વારા દર્શાવવામાં આવેલ આરોપીઓ અને ત્યારબાદ નામદાર કોર્ટે ૩૭ આરોપીઓ સામે ચાર્જ ફરમાવ્યો તે સિવાયના અન્ય બીજી વ્યક્તિઓના નામ પણ સદર સાહેદે નામદાર કોર્ટ સમક્ષ જણાવેલ છે અને તે અનુસંધાને આંક. ૨૮૮અને આંક. ૩૪૫ થી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૯ મુજબ નામદાર કોર્ટમાં અરજી કરવામાં આવેલ અને તે અરજી અનુસંધાને નામદાર કોર્ટે અન્ય ચાર આરોપીઓ જોડેલ હતા. અને તે અરજી ના અનુસંધાને આ સાહેદે આરોપી નં.(૧) સુરેશ ઉર્ફે સોમૈયા રણછોડભાઈ પટેલ (૨) બીપીનભાઈ મણીભાઈ પટેલ (૩) સુરેશ ઉર્ફે ટાટો રણછોડભાઈ પટેલ ને આ સાહેદે નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

સદર સાહેદ બનાવ વખતે અબ્દુલભાઈના મકાનમાં તેમના માતા નુરીબેન તથા અન્ય કુટુંબીજનો સાથે ચા પીવા બેઠેલ હતા. તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના મકાનને આગ લગાડેલ હતી. અને આ સાહેદ તથા તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી નાખવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો. અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ સાહેદ ઈજા પામેલ હતો. અને તેમના માતા નુરીબેન તથા આયશાબેન અબ્દુલભાઈ ના જ ઘરમાં મૃત્યુ પામેલ હતા. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી. તેમજ ૨૦૦૨ ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ તેમના અબ્દુલભાઈ મકાનમાં હતા તેમ જણાવેલ છે જયારે ૨૦૦૨ ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છે કે, ‘‘આ ટોળું મારા ઘરમાં ઘુસી ગયેલુ અને મારા ઘરમાં મારી બા નુરીબેન ગફુરભાઈ તથા આયશાબેન અબ્દુલભાઈ વોરાનાઓ હતા. અને આ ટોળાના માણસોએ મારા ઘરમાં પેસી પેટ્રેલ તથા કેરોસીન નાંખી સળગાવેલું અને હુ જ્યા ટીવી જોવા બેસેલ તે મકાનમાં પણ ટોળાના માણસો પેસી પેટ્રોલ અને કેરોસીન નાંખી સળગાવતા હું પણ જીવ લઈને સળગતી આગમાંથી નાઠેલો.’’ ‘‘મારા ઘરને આગ લાગતા મારા ઘરમાં મારી બા નુરીબેન

તથા આયશાબેન બાર નીકળી શકેલ નહી અને બંન્ને જણા આગમાં બળીને ભડથુ થઈ ગયેલા.'' આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદ તેમના પોતાના મકાનમાં નહી પરંતુ અબ્દુલભાઈ યાકુબભાઈના મકાનમાં તેઓ તથા તેમની માતા નુરીબેન હાજર હતા અને તે વખતે ટોળાએ આવીને અબ્દુલભાઈના મકાન ઉપર હુમલો કરેલ અને સળગાવેલ અને તે મકાનમાંજ તેઓને બાળી નાંખવામાં આવેલા હતા. આમ આ સાહેદ ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે. આમ, ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં આ સાહેદોના નિવેદનોમાં ચેડા કરેલ છે અને તેમના નિવેદનોથી તદ્દન વિરોધાભાસ નિવેદન અને બનાવોની જગ્યા દર્શાવેલ છે. આમ,૨૦૦૨ માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબજ ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના સાત (૭) તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જે તે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે.અને ઓળખી બતાવેલ છે. આમ સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

આ સાહેદને બનાવ વખતે થયેલ ઈજાઓ અંગે પણ તેમની સારવાર કરનાર ડૉ. સંજય કૃષ્ણદાસ પરીખ સાહેદ નં.૬ આંક – ૯૩ થી તા.૦૯.૧૧-૦૯ના રોજ ના.કોર્ટે તપાસેલ છે.અને તેઓએ આ સાહેદની બનાવ દરમ્યાન થયેલ ઈજાઓ અંગે પણ સમર્થન આપેલ છે. તે જ રીતે આ સાહેદને થયેલ ઈજાઓ અંગે તેઓની બનાવ સમયે અબ્દુલભાઈ યાકુબભાઈ વોરાના મકાનમાં હિન્દુ કોમના ઝનુની ટોળો દ્વારા આગ લગાડવામા આવેલ અને સળગાવેલ તે દરમ્યાન ઈજા પામનાર સાક્ષીઓ (૧) અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા (૨) ઈદ્રીસ અબ્દુલભાઈ વોરા (૩)

ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (માતરવાળા) (૪) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (કપડવંજવાળા) (૫) ફકીરમોહંમદ ગફુરભાઈ વોરાનાઓને તા.૬-૩-૨૦૦૨ના રોજ ઉમરેઠ મુકામે રેફરલ હોસ્પિટલ મુકામે તેઓને થયેલ ઈજા અંગે દાખલ કરેલ હતા. અને સદર સાક્ષીઓની શરીરસ્થિતી અંગે આ પંચની હાજરીમાં પંચનામું થયેલ અને તે પંચનામાથી ના.કોર્ટ આંક - ૮૬ આપેલ છે. આ સાહેદે ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ અને તે અંગેના તેમની ઈજાના શરીર સ્થિતીના પંચનામાને પણ ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ ને પણ આ સાહેદ દ્વારા સમર્થન મળેલ છે.આમ આ સાહેદની કોર્ટ સમક્ષની જુબાની ને પણ અન્ય ઈજાપામનાર સાહેદો, પંચ, અને સારવાર કરનાર ડૉકટર દ્વારા પણ સમર્થન મળેલ છે. તેથી આ સાહેદને પણ અને તેને થયેલ ઈજા અંગે કોઈ શંકા રહેતી નથી.

(૭) આ કામમાં સાહેદ ફીરોજ ઈસ્માઈલ વોરા માતરવાળા ને સાહેદ નં.૩૭ અને આંક-૨૭૨ થી તા.૨૬.૫.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૧માં નીચે મુજબની હકીકત જણાવેલ છે કે,

સરતપાસ પેજ નં.૧, પેરા નં.૧

મારું મુળ ગામ માતર છે. અને ઓડ મુકામે મારુ મોસાળ આવેલ છે. મારા મામાનું નામ નુરમહંમદ રસુલભાઈ છે. હું બનાવના ત્રણ મહિના પહેલા ઓડ મુકામે ઘનશ્યામભાઈ પટેલના મકાનમાં ભાડે રહેતો હતો.અને ડ્રાઈવીંગનું કામ કરતો હતો.બનાવના દોઢ વર્ષ પહેલા મારા લગ્ન ઉમરેઠ મુકામે અસ્માબેન સાથે થયેલા. બનાવ વખતે મારા પત્નિ તેમના પીયર કાલસર મુકામે ગયેલી અને હુ એકલો હોવાથી બનાવ વખતે મારા મામાને ત્યાં ખાવા પીવા જતો હતો. મને ઓડ મુકામે ભાણાભાઈ તરીકે ઓળખવામાં આવે છે. તા.૨૭-૨-૦૨ના રોજ ગોધરા મુકામે ગાડી સળગાવેલ હોવાના કારણે આખા ગુજરાતમાં ૨૮મી અને પહેલી તારીખે બંધનું એલાન હતું. તા.૧-૩-૦૨ના રોજ શુક્વારનો દિવસ હતો અને ગામમાં વાતાવરણ તંગ હોવાથી હુ સવારે નવ વાગ્યાના સુમારે મારા ઘરેથી મામાના ઘરે ગયેલો. અને મામાના ઘરેથી બસસ્ટેન્ડ તરફ ગયેલો. ત્યાં હું થોડીવાર રોકાયેલો અને અગીયાર સાડા અગીયાર વાગે મામાના ત્યાં ખાવા માટે આવેલો. હું જમીને થોડીવાર પછી ઘંટીના ઓટલા પર બેસવા ગયેલો અને ત્યાંથી થોડીવાર પછી ઘરમાં આવ્યો ત્યારે મામા-મામી ઘરમાં દેખાયેલા નહિ અને તે લોકો શીવસદનમાં જતા

રહેલા હતા તેથી હું પણ શીવસદનમાં ગયેલો. શીવસદનમાં ગયો તે વખતે ત્યાં યુસુફભાઈ, આયશાબેન, જુબેદાબેન, રહેના, ઈદ્રીશ, ફકીરમહંમદ ગફુરભાઈ, ફીરોજ કપડવંજવાળા, નુરમહંમદ રસુલ, મરીયમબેન, અબ્દુલભાઈ તે બધા ભેગા ત્યાં બેઠા હતા, થોડીવાર બાદ અબ્દુલભાઈ એ ચા પીવી છે તેવુ કહ્યું તેથી હું અબ્દુલભાઈ, આયશાબેન, ફીરોજ કપડવંજવાળા, ફકીરમહંમદ ગફુરભાઈ, નુરીબેન, ઈદ્રીશ, તે રીતે અમો બધા ચા પીવા માટે અબ્દુલભાઈના ઘરે આવ્યા ચા પીધી તે વખતે દોઢથી બે વાગાના સુમારે બહાર બુમ બરાડા સાંભળેલા અને મલાવ ભાગોળ તરફથી ટોળુ આવેલુ અને તેઓ બુમો પાડતા હતા કે બાંડીયાઓને મારી નાંખો કાપી નાંખોની બુમો પાડતા હતા. અમે અબ્દુલભાઈના ઘરે ચા પીતા હતા તે વખતે કાદર પણ ત્યાં આવેલો. એ ટોળુ અમારી ગલી તરફ આવેલુ એ ટોળાના માણસોમાંથી એક વ્યક્તિએ અબ્દુલભાઈના ઘરનો જાળીવાળો દરવાજો બહારથી બંધ કરી દીધેલો. અને બહાર ગોદડાનો ઘોડો પાડી નાંખેલો અને એ ગોદડા પર કેરોસીન છાંટી અને સળગાવેલો. મે એ ટોળુ જોયુ તો એ ટોળામાં નટુ સતા, રીતેશ અરવિંદ, પીનલ વિનુ, હરીશ વલ્લભ, પ્રકાશ જમનાદાસ, મહેશ ગોપાલદાસ, અશોક ડાહ્યા, સચીન રમેશ, નિલેષ મણીલાલ પટેલ, સુરેશ સોમૈયા, સુરેશ રણછોડ, ઉપેન્દ્ર વિનુ, ઉમેશ દિનુ, સમીર પીધેલી હતા. ટોળાના બધા માણસો હથીયારો સાથે હતા. તે હથીયારો કયા હતા તે હાલ યાદ નથી. એ ટોળાએ ઘોડો પાડીને ગાદલા ગોદડાને સળગાવી દીધેલ. હું ડામચીયો સળગતો હોવાથી તેના ઝાળથી દાઝી ગયેલો હું બંને કાન અને નાક પર, બંને હાથ પર દાઝી ગયેલો. તેથી હુ ઘરના અંદર જઈ ધાતુના ડબા પર ચઢીને મે ઘોડાનો સહારો લઈ પતરાને ઉંચુ કરી હું પતરા વડે બહાર નીકળી ગયેલો અને પતરા પરથી મે એક લારી પડી હતી તે પર કુદકો મારીને જયેશભાઈના કમ્પાઉન્ડમાં દાખલ થઈ જયેશભાઈના મકાનમાં બીજા માળે રતનસીંહના મેડામાં જઈને સંતાઈ ગયેલો. હું પતરું ઉંચુ કરીને ઘરમાંથી એકલો નીકળી ગયેલો. મારા સીવાય બીજા ચા પીવા આવેલા એ લોકોનું શું થયુ તેની મને ખબર નથી અને મારા મનમાં એ લોકો બધા મળીને મરી ગયા છે તેવુ થયેલું. મને જયેશભાઈના ઘરમાંથી ઈદ્રીશની મમ્મીનો અવાજ સંભળાતો હતો તે કહેતી હતી ઈદ્રીશ મને કાઢ, તેમજ નુરીબેન પણ બુમો પાડતા હતા બચાવો બચાવોની બુમો પાડતા હતા, થોડીવાર પછી બધુ શાંત થઈ ગયેલુ તેથી અબ્દુલભાઈના ઘરના બધા લોકો મરી ગયા છે તેવુ મને લાગેલુ. મે થોડીવાર પછી

જોયુ તો રતનસીંહના મેડાના બારીમાંથી કાદરને ટોળાએ ઘરેલો હતો જે ટોળાએ કાદરને ઘરેલો મે જે નામો આગળ લખાવ્યા તે હતા. તેઓ સિવાય બીજા ટોળાના માણસો હતા. અને કાદરની બુમો સંભળાતી હતી. પછી મને બીક લાગતા મે વધુ કશુ જોયેલુ નહિ અને બેસી ગયેલો. મેં કાદરને ટોળાએ ઘેરી વળેલો અને કાદરની બુમો સાંભળાતી હતી. ત્યારબાદ કાદર પર કોઈ એ કેરોસીન છાંટેલુ તે જોયેલું અને મને લાગ્યું કે કાદરને સળગાવશે તેવુ લાગતા મે જોયુ નહિ. અને હું ગભરાઈ ને બેસી ગયેલો અને કાદરના બુમ બરાડા સંભળાતા હતા. કાદર મને ન મારશો એવા બધા બુમ બરાડા કરતો હતો. કાદરનો થોડીવાર પછી અવાજ બંધ થઈ ગયો. થોડીવાર પછી શાંત પડતા ટોળુ જતુ રહ્યું તેવુ લાગતા પછી નીચે ઉતરીને જયેશભાઈના કમ્પાઉન્ડમાં અબ્દુલ યાકુબભાઈ, ફકીરમહંમદ ગફુર, ઈદ્રીશ, ફીરોજ કપડવંજવાળા એ ચાર જણા મને માળેલા. થોડીવાર પછી શીવસદનમાંથી યુસુફભાઈ, જુબેદાબેન, રેહાનાબેન, નુહમહંમદ અને મરીયમબેન એ લોકો જયેશભાઈના કમ્પાઉન્ડમાં આવેલા અમે બધા ભેગા થઈ ગયેલા અને જઈને તમાકુના ખળીના ઢગલા પાછળ જઈ ને સંતાઈ ગયેલા. મોડી રાતે ટોળાના માણસો આવેલા કોઈ બચી ગયુ છે કે કેમ અને બચી ગયું છે. તો મારી નાંખો એવા બુમ બરાડા કરતા હતા થોડીવાર પછી હું, ઈદ્રીશ, અબ્દુલભાઈ, નુરમહંમદ, મરીયમબેન, યુસુફભાઈ, રેહાનાબેન, અમે બધા કમ્પાઉન્ડની બહાર આવેલા અને રસ્તા પર બળેલી હાલતમાં કાદરની લાશ જોયેલી અને બધા અમે ત્યાંથી શીવસદનમાં જતા રહેલા. ફીરોજ કપડવંજવાળા અને ફકીરમહંમદ બે જણા તમાકુની પાછળ સંતાઈ રહેલા. ત્રીજી તારીખે રવીવાર સુધી અમે બધા શીવસદનમાં સંતાઈ રહેલા. ત્યારબાદ અને બધા ત્યાંથી નીકળીને વહેલીસવારે બહાર આવેલ ત્યાં કાદરની લાશ બાળેલી હાલતમાં જોયેલી પછી ભાટવાડાના રસ્તે કબીર મંદિર થઈ ખેતરોમાં સુરેલી ચાલી ગયેલા સુરેલી મુકામ જઈને અમે અમારા બે માણસો ફકીરમહંમદ ગફુર અને ફીરોજ કપડવંજવાળા ઓડમાં રહી ગયેલા છે તે સુરેલી કેમ્પમાં જણાવેલું અને હું દાઝી ગયેલ હોવાથી રવીવારનો દિવસ હોય આજે દવાખાનું બંધ છે. બીજા દિવસે દવાખાને લઈ જઈશુ તેવુ જણાવેલું. ફકીરમહંમદ અને ફીરોજ કપડવંજવાળાને સાંજે પોલીસવાળા ઓડથી સુરેલી કેમ્પમાં મુકવા આવેલા ૪થી તારીખે સોમવારે સવારે મને ઈદ્રીશ, ફકીરમહંમદ, ફીરોજ કપડવંજવાળા, અબ્દુલભાઈ અમને પાંચેય જણાને સુરેલીના બે ત્રણ વ્યક્તિઓ અને

યુસુફભાઈ અમારી સાથે ઉમરેઠ દવાખાને લઈ ગયેલા. દવાખાને લઈ ગયા બાદ ત્યાંના એક માણસે નામ, ઠામ, સરનામું, પુછેલું પછી ડોક્ટરે એક ઈન્જેક્શન મારેલ જેથી. હું બેભાન જેવો થઈ ગયેલો અને પછી વોર્ડ માં લઈ ગયેલા અને પાંચેય જણાને સારવાર માટે વોર્ડમાં રાખેલા. બીજા દિવસે પાંચ તારીખે પોલીસવાળા બે માણસો આવેલા. અને બીજા બે માણસો સાદા ડ્રેસમાં જણાવેલી. જે સરતપાસમાં હકીકતો કહી તે પોલીસને હકીકતો જણાવેલી. હું આશરે વીસ પચ્ચીસ દિવસ દવાખાનામાં રહેલો.

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૨</u>

જે ટોળાના માણસો બનાવ વખતે આવેલા તેઓને હું ઓળખું છું. સાહેદ નજીકમાં જઈ આરોપીઓને ઓળખવાની પરવાનગી માંગતા આપવામાં આવે છે. સાહેદ કોર્ટ રૂબરૂ આરોપીઓ તરીકે હાજર માણસોમાંથી માણસોને આરોપી તરીકે ઓળખાવે છે તેઓના નામા અશોક ડાહયાભાઈ, રીતેશ અરવીંદભાઈ, પ્રકાશ, જમનાદાસ, નિલેષ મણીભાઈ, હરીશભાઈ વલ્લભભાઈ અને મહેશ ગોપાલદાસ તરીકે જણાવે છે સદર આરોપીઓને પુછતા તે તે જ હોવાનું કોર્ટને જાહેર થાય છે. જ્યારે નટુ સતા, સચીન રમેશ, પીનલ દીનુ, ઉપેન્દ્ર વિનુ, ઉમેશ દિનુ, સુરેશ સોમૈયા, સુરેશ રણછોડ, સમીર પીધેલી કોર્ટ રૂબરૂ હાજર નથી. સમીર પુનમભાઈ પટેલને અમારા ગામમાં સમીર પીધેલી ગણે છે. જે નામ લખાવ્યા છે એ જ માણસો અને ઉપરાંતના બીજા ટોળાના માણસો કાદરના બનાવમાં હતા.

<u>ઉલટ તપાસ પેજ નં.૪, પેરા નં.૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને  તેમના પરીવાર તથા ક્યાં રહેતા હતા તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેઓને આયશાબેન અને નુરીબેનના બનાવ વિશે, પોલીસ નિવેદન, સારવાર માટે ઉમરેઠ મુકામે દવાખાને લઈ ગયા, સુરેલીના આગેવાનો, ડોક્ટરને તો.દારો ના નામ આપવા અંગે,

થયેલ ઈજા અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૬</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને પોલીસ દ્વારા લીધેલ નિવેદન, શરીર સ્થિતિના પંચનામાં વિશે અને આરોપીઓના નામો આપવા અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને બીનસરકારી સંસ્થા દ્વારા, શીખવાડવા અંગે, પોલીસ નિવેદનની હકીકત અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૯</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧૦</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૯, પેરા નં.૧૧</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૯, પેરા નં.૧૨</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૦, પેરા નં.૧૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૦, પેરા નં.૧૬</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને આયશાબેન અને નુરીબેનના બનાવ જે જગ્યાએ બન્યો તે જગ્યા આ સાહેદ જે જગ્યા સંતાયેલ હતા ત્યાંથી જોઈ શકાય કે નહી જોઈ શકાય તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૧, પેરા નં.૧૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને જયેશભાઈ અને રતનસિંહના કુંટુંબ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૧, પેરા નં.૧૮</u>

હું જે પતરુ ઉંચુ કરીને નીકળ્યો તે પતરું છુટુ હતુ અને બાકીના બધા પતરા જોડેલા હતા એ પતરુ અબ્દુલભાઈના મકાનમાં પાછળના ભાગે છુટું મુકેલું હતુ. હું જે પતરાની વાત કરુ છું તે લોખંડના લાંબા પતરા હોય છે તેની વાત કરુ છું. મારા જણાવ્યા મુજબ હું નીકળ્યો તે એક જ પતરું ખુલ્લુ હતુ. હું જે પતરામાંથી નીકળ્યો તે પતરામાંથી મે અબ્દુલભાઈને એક હાથે પતરુ ઉંચુ કરી બહાર કાઢેલ હોય તેવુ બનેલ નહિ. મેં પતરુ ઉંચુ કરીને બહાર નીકળી ગયા બાદ મેં પતરું નીચે મુકી દીધેલ હતું. મારા નીકળ્યા બાદ બીજા કોઈએ પતરુ ઉચું કરીને બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો હોય તે મને ખબર નથી. એ વાત ખરી છે કે અબ્દુલભાઈનો આગળનો દરવાજો બંધ થઈ ગયેલ હોય અને આગળનો લાકડાનો ઘોડો સળગી ગયેલ હોય તે અને ઘર સળગશે તો મરી જઈશ તેવી અંતિમ ક્ષણો લાગતા પતરુ ઉંચુ કરી બહાર નીકલી ગયેલો. મેં નીકળતી વખતે કોઈને પાછળ પાછળ નીકળેલો જવા બુમો પાડેલ નહિ.

મે ડબો મુકીને ઘોડાનો સહારો લઈ ઉપર પતરું ઉંચકાવી બહાર નીકળેલો તેમાં અબ્દુલભાઈના ઘરમાં ચા પીવાવાળાઓ કોઈએ મને મદદ કરેલી નહી. પતરું ઉપાડીને જયેશભાઈના કમ્પાઉન્ડમાં જે દિવાલ બારેક ફુટ ઉંચી છે તેમાંથી ઉંચી લારી પર કુદેલો અને લારી પરથી કમ્પાઉન્ડમાં કુદેલો તેમા મને કોઈ ઈજા થઈ નથી. એ વાત ખરી નથી કે હું અબ્દુલભાઈના ઘરમાં હતો જ નહિ અને નુરમહંમદ મામાના ઘરમાં હતો. ત્યાંથી બનાવ શરૂ થતા વરંડો કુદીને નીકળી ગયેલો. એ વાત ખરી નથી કે અબ્દુલભાઈના ઘરે હતો અને સરતપાસમાં મે જે હકીકતો લખાવી તે સોગંદ પર ખોટી લખાવી છે. એ વાત ખરી નથી કે મે બિન સરકારી સંસ્થાના કહેવાથી ખોટી હકીકતો લખાવી છે. એ વાત ખરી નથી કે મેં સોગંદ પર ખોટી રીતે ખોટા લોકોના નામો આપેલ છે. અને ખોટી જુબાની આપી છે.

<u>ઉલટ તપાસ પેજ નં.૧૨, પેરા નં.૧૯</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

અને આ સાહેદની જુબાનીમાં ૨૦૦૨ ની ચાર્જશીટમાં આઈ.ઓ. દ્વારા દર્શાવવામાં આવેલ આરોપીઓ અને ત્યારબાદ નામદાર કોર્ટે ૩૭ આરોપીઓ સામે ચાર્જ ફરમાવ્યો તે પૈકીના છ તો.દારો સિવાયના અન્ય બીજી વ્યક્તિઓના નામ પણ સદર સાહેદે નામદાર કોર્ટ સમક્ષ જણાવેલ છે અને તે અનુસંધાને આંક. ૨૮૮ અને આંક . ૩૪૫ થી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૯ મુજબ નામદાર કોર્ટમાં અરજી કરવામાં આવેલ અને તે અરજી અનુસંધાને નામદાર કોર્ટે અન્ય ચાર આરોપીઓને જોડેલા તે ચાર આરોપી ઓ માથી આરોપી ન. (૧) સુરેશ ઉર્ફે સોમૈયા રણછોડભાઈ પટેલ (૨) સુરેશ ઉર્ફે ટાટો રણછોડભાઈ પટેલ ને આ સાહેદે નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

સદર સાહેદ બનાવ વખતે અબ્દુલભાઈના મકાનમાં તેમના સંગાસંબંધી સાથે તથા અન્ય કુટુંબીજનો સાથે ચા પીવા બેઠેલ હતા. તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના મકાનને આગ લગાડેલ હતી. અને આ સાહેદ તથા તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી નાંખવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ સાહેદ ઈજા પામેલ હતા. અને તેમના મામા અબ્દુલભાઈના ઘરમાં જ અબ્દુલભાઈના પત્ની આયશાબેન અને

નુરીબેન મૃત્યુ પામેલ હતા. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી તેમજ ૨૦૦૨ ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ અબ્દુલભાઈના મકાનમાં હતા તેમ જણાવેલ છે જયારે ૨૦૦૨ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છે કે, “હું મારા મામાના મકાનના પાછળના દરવાજે થઈ નાંસવા જતા ટોળાના માણસોએ મારા ઉપર કેરોસીન,પેટ્રેલ છાંટી સળગતો કાગળો નાંખતા હું પણ સળગેલો.” આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદના મામાના મકાનમાં તેમજ અન્ય સાહેદોના બાજુમાં આવેલા અન્ય સાહેદોના મકાનમાં પાછળની બાજુએ કોઈ દરવાજો નથી કે બારી નથી કે કોઈ વરંડો નથી કે જેથી પાછળની બાજુએથી આ સાહેદોને નીકળી જવા માટે કોઈ રસ્તો મળે. આમ, ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં આ સાહેદોના મકાનોની પછીતે વરંડો, બારી બારણાં દર્શાવેલ છે તે ખરી હકીકતે છે જ નહીં. તેમજ નામદાર કોર્ટે આંક ૪૫૧ ની અરજી ઉપર બનાવવાવા સ્થળની વિઝીટ કરી તે વખતે પણ બનાવવાળા સ્થળ પર જોતા આ સાહેદના મકાનની પછીતે કોઈ વરંડો છે જ નહીં કે ભુતકાળમાં પણ નહોતો તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ,૨૦૦૨ માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબજ ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના આઠ તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આમ,

સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

આ સાહેદને બનાવ વખતે થયેલ ઈજાઓ અંગે પણ તેમની સારવાર કરનાર ડૉ. સંજય કૃષ્ણદાસ પરીખ સાહેદ નં.૬ આંક-૯૩ થી તા.૦૯-૧૧-૦૯ના રોજ ના.કોર્ટે તપાસેલ છે.અને તેઓએ આ સાહેદની બનાવ દરમ્યાન થયેલ ઈજાઓ અંગે પણ સમર્થન આપેલ છે. તે જ રીતે આ સાહેદને થયેલ ઈજાઓ અંગે તેઓની બનાવ સમયે અબ્દુલભાઈ યાકુબભાઈ વ્હોરાના મકાનમાં હિન્દુ કોમના ઝનુની ટોળો દ્વારા આગ લગાડવામા આવેલ અને સળગાવેલ તે દરમ્યાન ઈજા પામનાર સાક્ષીઓ (૧) અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા (૨) ઈદ્રીસ અબ્દુલભાઈ વોરા (૩) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (કપડવંજવાળા) (૪) ફકીરમોહંમદ ગફુરભાઈ વોરા તથા આ સાહેદને તા.૬-૩-૨૦૦૨ના રોજ ઉમરેઠ મુકામે રેફરલ હોસ્પિટલ મુકામે તેઓને થયેલ ઈજા અંગે દાખલ કરેલ હતા. અને સદર સાહેદની શરીરસ્થિતી અંગે પંચની હાજરીમાં પંચનામું થયેલ. અને તે પંચનામાને ના.કોર્ટ આંક-૮૬ આપેલ છે. આ સાહેદે અન્ય ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ અને તેઓની ઈજાના શરીર સ્થિતીના પંચનામાને પણ ઈજા પામનાર સાહેદોને થયેલ ઈજાઓ ને પણ આ સાહેદ દ્વારા સમર્થન મળેલ છે. આમ આ સાહેદની કોર્ટ સમક્ષની જુબાની ને પણ અન્ય ઈજાપામનાર સાહેદો, પંચ, અને સારવાર કરનાર ડૉકટર દ્વારા પણ સમર્થન મળેલ છે. તેથી આ સાહેદને પણ અને તેને થયેલ ઈજા અંગે કોઈ શંકા રહેતી નથી.

(૮) આ કામમાં સાહેદ રઝાકભાઈ અબ્દુલકરીમ વોરા ને સાહેદ નં.૪૭ અને આંક-૨૯૧ થી તા.૨૧.૬.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૧ માં નીચે મુજબની હકીકત જણાવે છે કે.

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૧</u>

હાલ હું સુરત મુકામે રહુ છું મારા પિતાનું નામ અબ્દુલકરીમ રસુલભાઈ વોરા છે. બનાવ વખતે ઓડ મુકામે મલાવભાગોળ પાસે રહેતા અને ઓડ જુમ્મા મસ્જીદની ભાડાની દુકાનમાં જનરલ સ્ટોર ચલાવતા હતા. મારા ભાઈ અબ્દુલરહેમાન પેટ્રોલ પંપની સામે પોતાના કુટુંબ સાથે અલગ રહેતા હતા. મારો બીજો એક ભાઈ મહેબુબ એ અમારા સાથે રહેતો હતો. તા.૨૭-૨-૦૨ ના રોજ ગોધરા મુકામે ટ્રેન સળગાવવાનો બનાવ બનેલો. તેના અનુસંધાનમાં ઓડ મુકામે

તા.૧-૩-૦૨ના રોજ શુક્રવારનો દિવસ હતો. તે દિવસે બંધનુ એલાન હતુ અમારા ગામમા બધા બજારો બંધ હતા. બનાવના દિવસે હું ઘરે હતો. વાતાવરણ ગામમાં તંગ હતુ તેટલે અમે ઘરે રોકાયેલા અને બજારો બંધ હતા નમાજનો સમય થયેલો. પરંતુ વાતાવરણ તંગ હોવાથી અમે નમાઝ પઢવા ગયેલા નહિ અને ઘરે જ નમાઝ પઢેલી. લગભગ બપોરે દોઢ પોણા બે ના સુમારે ઘણુ વાતાવરણ તંગ થઈ ગયેલ અને મલાવભાગોળ ચોકમાં પાંચસો સાતસો માણસોનું ટોળુ ભેગુ થયેલ. તેથી અમને બીક લાગેલી એ ટોળુ બુમાબુમ કરતું હતુ અને ઘાતક હથીયારો હતા એમણે મસ્જીદ, દુકાન તથા તેમાં આગ લગાડેલી, ટોળાએ લુંટફાટ કરેલી એ ટોળામાં હથીયાર હતા.ભાલા, લાકડીઓ, સળગી શકે તેવા પદાર્થ હતા તે વખતે અમે અમારા મકાનમાં ઉપર બીજા માળે અંદર હતા ટોળાએ અમારા મકાનની સામેની મકાનની લાઈન સળગાવેલી અને લુંટફાટ કરેલી ટોળુ મારો, કાપો, સળગાવી દો બાડીયાોને મારી નાંખો તેવી બુમો પાડતુ હતુ એ ટોળાના માણસોને મે ઉપરથી સળગાવતા જોયેલા એ ટોળામાં મીનેષભાઈ પુનમભાઈ, વસંતભાઈ પુનમભાઈ, હરીશભાઈ વલ્લભભાઈ, ઉમેશભાઈ, પુનમભાઈ, દિનેશભાઈ પરશોત્તમભાઈ, અંકુરભાઈ શાબુરભાઈ, વિનુભાઈ રણછોડભાઈ, દીલીપભાઈ રણછોડભાઈ, પ્રકાશભાઈ જમનાદાસ, નીકુલભાઈ રાવજીભાઈ, ટપુભાઈ ગેરેજવાળા, સમીરભાઈ વિનુભાઈ અરવિંદભાઈ, ભગાભાઈ, સમીરભાઈ ભીખુભાઈ, મહેશભાઈ લોલો વાયરમેન, ઉત્પલકુમાર વિનુભાઈ, રીતેશકુમાર અરવિંદભાઈ, ભાવેશભાઈ કંચનભાઈ, નરેશભાઈ સોમાભાઈ ઉર્ફે લાલો, પુનમભાઈ શનાભાઈ એ લોકો ટોળામાં હતા આગ લગાડી, લુંટફાટ કરતા હતા અને બાડીયાઓને મારો, કાપો એવી બુમો પાડતા હતા એ ટોળુ મસ્જીદની સામેની ગલીમાં ટોળાએ ઘરોમાં આગ લગાડેલી અને ત્યાં બુમાબુમ, ચીસાચીસ થતી હતી અને બચાવો, બચાવોની બુમાબુમ થતી હતી તેવુ મે સાંભળેલુ, ટોળુ પાછળના ભાગે ગયુ છે તેવુ લાગતા અમે કુટુંબના માણસો સાથે નીચે ઉતરી મંદિરના રસ્તે થઈ ખેતરોમાં થઈ સુરેલી પહોંચી ગયેલા. સુરેલી મુકામે બીજા, ત્રીજા દિવસે વાતવાતથી જાણેલ કે મારા કાકાના દિકરા કાદર, નુરીબેન આયશાબેનને ટોળાએ સળગાવી દીધેલા. ટોળામાં જે માણસોને મે જોયેલા તેઓને હું ઓળખી શકું છું. સાહેદને આરોપીઓ પાસે જઈ જણાવેલા આરોપીઓને ઓળખી બતાવવાની પરવાનગી આપવામાં આવે છે, સાહેદ કોર્ટ રૂબરૂ આરોપીઓ પૈકી તેર આરોપીઓને નામ જોગ આંગળી ચીધી

ટોળામાં હતા તેવુ જણાવે છે. સાહેદ દ્વારા કોર્ટ રૂબરૂ આરોપીઓનું નામ પુછતા તે જ છે. આ કામના આરોપીઓ ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૮, ૨૪, ૨૫, ૨૬, ૩૦, ૩૨, ૩૬, ૩૭ હોવાનું જાહેર થાય છે. અંકુરભાઈ શાબુરભાઈ, નીકુલભાઈ રાવજીભાઈ, ઉત્પલ વિનુભાઈ, સમીરભાઈ વિનુભાઈ, ટપુ ગેરેજવાળા અને નરેશ સોમાભાઈ ઉર્ફે લાલો, આજરોજ કોર્ટ રૂબરૂ નથી. પાંચ છ દિવસ પછી પોલીસ સુરેલી કેમ્પમાં મારો જવાબ લેવા આવેલી. મે પોલીસને જવાબ લખાવેલો તેમા બધા નામો લખાવેલા પોલીસે લખેલા છે કે નહિ તેની મને ખબર નથી. મારા પિતાને પાંચ - છ વર્ષ થી હદયની બીમારી છે અને તેઓ ચાલવામાં અસમર્થ છે તેઓ સુરત રહે છે. તેમની ઉંમર આશરે સીતેર પંચોતેર વર્ષની છે, તેઓ કોર્ટમાં આવીને જુબાની આપી શકે તેવી તેમની સ્થિતિ નથી. બનાવમાં મારા રહેવાનું મકાન અને દુકાનોને નુકશાન થયેલુ. દુકાન અને મકાનો થઈને પાંચ - છ લાખ રૂપિયાનું નુકશાન થયેલું.

<u>ઉલટ તપાસ પેજ નં.૩, પેરા નં.૨</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના મકાનમાં કોણ કોણ કયા માળે રહેતું હતું તેમજ પોલીસે લીધેલ નિવેદનો અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૪, પેરા નં.૩</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના મકાનની આજુ બાજુ અન્ય કોના કોના મકાનો આવેલા છે તે અંગેની ભૌગોલીક સ્થિતિ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૪, પેરા નં.૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના મકાનમાંથી મલાવભાગોળ વિસ્તારના કયા કયા ભાગને જોઈ શકાય તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૬</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

અમારા મકાનમાં પાછળના ભાગે બાકોરુ પાડીને અમારા કુટુંબના લોકો જીવ બચાવવા પાછળથી નીકળી ગયા હોય તેવુ બનેલ નથી. હું મારા માતા પિતા મારાભાઈ, મારૂ કુટુંબ મારાભાઈનું કુટુંબ તેમજ અલીજીભાઈ ઈસ્માઈલભાઈના કુટુંબના લોકો બધા સાથે નીકળી ગયેલા. એ વાત ખરી છે કે અમારા ઘરમાં જે લોકો અમારી સાથે રહેતા હતા તે લોકો ખેતરાળુ રસ્તે થઈ સુરેલી પહોંચી ગયેલા.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં. ૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના કુટુંબીજનો સાથે સુરેલી કેમ ગયા તે અંગે, ફરિયાદ અંગે અને તેના મકાનમાં કોણ કોણ કયા કયા માળે રહેતું હતું તે અંગેના પ્રશ્નો પુંછીને તેમજ કાદર અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૯</u>

તા.૬-૫-૦૨ના રોજ મારુ સળગેલું તેવી હકીકત મને જાણવા મળેલી, એ વાત ખરી છે કે જાણવા મળેલ કે મારૂ ઘર સળગતા પુનમભાઈ શનાભાઈએ જે મારા ઘરની પાછળ રહે છે તેઓએ ફાયરબ્રીગેડને જાણ કરી અને પો.સ્ટે. ને જાણ કરી આગ ઓલવવાના પ્રયાસો કરેલા. તા.૬-૫-૦૨ના રોજ ઘર સળગ્યાનું જાણેલુ ત્યારે હું અને મારા બાપુજી ઘરે આવેલા નહિ સાહેદ જણાવે છે કે મારો ભાઈ જે પેટ્રોલ પંપ પાસે રહે છે તે અને ભત્રીજો ઈમરાન આવેલા. હવે હું કહુ છું કે મારો ભાઈ અને ભત્રીજો સળગ્યું તે પહેલા સ્કુટર લેવા આવેલા. એ વાત ખરી નથી કે હું રીક્ષા ડ્રાઈવીંગ કરતો હતો. મારી પોતાની રીક્ષા હતી તે મારા ભાઈની રીક્ષા હતી.

<u>ઉલટ તપાસ પેજ નં.૬, પેરા નં.૧૦</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને આશાભાઈ રામાભાઈ વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે તેજ રીતે મૃત્યુ પામનાર નિતીશના વિશે પૂછપરછ કરવામાં આવેલ છે તેમજ બનાવ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૭, પેરા નં.૧૧</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમને ના.દાર કોર્ટમાં આપેલ નામ અને ઓળખ્યા તે અંગે સુરેલી કેમ્પમાં આગેવાનો દ્વારા નક્કી થયેલ નામો લખાવેલા મુજબે તે અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧૪</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના કુટુંબ વિશે તથા તેમના પિતાજીની તબીયત અંગે તથા આરોપીઓને ખોટી રીતે ઓળખ્યા અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૮, પેરા નં.૧૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

સદર સાહેદ બનાવ વખતે તેમના મકાનમાં તેમના માતા પિતા, ભાઈઓ તથા અન્ય કુટુંબીજનો સાથે તેઓના મકાનમાં હાજર હતા તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના મકાનને આગ લગાડેલ હતી અને આ સાહેદ તથા તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી નાંખવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ સાહેદ તથા તેમના કુંટુંબીજનો તેમનો જીવ બચીને નીકળી ગયેલા હતા. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી તેમજ ૨૦૦૨ ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર

અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ તેમના પોતાના મકાનમાં હતા તેમ જણાવેલ છે જયારે ૨૦૦૨ ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છેકે, ‘‘ટોળું અમારા ઘર તરફ આવતા અમારા ઘરના તમામા માણસો ટોળીથી બચીને પાછળના ભાગેથી ગલીઓમાં થઈ સળગતા મકાનોની જ્વાળામાં થઈ ગામની બહાર જવા દોડેલા.’’ આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદના મકાનમાં તેમજ આ સાહેદની બાજુમાં આવેલા અન્ય સાહેદોના મકાનમાં પાછળની બાજુએ કોઈ દરવાજો નથી કે બારી નથી કે કોઈ વરંડો નથી કે જેથી પાછળની બાજુએથી આ સાહેદોને નીકળી જવા માટે કોઈ રસ્તો મળે તેમ નથી. તેમ છતાં ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં આ સાહેદોના મકાનોની પછીતે વરંડો, બારી - બારણાં દર્શાવેલ છે તે ખરી હકીકતે છે જ નહીં. તેમજ નામદાર કોર્ટે આંક ૪૫૧ ની અરજી ઉપર બનાવવાવા સ્થળની વિઝીટ કરી તે વખતે પણ બનાવવાળા સ્થળ પર જોતા આ સાહેદના મકાનની પછીતે કોઈ વરંડો છે જ નહીં કે ભુતકાળમાં પણ નહોતો તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ,૨૦૦૨ માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબજ ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના ચૌદ તો.દારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોને ઓળખેલ છે તથા તેમણે ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાના સગા-સંબંધીઓને ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખતા જોયેલ છે.અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવા કે મહેબુબભાઈ કરીમભાઈ, અલીજીભાઈ

ઈસ્માઈલભાઈ, અલ્તાફભાઈ શફીમંહમદ વોરા પણ આ સાહેદ ની સાથે પોતાના મકાનમાં હાજર હતા અને બનાવ બન્યો તે વખતે મહેબુબભાઈ કરીમભાઈ, અલીજીભાઈ ઈસ્માઈલભાઈ તેમજ અલ્તાફભાઈ શફીમંહમદ વોરા પણ તેમની જુબાનીમાં સદર સાહેદની જુબાની ને અને વાતને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

(૯) આ કામમાં સાહેદ મહેબુબભાઈ અબ્દુલભાઈ વોરા ને સાહેદ નં.૪૮ અને આંક-૨૯૨ થી ને તા.૨૧.૬.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૧ માં નીચે મુજબ ની હકીકત જણાવેલ છે,

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૧</u>

હાલ હું આણંદ મુકામે રહુ છું. મારા ભાઈ તેમજ મારા પિતા સુરત મુકામે રહે છે. મારા માતા બનાવ બાદ ગુજરી ગયેલ છે. બનાવના અરસામાં હું ઓડ મુકામે મલાવ ભાગોળ વિસ્તારમાં રહેતો હતો. બનાવ વખતે બાબુભાઈ પંચાલના મકાનમાં મેં ઈલેક્ટ્રોનીક્સની દુકાન ચલાવતો હતો. અને રઝાક જનરલ સ્ટોરનો ધંધો કરતો હતો. અને બીજા ભાઈ અબ્દુલરહેમાન સાયકલની દુકાન ચલાવતો હતો. અમારી મકાન મલાવ ભાગોળમાં નટુભાઈ સતાભાઈની બાજુમાં આવેલ છે. તે અમારૂ પોતાનું મકાન હતુ. હું મારા પત્નિ, બાળકો, મારા પિતા અમારા મકાનના બીજા માળે રહેતા હતા. અલીજી ભાઈ તેમના પત્નિ, તેમનો ભાઈ કાદર, તેમના માતા અમીનાબેન પહેલા માળે રહેતા હતા. અને ગ્રાઉન્ડ ફલોરના સ્ટોર રૂમ હતો. અને રસોડુ દરેક ફલોરમાં અલગ હતુ. તા.૨૭-૨-૦૨ના રોજ ગોધરા મુકામે સાબરમતી ટ્રેન સળગાવી તેના અનુસંધાને તા.૨૮-૨-૦૨ના રોજ ગુજરાત બંધ નું એલાન હતુ. અને તા.૧-૩-૦૨ના રોજ ભારત બંધનું એલાન હતુ અને તે દિવસે શુક્રવાર હતો. બજારો બંધ હતા. તેથી અમે બધા ઘરે હતા તે દિવસે વાતાવરણ તંગ હોવાથી મસ્જીદમાં નમાઝ પઢવા ગયેલા નહિ અને ઘરમાં નમાઝ પઢવાનું નક્કી કરેલુ બપોરે દોઢથી પોણા બે ના અરસામાં બજારમાં બુમા બુમ સંભળાયેલી. તેના અનસુંધાનમાં અમે ગભરાઈ ગયેલા હતા. અને તંગદીલી જેવુ વાતાવરણ હતુ. પોણા બે થી બે ના અરસામાં મલાવ ભાગોળ વિસ્તારમાં પાંચસોની આસપાસનું ટોળુ આવેલુ એ ટોળુ બાડીયાંઓને મારો, કાપી નાંખો તેવી બુમો પાડતુ હતુ.

તેઓના હાથમાં કેરોસીન, જલદ પ્રવાહી અને ઘાતક હથીયારો અને પેટ્રોલના પાઉચ હતા. ટોળુ મલાવ ભાગોળ તરફ થી આવેલુ અને ત્યાં મસ્જીદ છે ત્યાં લાઈનમાં આવેલા મકાનો ને સળગાવવાનું ચાલુ કરેલુ. એ ટોળામાં માણસો હતા તે રાકેશ હરીભાઈ પટેલ, નીકુલ રાવજી, હરીશ વલ્લભ પટેલ, ભાવેશ કંચન પટેલ, કીરીટ મનુ, પ્રકાશ જમનાદાસ, નરેશભાઈ સોમાભાઈ, ટપુ ગેરેજવાળા, અંકુરભાઈ શાપુરભાઈ પટેલ, વસંતભાઈ પુનમભાઈ પટેલ, રીતેશભાઈ અરવિંદભાઈ પટેલ, દિલીપભાઈ રણછોડભાઈ, વિનુભાઈ રણછોડભાઈએ લોકોને મેં ટોળામાં જોયેલા તેઓ મલાવ ભાગોળ રોડ પર દુકાનો, મકાનો ને સળગાવતા હતા તે મે જોયેલુ. ત્યારબાદ એ ટોળુ મસ્જીદની સામે ગલીમાં અબ્દુલભાઈના ઘર બાજુ ગયેલુ. ત્યાં અમોને ચીસાચીસ સંભળાયેલી અને અમને લાગેલ કે ટોળુ અમારા બાજુ નથી તેથી અમે બધા ઘરના માણસ મંદિર તરફ જઈ બાજીપુરા થઈ ખેતરોમાં થઈ ત્યાંથી સુરેલી જતા રહેલા. અમારા ભાઈની સાયકલની દુકાન, મારો જનરલ સ્ટોર, ઈલેક્ટ્રીકની દુકાન બાળી નાંખવામાં આવેલી તેમજ મકાનને તોડફોડ કરી બાળી નાંખવામાં આવેલી, ટોળામાં મે જે માણસોને જોયેલા તેમને ઓળખી શકુ છું. સાહેદને આરોપીઓને ઓળખવાની સ્પે.પીપી તરફે પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવે છે. સાહેદ દ્વારા આરોપીને ઓળખી બતાવતા નં. ૮,૯,૧૩,૧૮,૨૬,૩૦,૩૨ અને ૩૫ નાને ઓળખી બતાવે છે તેઓને નામ તેમણે જણાવે છે. તે ઉપરાંત મીનેષભાઈ પુનમભાઈ આરોપી ન. ૧૨ ને ઓળખી બતાવે છે. તેઓને તેમણે સરતપાસમાં જણાવેલ નથી. તે સિવાય સાહેદે જણાવેલ ટોળાના માણસો પૈકી રાકેશ હરીશ, અંકુર શાપુરભાઈ, ટપુભાઈ ગેરેજવાળો, નીકુલ રાવજી, કોર્ટ રૂબરૂ નથી. એ સીવાય સરતપાસમાં જણાવેલ હોય તે ના હોય તે અંગે પુછતા સાહેદ કશુ જણાવતા નથી. સુરેલી કેમ્પમાં ગયા બાદ પોલીસ આવેલી અને પુછપરછ ચાર-પાંચ દિવસ પછી કરવામાં આવેલી અને મારો જવાબ લીધેલો.

<u>ઉલટ તપાસ પેજ નં.૨, પેરા નં.૨</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પિતા, તેમના ભાઈના પોલીસ નિવેદન અંગે તથા તે જવાબ ક્યા અને કોણે લીધેલ હતા તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૪, પેરા નં. ૫</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદન વિશે અને નિવેદન વખતે કોણ કોણ હાજર હતુ અને શું શું જોયેલ તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૬</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદન લીધુ તે વખતે તેમના પિતા અને અલીજી અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૭</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>ઉલટ તપાસ પેજ નં.૫, પેરા નં.૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમના પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના નવ (૯) તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાના સગા-સંબંધીઓને ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખ્યા અંગે ની જાણ હતી.અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવાકે રઝાકભાઈ અબ્દુલકરીમભાઈ, અલીજીભાઈ અને અલ્તાફભાઈ શફીમંહમદ વોરા ની જુબાની ને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

(૧૦) આ કામમાં સાહેદ અલીજીભાઈ ઈસ્માઈલભાઈ વોરા ને સાહેદ નં.૪૯ અને આંક-૨૯૩ થી તા.૨૧.૬.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાની ના પેરા ન. ૧ મા નીચે મુજબની હકીકત જણાવે છે,

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૧</u>

તા.૨૭-૨-૦૨ના રોજ ગોધરા મુકામે સાબરમતી ટ્રેનનો ડબો સળગાવેલો તેના અનુસંધાને તા.૨૮-૨-૦૨ના રોજ ગુજરાત બંધનું એલાન હતુ. અને તા.૧-૩-૦૨ના રોજ ભારતબંધનું એલાન આપવામાં આવેલુ હતુ. તે વખતે શુક્રવારનો દિવસ હતો. તે વખતે ઓડ મલાવ ભાગોળ મારા પોતાના મકાનમાં રહેતા હતો. હું મારા કાકા, કાકી, મારા પત્નિ – બાળકો સાથે રહેતો હતો. અને નીચેનો માળ ખાલી રાખવામાં આવતો હતો. મારા પત્નિનું નામ સાબેદા છે. મારે ત્રણ દિકરા ઈમરાન, જીશાન, વસીમ છે. અને એક દિકરી નફીસા છે. મારી બા અમીના, મારો કાદરભાઈ તે સાથે જ રહેતા હતા. મારા કાકાનું નામ અબ્દુલકરીમ રસુલભાઈ વોરા છે. બનાવ વખતે મારી બાજીપુરા મકામે અનાજ કરીયાણાની દુકાન હતી. મારા ઘરથી બાજીપુરા સાતેક કિ.મી. દુર આવેલુ છે.

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૨</u>

તા.૧-૩-૦૨ના રોજ શુક્રવારનો દિવસ હોવાથી અને બંધનું એલાન હોય અમે દુકાને ગયેલા નહિ અને અમે ઘરે જ હતા. અને ઓડ ગામના બજારો બંધ હતા. નમાઝના વખતે નમાઝ પઢવા જવાનું હતુ પરંતુ વાતાવરણ તંગ હોવાથી નહી ગયેલા અને અમારા ઘરે જ રહેલા. દોઢથી બેના બપોરના સમયે સો-બસો માણસોનું ટોળુ બજાર બાજુથી મસ્જીદ બાજુએ આવેલા અને તોડફોડ અને આગ લગાડતા હતા. અને મારી નાંખો, કાપી નાંખો, બાડીયાઓને તેવી બુમો પાડતા હતા. તેથી હું અને બીજા અમારા કુટુંબના માણસો સાથે બીજા માળે ચાલી ગયેલો ત્યાંથી ટોળાને જોયું તો તેમના હાથમાં ઘાતક હથિયારો, પેટ્રોલના પાઉચ, ઘાસતેલ હતા. એ ટોળાએ મસ્જીદની લાઈનમાં જઈ મકાનોને તોડફોડ કરી સળગાવેલા. એ ટોળાના માણસો મસ્જીદની સામે આવેલી અબ્દુલભાઈ યાકુબની ગલીમાં ઘુસી ગયેલા અમોને ત્યાં ચીસો સંભળાયેલી બચાવો બચાવો તેથી અમો જીવ બચાવીને તે વખતે ત્યાંથી ઘરના તમામ લોકો સાથે નીકળીને રણછોડજી મંદિર થઈ ખેતરોમાંથી બાજીપુરા ચાલી ગયેલા અને ત્યાંથી સુરેલી ચાલી ગયેલા. કાદરભાઈ તે મારો ભાઈ છે તે મસ્જીદમાં સુઈ રહ્યો હતો તે ઘરે પાછો આવેલો નહિ. એ ટોળુ અમારા

મકાનની સામે રોડ પરના લાઈનમાં જે મકાનોને સળગાવતા હતા તે ટોળાને જોયેલા તેમાં પુનમભાઈ રાવજીભાઈ પટેલ, વિપુલભાઈ ભાઈલાલભાઈ પટેલ, પીયુષભાઈ ભાઈલાલભાઈ પટેલ, ટીનાભાઈ રામાભાઈ ગામડીયા, અશોકભાઈ રાવજીભાઈ પટેલ, કીરીટભાઈ મનુભાઈ પટેલ, રમણભાઈ રણછોડભાઈ પટેલ દીલીપભાઈ રણછોડભાઈ ભંડારવાલા આ માણસોને મે ટોળામાં જોયેલા એ લોકો કેરોસીન રેડીને સળગાવતા હતા, તોડફોડ કરતા હતા અને પેટ્રોલ નાંખતા હતા. જે ટોળાના માણસોને મેં જોયેલા તેઓને મે ઓળખેલા. સાહેદ આરોપીને નજીક જઈ ઓળખવાની સ્પે.પી.પી. તરફે પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવે છે. સાહેદ આરોપીઓને ઓળખી બતાવે છે જેઓના નામ આપેલ છે તેમાંથી કોર્ટ રૂબરૂ હાજર આરોપી નં.૨૩, ૩૨ અને ૩૫ ને ઓળખી બતાવે છે. કોર્ટમાં જણાવેલા બાકીના માણસો હાજર નથી, પોલીસે સુરેલી કેમ્પમાં મારી પુછપરછ કરી જવાબ લીધેલો. કાદર મારાથી નાનો હતો, મારી માહિતી મુજબ કાદરને તોફોનોમાં બાળી મુકવામાં આવેલો તેવુ મેં જાણેલું.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના (૩) ત્રણ તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાના સગા ભાઈ કાદરને ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખ્યા અંગે ની માહિતી મુજબ કાદરને તોફોનોમાં બાળી મુકવામાં આવેલો તેવુ મેં જાણેલું. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવા કે રઝાકભાઈ અબ્દુલ કરીમભાઈ, મહેબુબભાઈ અબ્દુલભાઈ વોરા અને અલ્તાફભાઈ શફીમંહમદ વોરા ની જુબાની ને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેમના મકાનમાં કોણ કોણ અને કયા માળે રહેતા હતા તે અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે અને તેજ રીતના બનાવ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે તેમજ કેમ્પમાં કોણ કોણ હાજર હતુ તે વિશે પુંછેલ તથા તેમના ભાઈ કાદરના મૃત્યુ અંગે અને તેના વળતર અંગે પ્રશ્ન પુંછવામાં આવે છે તેમજ પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે.

( ૧૧ ) આ કામમાં સાહેદ અલ્તાફભાઈ શફીભાઈ વોરા ને સાહેદ નં.૫૫ અને આંક-૩૦૭ થી તા.૫.૭.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેમની જુબાનીના પેરા નં.૧ માં નીચે મુજબ ની હકીકત જણાવેલ છે,

<u>સરતપાસ પેજ નં.૧, પેરા નં.૧</u>

સફી મહંમદ મારા પિતા થાય છે અને મારી બાનુ નામ મદીનાબેન છે મારો ભાઈનું નામ ઈરફાન તથા બેનનું નામ નસીમ છે. અમે બધા બનાવ વખતે ઓડ મલાવ ભાગોળમાં સાથે રહેતા હતા અને હું રીક્ષા ડ્રાઈવીંગ કરતો હતો. રીક્ષા મારી પોતાની હતી તા. ૨૭-૨-૦૨ના રોજ ગોધરા મુકામે ટ્રેન સળગાવવાનો બનાવ બનેલો અને તેના પડઘારૂપે તા.૨૮-૨-૦૨ના રોજ ગુજરાત બંધનું એલાન હત. અને તા.૧-૩-૦૨ના રોજ ભારત બંધનું એલાન હતુ તે દિવસે શુક્રવાર હતો. શુક્રવારના દિવસે હું ધંધો કરવા માટે રીક્ષા લઈને જવા માંગતો હતો. ત્યારે મારા ઘરના લોકો ઘરમાં જ રહેલા તે દિવસે બધા બજારો બંધ રહેલા અમે બપોરે નમાઝ પઢવા જવા માંગતા હતા પરંતુ અમારા કોમના આગેવાનોએ વાતાવરણ તંગ છે અને પોત પોતાના ઘરે નમાઝ પઢી લેવી તેવુ જણાવેલું. તેથી અમે નમાઝ પઢવા ગયેલા નહિ અને ઘરે જ રહેલા દોઢથી બે વાગ્યાના સુમારે વાતાવરણ ઘણુ તંગ લાગતા. હું અને મારા ઘરના તમામ લોકો બાજુમાં આવેલ અબ્દુલકરીમના બે માળના મકાનમાં ઉપરના માળે જઈ બેસી ગયેલા તે વખતે ધમાલ શરૂ થઈ ગયેલી અને ટોળુ ચારસો પાંચસો માણસોનું ટોળુ બાંડીયાઓને કાપી નાંખો, મારી નાંખો, બાળી નાંખો તેવી બુમો પાડતા મલાવ ભાગોળથી મસ્જીદ તરફના રોડ પર આવેલા તે ટોળા પાસે ધારીયા, કારબાઓ, ભાલા, પેટ્રોલના પાઉચ, વિગેરે હથીયારો હતા. એ ટોળાએ મલાવ ભાગોળથી મસ્જીદ બાજુની લાઈનમાં મકાનોમાં અને દુકાનોમાં તોડફોડ કરેલી અને આગ લગાડવાની ચાલુ કરેલી. એ ટોળુ ત્યાર બાદ મસ્જીદના ખુણા પર આવેલ અબ્દુલભાઈ યાકુબભાઈ ની કેબીનને આગ લગાડેલી. ટોળાએ કેબીનો મસ્જીદના ખુણા ઉપરથી રોડ બાજુ સબુરભાઈના મકાન પાસે લઈ આવેલા એટલે અબ્દુલકરીમના ઘરમાંથી એ જગા બરાબર દેખાયેલી. એ ટોળામાં મે લોકોને ઓળખ્યા તો તેમાં ભાવેશભાઈ મનુભાઈ પટેલ તેમના હાથમાં ઘણ હતો, ટપુભાઈ

ગેરેજવાળા તેમના હાથમાં તલવાર હતી, અરૂણભાઈ મુખી તે પેટ્રોલના કારબા લોકોને આપી રહ્યા હતા, અંકુરભાઈ શાપુરભાઈ તે લોકોને ઘરો સળગાવવા માટે ચઢાવતા હતા, પ્રકાશ જમનાદાસ પટેલ, હરીશભાઈ વલ્લભભાઈ પટેલ, મીનેષ પુનમભાઈ પટેલ, વસંતભાઈ પુનમભાઈ પટેલ, ભાવેશ કંચનભાઈ પટેલ, સમીરભાઈ ભીખુભાઈ પટેલ, કાન્તીભાઈ માનાભાઈ ચાવડા, અશોક ઉર્ફે કાળીયો, રીતેશભાઈ અરવિંદભાઈ, કીરીટભાઈ મનુભાઈ પટેલ, છોટુભાઈ રામાભાઈ, ઉમેશભાઈ પુનમભાઈ પટેલ, બીજા ટોળાના માણસોને હું જોયે ઓળખું છું. પણ નામ યાદ નથી એ ટોળુ પાછળ અબ્દુલભાઈ યાકુબભાઈની ગલીમાં ગયેલા ત્યાં અમોએ ઘણી બધી બચાવો બચાવોની ઘણી બધી બુમો પડતી હતે તે સાંભળેલી તેથી ટોળુ પાછળની બાજુએ ગયેલ હોય તેથી મારા બાજુપીને અબ્દુલકરીમના ઘરમાંથી નીકળી જવાનું કહેલુ અને મંદિરવાળા રસ્તેથી નીકળતા હતા ત્યારે મારા ફેમેલીના લોકો નીકળી ગયા અને હું પાછળ હતો તે વખતે રસ્તામાં મને ભાવેશભાઈ કંચનભાઈ પટેલે મને પકડીને મોઢા પર ફેટો મારેલી અને ટપુભાઈ ગેરેજવાળા મને તલવારથી મારવા જતા હતા પણ હું ભાવેશભાઈથી છુટીને પછી ભાગી ગયેલો. હું છુટો થઈને ભાગી ગયેલો અને ખેતરોમાં સંતાઈ ગયેલો અને રાતે દશ વાગે પાછો આવેલ અને રીક્ષા સ્ટેન્ડના સામે એક ભાઈ અજીતભાઈના ફાર્મ હુસ પર રીક્ષા, એક અતુલ રીક્ષા અને એક ટ્રેક્સ મુકેલી હતી તેમાંથી હું ટ્રેક્સ લઈ બાજીપુરા ચાલી ગયેલો, મારી એક રીક્ષા નં.જી.જે.૭. ડબલ્યુ ૫૧૬૩ વાળી બળી ગયેલી. રીક્ષાને આશરે સાઈઠ હજારનું નુકશાન થયેલુ અને મકાન બળી જતા બે થી અઢી લાખનું નુકશાન થયેલું અને જે હાલતમાં મારી રીક્ષા હતી તે હાલતમાં પોલીસે મને મારી રીક્ષા પાછી આપેલી. જે લોકોને મેં ટોળામાં ઓળખેલા તેઓને આજરોજ નજીક જઈ ઓળખવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવે છે. સાહેદ કોર્ટ રૂબરૂ હાજર પ્રકાશભાઈ જમનાદાસ, હરીશભાઈ વલ્લભાઈ, મીનેષભાઈ પુનમ, વસંતભાઈ પુનમભાઈ, ભાવેશભાઈ કંચનભાઈ, સમીરભાઈ ભીખુભાઈ, કાન્તીભાઈ માનાભાઈ, અશોક ઉર્ફે કાળીયો જેને પુછતા અશોક હરમાન, રીતેશભાઈ અરવિંદભાઈ કીરીટભાઈ મનુભાઈ, છોટુભાઈ રામાભાઈ અને ઉમેશ પુનમભાઈને મોઢેથી ઓળખી બતાવે છે આરોપી કોર્ટ રૂબરૂ છે તે જ છે તે ઉપરાંત સાહેદ એક આરોપીને ઓળખી બતાવે છે તેનુ નામ ખબર નથી તેમને કોર્ટ દ્વારા નામ પુછતા તેમનું નામ રાવીજભાઈ માનાભાઈ જાહેર થાય છે. ભાવેશભાઈ

મનુભાઈ, ટપુ ગેરેજવાળા, અરૂણભાઈ મુખી, અંકુર શાપુરભાઈ કોર્ટ રૂબરૂ હાજર નથી. અમોને જે ભાવેશભાઈ કંચનભાઈએ ફેટ મારેલી તેમાં મને સામાન્ય ઈજા થયેલી તે બાબતની મે કોઈ સારવાર લીધેલી નહી. બાજીપુરાથી અમે સુરેલી જતા રહેલા. પોલીસે અમારો સુરેલી મુકામે કોઈ જવાબ લીધેલો નહી મારો જવાબ ભાલેજ મુકામે લેવામાં આવેલો કોણે જવાબ લીધેલો તેની મને ખબર નથી.

આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને તેમની ઉલટ તપસામાં તેઓ શું કામકાજ કરે છે અને ક્યાં કરે છે, આ કામના અન્ય ઈજા પામનાર સાહેદોને સમન્સની બજવણી અંગે, ઓડના વેપારીઓ વિશે પ્રશ્ન પુંછવામાં આવેલ છે અને બનાવ વિશે તેઓને પ્રશ્ન પુંછેલ છે તેજ રીતના પોલીસના નિવેદનને વિરોધાભાસ પુંછવવામાં આવેલ છે. ના.દાર સુપ્રીમ કોર્ટના આદેશથી એસ.આઈ.ટી. ની તપાસ, મલાવકુવો, મલાવવાવ વિશે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ ના.કોર્ટ ક્રિ.પ્રો.કોર્ટની કલમ ૩૧૯ મુજબ આ તો.દાર નં.૩૮ થી ૪૧ ને તો.દાર તરીકે જોડ્યા અને તે અંગેના પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

અને આ સાહેદની જુબાનીમાં ૨૦૦૨ ની ચાર્જશીટમાં આઈ.ઓ. દ્વારા દર્શાવવામાં આવેલ આરોપીઓ અને ત્યારબાદ નામદાર કોર્ટે ૩૭ આરોપીઓ સામે ચાર્જ ફરમાવ્યો તે સિવાયના અન્ય બીજી વ્યક્તિઓના નામ પણ સદર સાહેદે નામદાર કોર્ટ સમક્ષ જણાવેલ છે અને તે અનુસંધાને આંક. ૨૮૮ અને આંક . ૩૪૫ થી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૯ મુજબ નામદાર કોર્ટમાં અરજી કરવામાં આવેલ અને તે અરજી અનુસંધાને નામદાર કોર્ટે અન્ય ચાર આરોપીઓ પૈકી ભાવેશ મનુભાઈ પટેલ ને આ સાહેદે નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

સદર સાહેદ બનાવ વખતે તેઓ તેમની બાજુમાં રહેતા અબ્દુલકરીમભાઈ નામકાનમાં તેમના માતાપિતા તથા અન્ય કુટુંબીજનો સાથે રોકાયેલા હતા તે દરમ્યાન તોફાની ટોળાએ આવીને તેમના મકાનને આગ લગાડેલ હતી અને આ સાહેદ તથા તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી નાખવા માટે ટોળાએ હિચકારો હુમલો કરેલ હતો અને આ તોફાની ટોળા દ્વારા થયેલા હુમલાથી આ સાહેદ તથા અન્ય સાહેદો તથા તેમના કુંટબીજનો ટોળાથી બચીને ગામમાથી નીકળી ગયેલ. આ તમામ હકીકત આ સાહેદની જુબાની દરમ્યાન નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સીટે તેની યોગ્ય તપાસ કરેલ નથી. તેમજ ૨૦૦૨

ના સમય દરમ્યાન પણ તે વખતના તપાસ કરનાર અધિકારીએ પણ આ બનાવની તપાસમાં પણ ઘણા બધા છિદ્રો રાખ્યા છે. આ સાહેદ બનાવ બન્યો તે વખતે તેઓ તેમના પાડોસમાં રહેતા અબ્દુલકરીમના મકાનમાં હતા તેમ જણાવેલ છે. જયારે ૨૦૦૨ ના તપાસ અધિકારીએ આ સાહેદના નિવેદનમાં એમ જણાવેલ છે કે, ટોળાના માણસોએ મારા મકાનને તોડફોડ કરવા લાગેલા જેથી અમો બધા ગભરાઈ ગયેલા અને બહાર નીકળવાની કોશીશ કરતા હતા. અને અમારાથી આગળના બારણાથી બહાર નીકળી શકાય તેમ ન હોવાથી મે મારા મકાનની પાછળ આવેલ દિવાલ તોડી નાખી મારા ઘરના બધા માણસોને આગળ પાછળ બહાર કાઢી મુકેલ અને જતા રહેવા જણાવેલ અને પાછળથી હુ એકલો બહાર નીકળી જીવ બચાવવા નાસવા લાગેલ. આ રીતના તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના નિવેદનમાં લખેલ છે. પરંતુ, ખરી હકીકતે આ સાહેદના મકાનમાં તેમજ આ સાહેદની બાજુમાં આવેલા અન્ય સાહેદોના મકાનમાં પાછળની બાજુએ કોઈ દરવાજો નથી કે બારી નથી કે કોઈ વરંડો નથી કે જેથી પાછળની બાજુએથી આ સાહેદોને નીકળી જવા માટે કોઈ રસ્તો મળે તેમ નથી અને આ સાહેદના મકાનની પછીતે અન્ય ઈસમોના મકાનનો આવેલા છે તેથી આ સાહેદને તેમના મકાનમાં પાછળની બાજુએ દિવાલ તોડી ને બહાર નીકળવાનુ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની ખામીયુકત તપાસમાં આ સાહેદોના મકાનોની પછીતે વરંડો, બારી બારણાં દર્શાવેલ છે તે ખરી હકીકતે છે જ નહીં. તેમજ નામદાર કોર્ટે આંક ૪૫૧ ની અરજી ઉપર બનાવવાવા સ્થળની વિઝીટ કરી તે વખતે પણ બનાવવાળા સ્થળ પર જોતા આ સાહેદના મકાનની પછીતે કોઈ વરંડો છે જ નહીં કે ભુતકાળમાં પણ ન હોતો તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ,૨૦૦૨ માં આ બનાવની તપાસ કરનાર અધિકારીએ કરેલ તપાસ ખુબજ  ખામીયુક્ત અને ભુલ ભરેલી છે. અને તેમણે ઈજાપામનાર સાહેદો તથા અન્ય સાહેદોના નોંધેલ નિવેદનોમાં ઉપર મુજબનું મકાનો અંગેનું વર્ણન જણાવેલ છે તે પણ તપાસકરનાર અધિકારીની ભુમિકા અંગે શંકા ઉપજાવે તેમ છે. આમ, તપાસ કરનાર અધિકારીની તપાસ તેમજ તેમની ભુમિકા શંકાસ્પદ અને તોહમતદારોને આડકતરી રીતે લાભ થાય તેવી છે. તો આવા સંજોગોમાં તપાસ અધિકારીએ નોંધેલા નિવેદનો ઉપર નામદાર કોર્ટે આધાર રાખવો જોઈએ નહીં.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના (૧૨) અને ૧ આમ કુલ ૧૩ તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાના સગાઓને નજરની સામે ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાખ્યા અંગેની મળેલ માહીતી પ્રમાણે જણાવેલ છે. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવાકે રઝાકભાઈ અબ્દુલકરીમભાઈ, મહેબુબભાઈ અબ્દુલભાઈ વોરા અને અલીજીભાઈ ઈસ્માઈલભાઈ વોરા ની જુબાનીને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

અને આ સાહેદની તોફાની ટોળાએ ઓટો રીક્ષા બાળી નાંખેલ હતી બાળીને તળાવમાં નાંખી દીધેલ હતી અને તે તેઓની જુબાનીમાં જણાવે છે તે વાત તે પંચ ફીરોજભાઈ રસુલભાઈ વ્હોરા સાહેદ નં.૫ આંક-૮૯ તા.૨૯-૧૦-૨૦૦૯ના રોજ ના.કોર્ટમાં પંચ તરીકે તપાસેલ. તે પંચ આ સાહેદની ઓટો રીક્ષા બાળી નાખેલા ની હકીકત ને સમર્થન આપેલ છે.

(૧૨) આ કામમાં સાહેદ સલીમભાઈ ઈલ્યાસભાઈ ને સાહેદ નં.૨૯ અને આંક-૨૬૦ થી તા. ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની નીચે મુજબ જુબાનીના પેરા નં.૧ માં જણાવેલ છે કે,

હાલ હું ભાલેજમાં રહુ છું અને ડ્રાઈવીંગ કામ કરૂ છું. બનાવ તા.૧-૩-૦૨ના દિવસે બનેલો. તે વખતે હું ઓડ મુકામે ભાટવાડામાં બારોટના મકાનમાં ભાડે રહેતો હતો. અને દિનેશભાઈ સતાભાઈ પટેલની મેટાડોર પર ડ્રાઈવીંગ કરતો હતો અમે બે ભાઈઓ છીએ. ભાઈનું નામ ફીરોજ બેનનું નામ વહીદા એમ હું મારા માતા પિતા ભાઈ, બેન સાથે ઓડ મુકામે બનાવ વખતે રહેતા હતા. ભાટવાડો મલાવભાગોળથી બસ સ્ટેન્ડ તરફ જતા રસ્તા પર આવેલો છે. મારી પોતાની મેટાડોર મારા મામાનો દીકરો ઈનાયત ચલાવતો હતો. બનાવના દિવસે ગાડી લઈને બસ સ્ટેન્ડ તરફ ગયેલો. અને બપોરે દોઢ વાગે જમવા ઘેર આવતો હતો ત્યારે મલાવભાગોળ પાસે પાંચસો માણસોનું ટોળુ હતુ. તેઓના હાથમાં સળગતા કાંકડા હતા, લાકડીઓ, ધારીયા અને પેટ્રોલ, કેરોસીનના ડબા હતા, મે મેટાડોરમાં બેઠા

બેઠા જોયેલું. તે ટોળુ મારી મેટાડોર જોઈને મારી ગાડી તરફ આવ્યા હું ગાડી લઈને સીધા મારા શેઠ દિનેશભાઈના ત્યાં ગાડી મુકીને હું સુરેલી મુકામે ચાલી ગયેલો, તે પાચંસો માણસોનું ટોળુ મે જોયેલું તેઓ બાંડીયાઓને કાપી નાંખો, મારી નાંખો ગોળો બોલતું હતુ. તે ટોળાના માણસોને મેં ઓળખેલા તે ટોળામાં હરીશભાઈ વલ્લભભાઈ પટેલ પ્રકાશભાઈ જમનાદાસ પટેલ, મીનેષભાઈ પુનમભાઈ પટેલ, વસંતભાઈ પુનમભાઈ પટેલ, નટુભાઈ સતાભાઈ પટેલનાઓને ઓળખેલા જે લોકોને મે ઓળખેલા તેઓ કોર્ટમાં હાજર છે, નટુભાઈ સતાભાઈ કોર્ટમાં હાજર નથી. સાહેદ કોર્ટ રૂબરૂ હાજર ચાર આરોપીઓ પૈકી ઈશારો કરીને તે આરોપી હરીશ વલ્લભભાઈ, પ્રકાશ જમનાદાસ પટેલ, મીનેષ પુનમભાઈ પટેલ, વસંત પુનમભાઈ પટેલ હોવાનું જણાવે છે. સદર આરોપીઓને પુછતા તેમનું નામ હરીશ વલ્લભભાઈ, પ્રકાશ જમનાદાસ, વસંત પુનમભાઈ, મીનેષભાઈ પુનમભાઈ હોવાનું જણાવે છે જે આ કામના આરોપી નં. ૮,૯,૧૨,૧૩ છે. હું સુરેલી ચાર વર્ષ રહેલો, સુરેલી મુકામે સીપીઆઈ ભુવાએ મારો જવાબ લીધેલો. મે જે ટોળામાં માણસો જોયેલા તે ટોળાના માણસો મલાવભાગોળ વિસ્તારમાં મકાનોને સળગાવતા હતા.ટોળામાં મે નરેશભાઈને પણ જોયેલા પોલીસને નામ આપેલુ નરેશભાઈના પિતાનું નામ ખબર નથી જોઈને ઓળખી શકુ છું કોર્ટમાં હાજર નથી, હાલ હું રીક્ષા ચલાવું છું.

<u>સરતપાસ પેજ નં.૪ પેરા નં.૭</u>

એ વાત ખરી નથી કે મારા શેઠ દિનેશભાઈનું ઘર વાંટા મુકામે આવેલુ છે. એ વાત ખરી છે કે દિનેશભાઈ સતાભાઈ અને નટુભાઈ સતાભાઈ બે સગાભાઈઓ છે. એ વાત ખરી નથી કે નટુભાઈ સતાભાઈ વાંટામાં રહે છે.

<u>સરતપાસ પેજ નં.૫ પેરા નં.૮</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને મલાવભાગોળની રસ્તાની ભૌગોલીક સ્થિતિ વિશે, પોલીસ નિવેદનના વિરોધાભાસ અંગે, બનાવ વિશે અને આરોપીઓને ના.કોર્ટમાં ઓળખ્યા તે અંગે પ્રશ્નો પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

<u>સરતપાસ પેજ નં.૭ પેરા નં.૧૨</u>

આ પેરામાં આ સાહેદને બચાવ પક્ષ તરફથી તેઓને દિનેશભાઈના ઘરે મેટાડોર મૂકવા અંગે, ના.કોર્ટમાં આરોપીઓને ઓળખ્યા તેમના નામ દિનેશભાઈને જણાવ્યા તે અંગે, બનાવ વિશે અને આરોપીઓને ના.કોર્ટમાં ઓળખ્યા તે અંગે પ્રશ્ન પુંછવામાં આવેલ છે. અને બચાવ પક્ષના તે પ્રશ્નોને આ સાહેદ કોઈપણ રીતના સમર્થન આપતા નથી.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના ચાર (૪) તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને અન્ય સાહેદો પણ આ સાહેદની જુબાનીને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

## <u>પંચ સાહેદ</u>

૧) બિસ્મીલ્લાખાન અકબરખાન મલેક સાહેદ નં.૧ આંક-૭૯ ને તા.૨૮-૧૦-૨૦૦૯ના રોજ તેઓની ના.કોર્ટ સમક્ષ જુબાની થયેલ છે અને સદર પંચની હાજરીમાં તા.૬-૩-૨૦૦૨ના રોજ અન્ય પંચ તેમજ પોલીસના માણસો તેમજ અન્ય અધિકારીઓની હાજરીમાં અબ્દુલભાઈના ઘરની આજુબાજુની ખુલ્લી જગ્યામાંથી તેમજ બનાવવાળા સ્થળેથી રાખના ઢગલામાથી વીણી વીણી ને રાખડી અને હાડકા કબજે કરેલ હતા અને તે પંચનામાને ના.કોર્ટે આંક-૮૦ આપેલ છે.

સદર બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ.અધિકારીઓની હાજરીમાં કબ્જે કરેલ હતા તે પંચનામા અને સાહેદની ના.કોર્ટમા થયેલ જુબાની મુજબ તે મુદ્દામાલ વાળા માનવ હાડકા કબ્જે કરેલ હોવાનુ જણાવેલ છે.તેમજ આ સાહેદ પંચનામુ કઈ જગ્યાએ કઈ તારીખે થયુ તે પણ સ્ટપસ્ટપણે જણાવે છે. અને ૨૦૦૨ તા.૬.૩.૨૦૦૨ના રોજ પંચનામુ થયેલ હતુ તે જ પંચનામાને ના.કોર્ટમા સમર્થનકારી પુરાવા આપેલ છે. તેથી આ પંચને, પંચનામાને અને તે અંગે થયેલી કાર્યવાહીને નહી માનવા માટેનો કોઈ કારણ નથી. તેમજ આ સાહેદ ઉપરાંત અન્ય પંચની સહી ને પણ ઓળખી બતાવે છે.

૨) અકબરમીંયા હુસેનમીંયા મલેક સાહેદ નં.૨ આંક-૮૧ થી તા.૨૮-૧૦-૨૦૦૯ના રોજ તેઓની ના.કોર્ટ સમક્ષ જુબાની થયેલ છે અને સદર પંચની હાજરીમાં ઓડ મલાવ ભાગોળ વાળા વિસ્તારમાં જુદા જુદા મકાનો, દુકાનો, મસ્જીદ વિગેરે જગ્યાએ તોફાની ટોળા દ્વારા તોડફોડ, લુંટફાટ અને બાળી નાંખેલ માલ-મિલ્કત અને બનાવવાળા સ્થળેથી રાખનો ઢગલો અને હાડકા કબજે કરેલ હતા અને તે પંચનામાને ના.કોર્ટે આંક-૮૨ આપેલ છે.

સદર બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ.અધિકારીઓની હાજરીમા કબ્જે કરેલ હતા તે પંચનામા અને સાહેદની ના.કોર્ટમા થયેલ જુબાની મુજબ તે મુદ્દામાલ વાળા માનવ હાડકા કબ્જે કરેલ હોવાનુ જણાવેલ છે.તેમજ આ સાહેદ પંચનામુ કઈ જગ્યાએ કઈ તારીખે થયુ તે પણ સ્પષ્ટપણે જણાવે છે.અને ૨૦૦૨ તા.૬.૩.૨૦૦૨ના રોજ પંચનામુ થયેલ હતુ. અને આ પંચનામા વાળી જગ્યા અને મકાનો આ કામના સાહેદ ન. હારુનભાઈ કાદરભાઈ મેમણે બતાવેલ હતી. આ સાહેદ તે જ પંચનામાને ના.કોર્ટમા સમર્થનકારી પુરાવા આપેલ છે. તેથી આ પંચને, પંચનામાને અને તે અંગે થયેલી કાર્યવાહીને નહી માનવા માટે નો કોઈ કારણ નથી. તેમજ આ સાહેદ ઉપરાંત અન્ય પંચની સહી ને પણ ઓળખી બતાવે છે.

૩) મુસ્તુફાભાઈ ઉમરભાઈ વોરા સાહેદ નં.૩ આંક-૮૫ ને તા.૨૯-૧૦-૨૦૦૯ના રોજ તેઓની ના.કોર્ટ સમક્ષ જુબાની થયેલ છે અને સદર પંચ ઓડ ગામમાં મલાવ ભાગોળ વિસ્તારમાં બનેલ બનાવ સમયે અબ્દુલભાઈ યાકુબભાઈ વ્હોરાના મકાનમાં હિન્દુ કોમના ઝનુની ટોળો દ્વારા આગ લગાડવામા આવેલ અને સળગાવેલ તે દરમ્યાન ઈજા પામનાર સાક્ષીઓ (૧) અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા (૨) ઈદ્રીસ અબ્દુલભાઈ વોરા (૩) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (માતરવાળા) (૪) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા (કપડવંજવાળા) (૫) ફકીરમોહંમદ ગફુરભાઈ વોરાનાઓને તા.૬-૩-૨૦૦૨ના રોજ ઉમરેઠ મુકામે રેફરલ હોસ્પિટલ મુકામે તેઓને થયેલ ઈજા અંગે દાખલ કરેલ હતા અને સદર સાક્ષીઓની સ્થિતી અંગે આ પંચની હાજરીમાં પંચનામું થયેલ અને તે પંચનામાથી ના.કોર્ટ આંક-૮૬ આપેલ છે. આ સાહેદે ઈજાપામનાર સાહેદોને થયેલ ઈજાઓ અને તે અંગેના તેમની ઈજા ના શરીર સ્થિતીના પંચનામાને પણ ઈજાપામનાર સાહેદો (૧) ઈદ્રીસ અબ્દુલભાઈ વોરા સાહેદ ન. ૨૧ (૨) ફીરોજ ઈસ્માઈલભાઈ વોરા(માતરવાળા) સાહેદ ન.૩૭ (૩) ફીરોજભાઈ ઈસ્માઈલભાઈવોરા(કપડવંજવાળા) સાહેદન.૩૫ (૪)

ફકીરમોહંમદ ગફુરભાઈ વોરા સાહેદ ન. ૩૬ નાઓએ તેમની ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ તેઓને બનાવ મા થયેલ ઈજાઓ અંગે પણ આ સાહેદ તરફથી ઈજાપામનારા સાહેદો ની ઈજા અંગે પણ સમર્થન મળેલ છે. તે જ રીતે આ સાહેદની જુબાની પણ અન્ય સાહેદો કે જેઓ તટસ્થ સાહેદો છે. ડૉ. સંજય કૃષ્ણદાસ પરીખ સાહેદ નં.૬ આંક-૯૩ થી તા.૦૯-૧૧-૦૯ના રોજ ના.કોર્ટે તપાસેલ છે. આ ડૉક્ટર બનાવના અરસામાં ઉમરેઠ મુકામે રેફરલ હોસ્પિટલમાં મેડિકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૪-૩-૨૦૦૨ના રોજ સવારના આશરે ૧૧:૦૦ વાગ્યાના સુમારે પાંચ વ્યક્તિઓ ઈજા પામેલી એટલે કે દાઝેલી હાલતમાં આવેલ હતી જે નીચે મુજબ હતી. (૧) અબ્દુલભાઈ યાકુબભાઈ વ્હોરા (૨) ઈદ્રીસ અબ્દુલભાઈ વ્હોરા (૩) ફીરોજ ઈસ્માઈલભાઈ વ્હોરા (માતરવાળા) (૪) ફીરોજ ઈસ્માઈલભાઈ વ્હોરા (કપડવંજવાળા) (૫) ફકીરમોહંમદ ગફુરભાઈ વ્હોરા અને જેઓએ ઈજાપામનાર સાહેદોની સારવાર કરેલ છે. અને આમ આ સાહેદે ના.કોર્ટ સમક્ષ આપેલ જુબાનીને પણ અન્ય સાહેદો એ પણ સમર્થન આપેલ છે તેથી આ સાહેદને પણ નહી માનવા ને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

૪) ફરીદખાન જબરુખાન પઠાણ સાહેદ નં.૪ આંક-૮૭ ને તા.૨૯-૧૦-૨૦૦૯ ના રોજ તેઓની ના.કોર્ટ સમક્ષ જુબાની થયેલ છે અને સદર પંચની હાજરીમાં બનાવવાળા સ્થળેથી એટલે કે અબ્દુલભાઈ યાકુબભાઈ વ્હોરાના મકાનમાંથી ફરીયાદી, એફ.એસ.એલ.અધિકારી તથા પોલીસ તેમજ બીજા પંચની હાજરીમાં તા.૮-૩-૨૦૦૨ના રોજ પંચનામું થયેલ હતું અને તે પંચનામા મુજબ તેમજ પંચની જુબાની મુજબ અબ્દુલભાઈના મકાનમાંથી નાના હાડકાના આશરે ૨૦૦ ગ્રામ જેટલા ટુકડા, બદામી કલરની સાડીની ફુલવાળી ડીઝાઈન વાળો મોટો ટુકડો, નાનો ટુકડો અર્ધ બળેલી હાલતમાં મળેલી છે. ચણીયાનો નીચેનો પાલવવાળો ભાગ બળેલો, લાલ કલર વિગેરે બનાવવાળી જગ્યાએથી કબજે કરેલ હતી અને સદર સાડી અને ચણીયાનો ટુકડો મળેલ તે ફરીયાદણે પણ તેમની જુબાનીમાં પણ ઉલ્લેખ કરેલ છે આમ સદર પંચ અને ફરીયાદણની જુબાનીને પણ સમર્થન આપેલ છે. સદર પંચની હાજરીમાં થયેલ પંચનામાને ના.કોર્ટને આંક-૮૮ આપેલ છે. આ સાહેદ તેમની હાજરીમા આંક – ૮૮ વાળુ પંચનામુ થયુ તે વખતે આ કામના ફરીયાદી રહેનાબેન યુસુફભાઈ વોરા સાહેદ નં. ૨૩ આંક – ૨૪૪ થી ના.કોર્ટ સમક્ષ જુબાની થયેલ છે. અને તે આ ફરીયાદીએ પણ આ સાહેદને આંક – ૮૮

પંચનામાને પણ સમર્થન આપેલ છે. આમ આ સાહેદ પણ એક તટસ્થ અને બનાવમાં હીત ધરાવીએ વગર ની વ્યક્તિ છે. અને તેઓની જુબાનીને પણ ન માનવા માટે કોઈ કારણ નથી.

૫) ફીરોજભાઈ રસુલભાઈ વ્હોરા સાહેદ નં.૫ આંક-૮૯ તા.૨૯-૧૦-૨૦૦૯ના રોજ ના.કોર્ટમાં પંચ તરીકે તપાસેલ. સદર પંચને તા.૧૫-૩-૨૦૦૨ના રોજ ઓડ મુકામે બજાર સરતળાવ મુકામે બોલાવેલ હતા અને તે જગ્યાએ એક મેટાડોર બળેલી હાલતમાં પડેલી હતી અને તે મેટાડોરના માલીક સીરાજભાઈ હતા તેમજ તે સ્થળેથી એક ઓટો રીક્ષા બળેલી હાલતમાં મળેલી હતી જેના માલીક અલ્તાફભાઈ શફીમોહંમદ હતા. આ પંચે પણ તેમના સામે થયેલ પંચનામા મુજબ પંચનામું થયેલ છે અને તે હકીકતને સમર્થન આપેલ છે અને તેમની હાજરીમાં થયેલ પંચનામાને ના.કોર્ટે આંક-૯૦ આપેલ છે. આ સાહેદ તેમની હાજરીમા આંક – ૯૦ વાળુ પંચનામુ થયુ તે વખતે આ કામના સાહેદ અલ્તાફભાઈ શફીમંહમદ વોરા સાહેદ ન. ૫૫ આંક – ૩૦૭ થી ના.કોર્ટ સમક્ષ જુબાની થયેલ છે. અને તે આ સાહેદએ પણ આ સાહેદને આંક – ૯૦ પંચનામાને પણ સમર્થન આપેલ છે.અને આ સાહેદે પણ તેમની સાથેના બીજા પંચ તરીકે હાજર અરવિંદભાઈ એ પણ સાથે સદર પંચનામામાં સહી કરેલ છે તે સદર સાહેદ તેમની જુબાની માં જણાવે છે.આમ આ સાહેદ પણ એક તટસ્થ અને બનાવમાં હીત ધરાવીએ વગર ની વ્યક્તિ છે. અને તેઓની જુબાનીને પણ ન માનવા માટે કોઈ કારણ નથી.

## <u>ડૉક્ટર સાહેદ</u>

૧. ડૉ. સંજય કૃષ્ણદાસ પરીખ સાહેદ નં.૬ આંક-૯૩ થી તા.૦૯-૧૧-૦૯ના રોજ ના.કોર્ટે તપાસેલ છે. આ ડૉક્ટર બનાવના અરસામાં ઉમરેઠ મુકામે રેફરલ હોસ્પિટલમાં મેડિકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૪-૩-૨૦૦૨ના રોજ સવારના આશરે ૧૧:૦૦ વાગ્યાના સુમારે પાંચ વ્યક્તિઓ ઈજા પામેલી એટલે કે દાઝેલી હાલતમાં આવેલ હતી જે નીચે મુજબ હતી. (૧) અબ્દુલભાઈ યાકુબભાઈ વ્હોરા (૨) ઈદ્રીસ અબ્દુલભાઈ વ્હોરા (૩) ફીરોજ ઈસ્માઈલભાઈ વ્હોરા (માતરવાળા) (૪) ફીરોજ ઈસ્માઈલભાઈ વ્હોરા

(કપડવંજવાળા) (૫) ફકીરમોહંમદ ગફુરભાઈ વ્હોરા આ તમામની સારવાર આ ડોક્ટરે કરેલ હતી જેઓની ઈજાઓ નીચે મુજબની હતી.

(૧) ઈદ્રીસ અબ્દુલભાઈ વોરા જેઓને ડાબા હાથે ૪ઈંચ X ૪ઈંચ નો દાઝ્યાનો પેચ હતો જે સેકન્ડ ડીગ્રીનો હતો તેમજ જમણા પગના તળીયે ફોલ્લો હતો અને તેઓને આ ડોક્ટરે તપાસેલ હતા અને તેમની સારવાર અંગેનો પ્રમાણપત્ર પણ તેઓના હસ્તાક્ષરમાં આપેલી જેને ના.કોર્ટે આંક-૯૪ આપેલ છે.

(૨) ફીરોજ આઈ. વોરા (માતરવાળા) જેઓને કાંડાથી પંજા સુધી પ્રથમ ડિગ્રી બર્ન્સથી ફોલ્લા અને પરૂ પડવાની શરૂઆત થઈ રહેલ હતી બંન્ને કાનની બુટ ઉપરના ભાગે સુપર ફીસીયલ દાઝયાની ઈજાઓ હતી. અને તેઓને આ ડોક્ટરે તપાસેલ હતા અને તેમની સારવાર અંગેનો પ્રમાણપત્ર પણ તેઓના હસ્તાક્ષરમાં આપેલી જેને ના.કોર્ટે આંક-૯૫ આપેલ છે.

(૩) ફકીરમોહંમદ ગફુરભાઈ વોરા જેઓને ડાબા હાથના કોણીના નીચેના ભાગે દાઝેલ હતા ડાબા પગનો એડીના પાછળનો ઉપરનો ભાગ (ડોરસમ) અને જમણા અને ડાબા પગના તળીયે દાઝેલ હતા ડાબા હાથના પ્રથમ આંગળી ઉપર ફોલ્લા હતા. અને તેઓને આ ડોક્ટરે તપાસેલ હતા અને તેમની સારવાર અંગેનો પ્રમાણપત્ર પણ તેઓના હસ્તાક્ષરમાં આપેલી જેને ના.કોર્ટે આંક-૯૬ આપેલ છે.

(૪) ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ વોરા જેઓને મોડા ઉપર સુપર ફીસીયલ બર્ન્સ, ડાબા હાથના પંજા ઉપર પ્રથમથી બીજા ડીગ્રી બર્ન્સના દાઝયાથી ફોલ્લા, ડાબા પગના ડોરસમ અને તળીયામાં પરૂ થઈ ગયેલ હતું, ડાબા ઝાંઘના પાછળના ભાગે દાઝેલાના કારણે ચામડી લાલાશ થયેલ હતી.અને તેઓને આ ડોક્ટરે તપાસેલ હતા અને તેમની સારવાર અંગેનો પ્રમાણપત્ર પણ તેઓના હસ્તાક્ષરમાં આપેલી જેને ના.કોર્ટે આંક-૯૭ આપેલ છે.

(૫) અબ્દુલભાઈ વાય. વોરા જેઓને જમણા હાથના કાંડા સુધી પ્રથમથી બીજી ડીગ્રી દાઝયાના કારણે પરૂ થયેલ, બંન્ને પગના પંજામાં ૧ X અડધા ઈંચનો કપાયેલો છુંદાયેલો બગડી ગયેલો ઘા જેમાં પરૂ પડી ગયેલો હતું અને તેઓને આ ડોક્ટરે તપાસેલ હતા અને તેમની સારવાર અંગેનો પ્રમાણપત્ર પણ તેઓના હસ્તાક્ષરમાં આપેલી જેને ના.કોર્ટે આંક-૯૮ આપેલ છે.

આમ ઉપરોક્ત તમામ ઈજા પામનાર સાક્ષીઓને ડોક્ટરે તપાસેલ છે અને તે અંગેનું તેઓએ ઈજા પામેલાનું પ્રમાણપત્ર આપેલ છે. આમ ઈજા પામનાર સાક્ષીઓની જુબાની તેમજ સારવાર કરનાર ડોક્ટરની જુબાનીમાં અને તેઓએ કરેલ સારવાર બંન્ને વસ્તુને જોતા પણ બનાવ અંગે સમર્થન મળેલ છે અને તોફાની ટોળા દ્વારા હિંચકારુ કૃત્ય કરવામાં આવેલ તે સાબીત થાય છે. અને ઈજાપામનાર સાહેદોના ઉમરેઠ મુકામે સરકારી રેફરલ હોસ્પીટલ ખાતે તેમનુ ઈજા અંગેનુ શરીર સ્થિતીનુ પંચનામુ જે પંચની હાજરી મા થયેલ હતુ તે પંચે પણ ના.કોર્ટ સમક્ષ આપેલ જુબાની આ સાહેદને પણ સમર્થન આપેલ છે. આમ સાહેદને પણ ન માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

બચાવ પક્ષ તરફથી તેમની ઉલટતપાસમાં ઈજાપામનાર સાહેદોની દવાખાનામાં દાખલ થયા ની એન્ટ્રી પ્રમાણ પત્ર ઉપર એન્ટ્રીનં.૮૩૭ એ,બી,સી,ડી,ઈ આપેલ છે તે અંગેનો બચાવપક્ષ તરફ થી બચાવ લેવામાં આવેલ છે તેમજ આ સાહેદ ઈજાપામનાર સાહેદોના પ્રમાણ પત્રમાં પણ ઈજા અંગેની હીસ્ટ્રીનો ઉલ્લેખ નથી તે રીતનો બચવા લીધેલ છે પંરતુ જો ઈજા પામનારે ઈજા અંગેની હીસ્ટ્રી ડાકટરને જણાવેલ ન હોય કે પ્રમાણ પ્રત્રમાં જણાવેલ ન હોય તો તેનો લાભ તો.દારોને મળે નહી અને તેનાથી ઈજાપામનારોની ઈજા થયેલ નથી તેમ માની શકાય નહી.

૨. ડૉ. છગન જીનવરશાહ રાયબરકર સાહેદ નં.૭ આંક-૧૦૦ થી તા.૧૦-૧૧-૦૯ના રોજ તપાસેલ છે. જેઓ બનાવના અરસામાં કરમસદ હોસ્પિટલમાં પ્રોફેસર અને એનોટોમી ડિપાર્ટમેન્ટના હેડ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓને બનાવ સમયે પોલીસ દ્વારા બનાવવાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ મુદ્દામાલના હાડકાઓ પૈકીના એક હાડકુ અને જડબા અને કાનના બહારના ભાગને જોડતુ, ખોપરીના ભાગને જોડતુ, ખોપરીના ઉપરના ભાગને સ્કાલ કેપ, ચહેરામાં આંખની નીચેના ભાગમાં, હાથમાં આવેલ કારપેલ, બોર્ન્સનું એક ભાગનું ડેમેન હાડકુ, જડબાના હાડકાનો ટુકડો, પગના પંજાનો વચ્ચેના ભાગનો હાડકુ, પગના પંજાના હાડકાને આંગળી ઉપરનું, કરોડરજજુ સર્વાઈકલ હાડકાનો ભાગ, પગના ટાર્સલ બોર્ન્સ જેને નેવી ક્યુલર કહેવાય આ તમામ હાડકા માણસના હાડકા જેવા લાગતા

હતા. આમ સદર સાહેદની જુબાની પરથી પણ સ્પષ્ટ થાય છે બનાવવાળા સ્થળેથી કબજે કરવામાં આવેલ હાડકાઓ માણસોના જ હાડકા છે અને બનાવવાળા સ્થળે મનુષ્યને બાળી નાંખવામાં આવેલ છે તેવી સાક્ષીની જુબાનીને પણ આ જુબાનીથી સમર્થન મળે છે.

૩. ડૉ. આશીષ મણીભાઈ પટેલ સાહેદ નં.૮ આંક-૧૦૪ થી તા.૧૦-૧૧-૦૯ના રોજ તપાસેલ છે. આ સાહેદ ૨૦૦૨ના અરસામાં ઓડ સી.એચ.સી. મુકામે મેડિકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. તા.૬-૩-૨૦૦૨ના રોજ વહેલી સવારે તેઓને મલાવ ભાગોળ વિસ્તારમાં મસ્જીદ પાસેથી હાડકાની તપાસ અર્થે કાર્ય કરવાનું હતુ તેવી માહિતી આણંદના એફ.એસ.એલ.સાયન્ટીફીક ના ઓફીસર ડા.ડી એમ.પટેલ દ્વારા ફોન ઉપર મળેલ હતી. અને તે અંગેની કાર્યવાહી કરેલ હતી અને બનાવવાળા સ્થળેથી હાડકા કબજે કરેલ હતા. આમ સાક્ષીઓની જુબાની તેમજ સદર સાહેદની કાર્યવાહી તેમજ જુબાનીથી પણ એ સ્પષ્ટ થાય છે કે ગુનાવાળા સ્થળે મનુષ્યને જીવતા બાળી નાંખવામાં આવેલ છે. અને પંચો ફરીયાદીની જુબાની માં પણ સદર સાહેદની જુબાની મુજબ બનાવ સ્થળે પરથી જે મુદ્દામાલ કબ્જે કર્યો તે હકીકતને પણ સમર્થન મળેલ છે અને આ સાહેદ આ કેસને લગતુ કોઈ પણ જાતનુ હીત ધરાવતી વ્યક્તિ નથી અને તેઓ એક તટસ્થ સાહેદ છે. તેથી તેઓને ન માનવા ને કોઈ કારણ નથી. તેમજ આ સાહેદ તથા અન્ય સાહેદોની જુબાની પણ બનાવ બન્યા અંગેની હકીકતને સમર્થન આપેલ છે.

૪. ડૉ. ધનજંય મગનભાઈ પટેલને સાહેદ નં.૯ આંક-૧૦૮ થી તા.૧૦-૧૧-૦૯ના રોજ ના.કોર્ટે તપાસેલ છે. સદર સાહેદ ૨૦૦૨ના અરસામાં આણંદ મુકામે એફ.એસ.એલ. અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. તા.૬-૩-૨૦૦૨ના રોજ ઓડ મુકામે મલાવ ભાગોળ વિસ્તારમાંથી અબ્દુલભાઈના મકાનમાંથી હાડકા, માસનો લોચો, બળેલી સાડીનો ટુકડો, ચણીયાનો ટુકડો, રાખ, કોલસા વિગેરે કબજે કરેલ હતો. આમ ફરીયાદણ ની જુબાની, પંચોની જુબાની, સાક્ષીઓની જુબાની તેમજ સદર ડોક્ટરની જુબાની થી પણ બનાવને સમર્થન મળેલ છે અને બનાવને ન માનવાનું કોઈ કારણ રહેતું નથી.

૫. ડૉ.આલોક રામેશ્વર પ્રસાદ મીના સાહેદ નં.૧૦ આંક-૧૧૧ને તા.૧૦-૧૧-૨૦૦૯ના રોજ તપાસેલ છે. જેઓ સને-૨૦૦૮ના અરસામાં ઓડ સી.એચ.સી. મુકામે મેડિકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. સને-૨૦૦૮ની સાલમાં મલાવ કુવામાંથી કચરો તેમજ હાડકા કાઢવા અંગેની કાર્યવાહી ચાલતી હતી તે દરમ્યાન આ સાહેદની ફરજ દરમ્યાન વાવમાંથી મળી આવેલ હાડકા અંગે મુદ્દામાલ કબજે કરેલ હતા.

૬. ડો.ભુપેન્દ્ર ભારતી ભીખા ભારતી ગોસાઈ સા.નં.૬૩ આંક ૩૫૧ ને તા.૧-૯-૧૦ના રોજ તપાસેલ છે. કે જેઓ સને-૨૦૦૨ના અરસામાં વડોદરા મેડીકલ કોલેજ એનોટોમી વિભાગમાં ફરજ બજાવતા હતા. તે વખતે તા.૨૬-૩-૦૨ના રોજ તેમને ઓડ સી.એચ.સી.તરફથી જુદી જુદી જાતના માનવ હાડકા અભિપ્રાય અંગે આવેલ હતા. અને આ જુદા જુદા હાડકામાં ડાબા-જમણાં પગમાં ઘુંટણી, ટાંકણીના હાડકા બળેલા, પગના પંજાના હાડકા બળેલા, કોણીના હાડકાના નાના નાના ટુકડાઓ હતા. આ સાહેદને જુબાનીના પાના નં.૨ અને પેરા નં.૩ના તેઓએ તેમને હાડકાની તપાસ માટે મળેલ હાડકાની ઓપીનીયંનને જણાવવામાં આવેલ છે કે જેમને તપાસ માટે મળેલ હતા તે હાડકા માનવ હાડકા હતા તેમ જણાવેલ છે આથી આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે જે વ્યક્તિઓને તોફાની ટોળાઓ દ્વારા મારી નાંખવામાં આવેલા હતા તે જ વ્યક્તિઓના હાડકા માનવ હાડકા છે તેમ જણાવેલ છે. અને આ અભીપ્રાય તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે માનવ હાડકા અંગેનો અભીપ્રાય નરી આંખે જોઈ અનુમાનના આધારો આપેલો નરી આંખે હાડકા જોઈને અનુમાનના હાડકા માનવના છે તેમ જણાવેલ છે.

આ સાહેદની જુબાનીમાં તેઓએ જે હાડકાઓનું પરીક્ષણ કરેલ છે તે હાડકાઓ મલાવભાગોળ અબ્દુલભાઈના મકાનમાંથી મળી આવેલ હાડકાઓ હતા અને તે ઓડ સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મોકલવામાં આવેલ હતા તે મનુષ્યના છે કે કેમ તેનું પરિક્ષણ કરવામાં આવેલ અને હાડકા બળી ગયેલી હાલતમાં હોવાથી ડી.એન.એ.પ્રાપ્ત થયેલ નથી. પરંતુ તે કારણોસર તે મનુષ્યના હાડકા ન હતા તેવું પણ સાબીત થયેલ નથી તેવાં સંજોગોમાં સાંયોગીક અને મૌખીક પુરાવા પરથી તે હાડકાઓ મનુષ્યના છે તેવું સ્પષ્ટ થાય છે. આમ આ સાહેદની જુબાનીથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે મલાવભાગોળ વિસ્તારમાં અબ્દુલભાઈના મકાનમાં જે બનાવ

બનેલ હતો તેમાં બે વ્યક્તિઓ આયશાબેન અને નુરીબેન તથા કાદરભાઈને શીવસદનના ગેઈટની પાસે જીવતા સળગાવી દેવાના બનાવને પુરેપુરુ સમર્થન મળે છે અને જે પંચોની હાજરીમાં ના.કોર્ટમાં મુદ્દામાલ રજુ થયો જેમાં જે હાડકા હતા તે મનુષ્યોના જ એટલે કે માનવજાતિના હતા તેવું આ સાહેદ સ્પષ્ટપણે જણાવેલ છે.

## <u>સરકારી સાહેદ</u>

૧. કમલેશભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ સાહેદ નં. ૫૯ આંક – ૩૧૭ થી તા.૬.૭.૨૦૧૦ ના રોજ ના.કોર્ટ સમક્ષ જુબાની થયેલ છે.

સદર સાહેદ સને ૨૦૦૨ની સાલમાં આણંદ મુકામે નગરપાલિકા ફાયર બ્રિગેડના ફાયર સુપ્રિન્ટ. તરીકેની ફરજ બજાવતા હતા. આ સાહેદે તેમની જુબાનીમાં તેમની બનાવ અંગે ના.કોર્ટમાં જણાવેલ છે કે તા.૧.૩.૨૦૦૨ના રોજ પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી વર્ધી મળેલ કે ઓડ ગામમાં આગ લાગેલ છે તેથી તેઓએ એક ફાયર ફાઈટર મોકલાવેલ હતુ પંરતુ તે ફાયરફાઈટરને ઓડ અહિમા ચોકડી પાસે તોફાની ટોળા દ્વારા રોકી રાખવામાં આવેલ હતુ. અને તે ફાયર ફાયટરનું વાલ ખોલી ને પાણી ટોળાએ કાઢી નાખેલુ અને પાછુ આવવુ નહી તે બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપેલી. આમ તોફાની ટોળુ તેમના આયોજન મુજબ ગુનાહીત કૃત્ય કરવામાં માટે અગાઉથી આયોજન કરેલ હતુ. અને તેઓએ ઓડ ગામમા લાગેલ આગ ઓલવવા માટે આવેલ ફાયર ફાયટરોને ગામમાં પ્રવેશવા દીધેલ નહી. આમ ઓડ ગામમાં બનેલ બનાવ તે તોફાનીઓ નુ ખુબ જ આયોજન પુર્વકનુ હતુ તે આ સાહેદની જુબાની પરથી ફલિત થાય છે.

આમ સાહેદ એક તટસ્થ સાહેદ છે અને તેઓએ તા.૧.૩.૨૦૦૨ ના રોજની ઓડ ગામની પરિસ્થિતી શું હતી તે અંગેનો યોગ્ય ચિતાર આપેલ છે. આમ આ સાહેદ એક સરકારી સાહેદ છે અને એક નેચરલ વિટનેશ છે તેથી તેને ન માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદને બચાવપક્ષ તરફથી તા.૨૮.૨.૨૦૦૨ના રોજ ના ઓડ ગામમા બનાવ વિશે પ્રશ્ન પુછવામાં આવેલ છે પંરતુ તા.૧.૩.૨૦૦૨ ના રોજ બનાવ અંગેના કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી.

૨. રમણભાઈ બાવાજીભાઈ પરમાર સાહેદ નં.૬૬ આંક- ૪૩૨ થી તા.૧૫-૦૯-૨૦૧૧ ના રોજ તપાસેલ છે.અને તેઓ આણંદ ગ્રામ્યમાં નાયબમામલતદાર (મહેસુલ) નોકરી કરે છે અને તેઓએ એટલેકે તેમના વિભાગ દ્વારા સને ૨૦૦૨ના કોમી તોફાનો દરમ્યાનના અસરગ્રસ્તો તથા તેઓના વારસદારોને રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા સહાય આપવામાં આવેલ હતી. અને તે સહાય જુદા જુદા સમયે જુદી જુદી રકમની સહાય આપવામા આવેલ હતી. આ આપવામા આવેલ સહાય પૈકી એક આયશાબેન અબ્દુલભાઈ વોરા, નુરીબેન ગફુરભાઈ વોરા તથા અબ્દુલકાદર ઈસ્માઈલભાઈ વોરા નાઓનુ તોફાનોમાં મૃત્યૃ થવાથી તેમના વારસદારોને જેવા કે આયશાબેન અબ્દુલભાઈ વોરાનુ વળતર ઈદ્રીશ અબ્દુલભાઈ વોરા ને, નુરીબેન ગફુરભાઈ વોરાનુ વળતર ફકીરમંહમદ ગફુરભાઈ વોરાને તથા અબ્દુલ કાદર ઈસ્માઈલભાઈ વોરાનુ શાહીન અબ્દુલ કાદર વોરા ને ચુકવવામાં આવેલ હતુ. અને આ તમામ વળતર ચેક દ્વારા ચુકવવામાં આવેલ હતુ અને તે તેમની જુબાનીથી ફલીત થાય છે.

૩. અશોકભાઈ તુલસીભાઈ પટેલ ને સાહેદ નં.૬૭ આંક- ૪૩૭ થી તા.૨૩-૦૯-૨૦૧૧ના રોજ તપાસેલ છે. સદર સાહેદ આંણદ ગ્રામ્યમાં કલેકટરનો હોદ્દો હાલમા ધરાવે છે. આ સાહેદના વિભાગ દ્વારા સને ૨૦૦૨ ના કોમી તોફાનોના અસરગ્રસ્તોને વળતકર ચુકવવામા આવેલ હતુ. અને તે વળતર ૨૦૦૨ના આંણદ જીલ્લા ના સહાયક પોલીસ અધિકારી શ્રી બવાંગ ઝમીર સાહેબના પરિપત્રના આધારે સહાય ચુકવવામા આવેલ હતી અને તે સહાય ચુકવવા માટે તોફાનો દરમ્યાન મૃત્યૃ પામેલ લોકોના વારસદારોની ચોકસાઈ અને ખરાઈ કરીને તેઓને વળતરની રકમ ચુકવવામા આવેલ હતી.

આમ સદર ઉપરોક્ત બન્નેં સાહેદો સરકારી કર્મચારી છે અને તેઓના વિભાગ દ્વારા અસરગ્રસ્તો તથા મૃત્યૃ પામેલા નાઓના વારસદારોની ચોકસાઈ અને ખરાઈ કરીને સહાયની રકમો એટલે કે વળતરની રકમો આપવામાં આવેલ છે. આમ આ બન્ને સાહેદો પણ એક તટસ્થ તથા નેચરલ સાહેદ છે તેથી પણ તેઓને ન માનવાનું કારણ નથી અને આ કેસના બચાવ પક્ષ તરફથી મૃત્યૃ પામેલા સદર કેસના ત્રણેય વ્યક્તિઓ મૃત્યૃ પામેલ નથી કે તેઓ અન્ય કોઈ જગ્યાએ સ્થાળંતર કરી ગયેલ છે તેવો બચાવ બચાવ પક્ષ તરફથી લેવામાં આવેલ છે.

આમ ઉપરોક્ત બંને સાહેદોને નામદાર કોર્ટમાં સદર કેસના ટોળા દ્વારા મારી નાંખવામાં આવેલ ત્રણ વ્યક્તિઓના વારસદારોને સરકારશ્રી તરફથી આપવામાં આવેલ મૃત્યુ સહાય અંગે જણાવેલ છે.

## પોલીસ સાહેદ

૧. આ કામમાં શ્રી નરવતસિંહ ભૂપતસિંહને સાહેદ નં. ૬૧અને આંક ૩૩૭ થી તા.૭.૭.૨૦૧૦ ના રોજ તપાસવામાં આવેલ છે.

સદરહુ સાહેદ બનાવ બનેલ તે વખતે સદરહુ સાહેદ ખંભોળજ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકેની ફરજ બજાવતા હતા. અને સદર કામની ફરીયાદ સી.પી.આઈ.ભુવા સાહેબે નોંધેલ હતી. અને તે દાખલ કરવા અંગેનો પત્ર તેમને આપેલ હતો. અને તેમાં ગુનો દાખલ કરવા અંગેનો શેરો અને સહી તેમની છે અને સ્ટેશન ડાયરીમાં સદર ગુનાની ફરીયાદ અંગેની નોંધ પણ કબૂલ કરેલ છે.

આ સાહેદ સમક્ષ સદર બનાવની ફરિયાદ દાખલ થયેલ છે અને તેની સ્ટેશન ડાયરીના અંદર એન્ટ્રી પડેલ છે. તેથી આ સાહેદને નહી માનવા માટેનું કોઈ કારણ નથી. સદર સાહેદ તટસ્થ સાહેદ છે.

૨. આ કામના તપાસ કરનાર અધિકારી શ્રી કે.આર.ભુવા ને સાહેદ નં. ૬૪અને આંક ૩૬૦ થી તા.૨૦.૯.૨૦૧૦,તા.૨૧.૯.૨૦૧૦, અને તા.૧૧.૧૦.૨૦૧૦ ના રોજ તપાસવામાં આવેલ છે.

સદર સાહેદે આ કેસની તપાસ એટલે કે સને ૨૦૦૨માં થયેલ તોફાનોની તપાસ કરેલ છે. અને તે દરમ્યાન તેઓ આણંદ જીલ્લામાં સર્કલ પોલીસ ઈન્સપેકટર તરીકે ની ફરજ બજાવતા હતા. આ કેસનો બનાવ તા.૧.૩.૨૦૦૨ ના રોજ બનેલ હતો. અને આ બનાવમાં કુલ ત્રણ વ્યક્તિઓને જીવતી સળગાવી જાન થી મારી નાખવામાં આવેલ હતી અને બીજી પાંચ વ્યક્તિઓને જીવતી સળગાવી જાન થી મારી નાખવાની કોશિશ કરવામા આવેલ હતી. અને આ અંગેની ફરીયાદ તા.૫.૩.૨૦૦૨ ના રોજ ફરીયાદી રેહાનાબેન યુસુફભાઈ વોરા દ્વારા સુરેલી કેમ્પમાં આપવામાં આવેલ હતી. અને આ ફરીયાદ ના. કોર્ટમાં આંક ૨૪૫ થી રજુ થયેલ છે.આ કામે આ સાહેદે ગુનાવાળી જગ્યાનુ તા.૬.૩.૨૦૦૨ ના રોજ તથા

તા.૮-૩-૨૦૦૨ના રોજ કરેલ છે.પંચનામુ કરેલ છે. અને ગુનાવાળી જગ્યાએ થી કબ્જે કરેલ મરણ જનારના માનવ હાડકા, સાડી ટુકડો, ચણીયાનો ટુકડો ,માંસ નો લોચો, રાખોડી અને માટી કબ્જે કરેલ હતી. તેજ રીતના આ કામના તપાસ કરનાર અધિકારી એ ગુનાવાળી જગ્યાની વિડીયોગ્રાફી તેમજ ફોટોગ્રાફી કરાવેલ છે. આ બન્ને વસ્તુઓ આ તપાસ અધિકારી એ આ કેસ ની ચાર્જસીટ સાથે રજુ કરેલ નથી. અને હાલમાં તે ક્યા છે તેની તેઓને જાણ નથી તેવુ જણાવે છે. તેમજ આ સાહેદે આ કામના ફરિયાદીએ તેમની ફરિયાદ તા.૫-૩-૨૦૦૨ના રોજ આપેલ છે. આમ આ સાહેદની ૨૦૦૨ની તેમની કરેલી તપાસ ખૂબજ શંકા ઉપજાવે તેમ છે.

આ સાહેદે તેમની જુબાની માં ઉલટતપાસ દરમ્યાન પેરા નં.૩૨ માં જણાવેલ છે કે ઓડ ગામે થી મુસ્લીમ લોકોનુ સ્થાળંતર કર્યા બાદ આ સાહેદ તથા પોલીસના અન્ય માણસો એ જ્યાં જ્યાં તોફાનો થયેલા તેવા વિસ્તારોમાં પેટ્રોલીંગ અને બંદોબસ્ત ચાલુ રાખેલો જે તે વિસ્તરોમાં જે ઘરો સળગાવવામાં આવેલ તેમાં કોઈ મુસલમાનના માણસો રહી ગયેલ છે કે કેમ અને તેમને બચાવવાની કામગીરી ચાલુ રાખવામા આવેલ તે કામગીરી દરમ્યાનમાં રસ્તામાં કોઈ રજળતી લાશ કે અવષેશો જોવામાં આવેલા નહી. તે જ રીતે ફુટ પેટ્રોલીંગ વખતે મલાવભાગોળ વિસ્તારમાંથી કોઈ પણ લાશ કે અવશેષો મળેલ નથી. આ હકીકત આ સાહેદ તેમની ઉલટતપાસ દરમ્યાન જણાવે છે જે હકીકત શંકાસ્પદ છે અને માનવા ને લાયક નથી કારણ કે મલાવ ભાગોળ વિસ્તારમાં જે જગ્યા એ ત્રણ વ્યકિતઓને જીવતી સળગાવી બાળી નાખવામાં આવેલ તે જગ્યાના રહેવાસીઓ તથા તેમના સંબંધીઓ બનાવના દિવસે એટલે કે શુક્રવારનો દિવસ, આખી રાત તેજ રીતે શનિવારનો આખો દિવસ અને વહેલી પરોઢ સુધી આ લોકોએ બનાવ વાળી જગ્યા કે તે વિસ્તારમાં કોઈ પણ પોલીસના અધિકારી કે પોલીસના માણસોને ત્યા જોયેલ નથી કે પોલીસના અધિકારી કે પોલીસ ના માણસો ત્યા ગયેલ નથી કે જે આ કામના અસરગ્રસ્ત સાહેદો થી ફલિત થાય છે એટલે કે આ તમામ હકીકતો જોતા આ કામના તપાસ કરનાર અધિકારી ની આ બનાવ બન્યો તે અંગે ની તપાસ અને તેમની વર્તણુક ખુબ જ શંકાસ્પદ લાગે છે અને આ કામના આરોપીઓને સીધી અથવા આડકતરી રીતે લાભ થાય તે રીત ની તેમની તપાસ જણાઈ આવી રહી છે.

આ કામના તપાસ કરનાર અધિકારી જ્યારે આ કેસની તપાસ સંભાળી ત્યારબાદ આ કામના આરોપી ઓ નં.૭ થી ૧૪ તથા ૧૫ થી ૪૪ નાઓએ

આગોતરા જામીન અરજી કરેલ હતી તે આગોતરા જામીન અરજી ના.સેસન્સ કોર્ટે મંજુર કરેલ હતી. આ તમામ આરોપી ની આગોતરા જામીન અરજી મંજુર થવા દેવા માટે પણ આ તપાસ કરનાર અધિકારીનો ફાળો ખુબ જ મહત્વનો જણાઈ આવે છે કારણ કે આ તમામ આરોપીઓની આગોતરા જામીન અરજીમાં શું વિરોધ કર્યો શુ વાંધો લીધો કે ના.સેસન્સ કોર્ટે આગોતરા જામીન નો હુકમ કર્યો તે હુકમને ઉપલી અદાલતમાં પડકારવામાં આવેલ નથી કે તે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

આ સાહેદે આ કામમા મરણજનાર આયશાબેન તથા કાદરભાઈના સંબંધીઓ એટલે કે આયશાબેનના દિકરા ઈદ્રીશનુ તા.૨૪.૫.૨૦૦૨ના રોજ બલ્ડ સેમ્પલ ડી.એન.એ.ટેસ્ટમાં લીધેલ તે જ રીતના મરણજનાર કાદરના ભાઈ ઈલ્યાસનુ તા.૧૬.૭.૨૦૦૨ના રોજ બલ્ડ સેમ્પલ ડી.એન.એ. ટેસ્ટમાં લીધેલ હતુ. આમ આ સાહેદે તેમની તપાસ દરમ્યાન મરણ જનારના ડી.એન.એ. ટેસ્ટ કરવા અંગે આટલો લાંબો સમય સુધી કોઈ કાર્યવાહી ન કરવાનું કારણ પણ આપી શકેલ નથી કે તે અંગેનો કોઈ ખુલાસો પણ કરી શકેલ નથી. આમ આ સાહેદે તેમની તપાસ દરમ્યાન પુરાવોનો નાશ થઈ જાય અને તેનો લાભ આરોપીઓને થાય તેવી તેમની તપાસ જણાઈ આવે છે.

આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે મુસ્લીમોના વિસ્તોરોના મકાનો પાસે ઓડ ગામમા તોફાનો થઈ ગયા પછી પોલીસ પેટ્રોલીંગ અને બંદોબસ્ત ચાલુ રાખેલ હતો તેમ જણાવેલ છે. તેમ છતા ઓડ ગામમાં મલાવ ભાગોળ વિસ્તારમાં મુસ્લીમોના મકાનો ઉપર તોફાનો ટોળા દ્વારા જે આંતકી અને હિસંક હુમલો કરવામાં આવેલ હતો તે હુમલો તા.૧.૩.૨૦૦૨ના રોજ કરવામાં આવેલ હતો તેમ છતા આ હુમલા બાદ પણ બીજા દિવસે એટલે કે તા.૨.૩.૨૦૦૨ના રોજ પણ તોફાની ટોળા દ્વારા મુસ્લીમોના મકાનોમાં તોડફોડ લુંટફાટ ચાલુ હતી તેમજ પુરાવાનો નાશ કરવામાં આવેલ હતો આ જ હકીકત સ્પષ્ટ કરે છે કે જો બનાવ વાળા સ્થળો એ પોલીસ બંદોબસ્ત અને પેટ્રોલીંગ ચાલુ હતુ તેમ છતા તોફાની ઓ દ્વારા લુંટફાટ અને તોડફોડ અવિરત પણે ચાલુ રહેલ એટલે આ હકીકત પણ સ્પષ્ટપણે જણાવે છે કે આ તપાસ કરનાર અધિકારી દ્વારા જે કોઈ પોલીસ બંદોબસ્ત કે પેટ્રોલીંગ મુકવાની વાત છે તે ફકત રેકર્ડ ઉપર દશાર્વવા પુરતુ છે પુંરતુ જો ખરી હકીકતે આ તપાસ અધિકારી આ બનાવની તપાસ યોગ્ય અને સાચી દિશામાં

કોઈપણ જાતના ભેદભાવ વગર કરી હોત તો આ કેસના બનાવની સાચી હકીકત રેકર્ડ ઉપર આવતી પંરતુ આ તપાસ કરનાર અધિકારી એ આરોપીઓ ને લાભ થાય તે રીતના તે રીતની તેઓની તપાસ આ કેસનો તમામ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

આ તપાસ કરનાર અધિકારી એ મોટા ભાગના સાહેદોના પોલીસ દ્વારા લેવામાં આવેલ નિવેદનોમાં જણાવેલ છે તે પેકીના નજરેજોનાર ઈજા પામનાર સાહેદ ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા ના નિવેદનમા એવુ લખેલ છે કે અમારા મકાનને તોડફોડ કરતા હુ તથા મારો ભાઈ સમીરભાઈ તથા સલીમભાઈ એ રીતેના પાછળ થી વરંડો કુદી નાઠેલા. તે ખોટી હકીકત જણાવેલ છે ખરી હકીકતે આ સાહેદના મકાનની પાછળની બાજુ માં કોઈ બારી બારણા નથી પડતા કે કોઈ વંરડો નથી. આમ આ કામના તપાસ કરનાર અધિકારી એ તેમની તપાસ નિષ્પક્ષ રીતે કરેલ નથી .

આ સાહેદે આ કામના અન્ય અસરગ્રસ્ત સાહેદોના નિવેદનો લીધેલ હતા કે જેઓ નીચે મુજબના છે.

| સાહેદનુ નામ | સાહેદ નંબર | આંક |
|---|---|---|
| યાસીન નુરમંહમદ વોરા | ૨૬ | ૨૫૫ |
| યુનુસભાઈ ઈસ્માઈલભાઈ વોરા | ૨૭ | ૨૫૬ |
| ઈનાયતભાઈ યુનુસબાઈ વોરા | ૨૮ | ૨૫૯ |
| સુફીયાબેન કરીમભાઈ વોરા | ૩૨ | ૨૬૪ |
| રશીદાબેન યુનુસ વોરા | ૩૩ | ૨૬૫ |
| નુરમંહમદ રસુલભાઈ વોરા | ૫૦ | ૨૯૬ |
| રેહાનાબેન યુસુફભાઈ વોરા | ૨૩ | ૨૪૪ |
| યુસુફભાઈ યાકુબભાઈ વોરા | ૨૪ | ૨૪૯ |
| અલ્તાફભાઈ શફીમંહમદ વોરા | ૫૫ | ૩૦૭ |
| ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા | ૨૧ | ૨૦૯ |

ઉપરોક્ત તમામ સાહેદોના આ સાહેદે ૨૦૦૨ માં લીધેલ નિવેદનોમાં આ સાહેદોના નિવેદનોમાં એમ જણાવેલ છે કે, અમો અમારા મકાનના પાછળના દરવાજેથી વરંડો કુદીને ગામ બહાર નીકળી ગયેલ તેમજ અન્ય સાહેદોના જવાબમાં

જણાવેલ છે કે, અમારા મકાનની પાછળની દિવાલે બાકોરૂ પાડીને ગામ બહાર જતા રહેલ તેમ જણાવેલ છે પરંતુ ખરી હકીકતે આ સાહેદોના મકાનની પછીતે એટલે કે પાછળની દિવાલે કોઈ પણ દરવાજો કે બારી બારણું આવેલ નથી કે વરંડો આવેલ નથી. તે જ રીતના અન્ય સાહેદના મકાનની પછીતે પટેલ કોમના માણસનું મકાન આવેલ છે. એટલે કે, સાહેદની પછીતની દિવાલમાં બાકોરૂ પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો સાહેદ તેની પછીતની દિવાલે બાકોરૂ પાડે તો તે તેના પછીતના ભાગમાં રહેતા પટેલના ઘરમાં પ્રવેશી શકે તેમ છે. આમ, ઉપરોક્ત તમામ સાહેદો વર્ષોથી ઓડ ગામમાં તેમના મકાનોમાં રહેતા હતા. અને તેમને તેમના મકાનની તેમજ વિસ્તારની ભૌગોલિક રચના અંગે ખુબજ માહિતગાર હોય તે પણ સ્વાભાવિક છે. અને આ સાહેદો તેમના મકાનમાં કઈ દિશામાં કેટલા બારી બારણાં છે તે જાણતા હોય તે સ્વાભાવિક છે. આ તમામ હકીકતોથી તદન વિરોધાભાસ હકીકતો આ તમામ સાહેદોના ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારી એટલે કે આ સાહેદે આ તમામ સાહેદોના નિવેદનોમાં તેમના મકાનની પાછળના ભાગે દરવાજો દર્શાવેલ છે અથવા પછીતની દિવાલે બાકોરૂ પાડયાનું દર્શાવેલ છે. આમ, આ સાહેદે ૨૦૦૨માં કરેલ તપાસ આ તમામ હકીકતો જોતા ખુબ જ શંકાસ્પદ જણાઈ આવેલ છે અને આ રીતના સાહેદોના નિવેદનો નોંધીને આરોપીઓનું સીધી કે આડકતરી રીતના લાભ પહોંચાડવાનો આ સાહેદનું વર્તન દર્શાવી આવે છે. આમ, આ સાહેદે ૨૦૦૨ માં કરેલ તપાસ બનાવથી વિપરીત રીતે કરેલ છે. અને તે તપાસને અવળે માર્ગે લઈ ગયેલ છે. જો આ સાહેદની ૨૦૦૨ ના તપાસના નિવેદનોને ઉપરોક્ત સાહેદો તે મુજબની જુબાની આપે તો તે જુબાની  કોઈ પણ સંજોગોમાં સાચી ઠરે નહીં. અને આ સાહેદો જો તે મુજબની જુબાની આપે તો તેમના મકાનોની ભૌગોલિક સ્થિતિ તદન તેમના મકાનની ખરી સ્થિતિથી જુદી જ ઉપસી આવે તેમ છે.

આ સાહેદ સામે આ કામના ફરીયાદી રેહાનાબેન યુસુફભાઈ વોરા સા.નં.૨૩ તથા  યુસુફભાઈ યાકુબભાઈ વોરા સાહેદ નં.૨૪ નાઓએ આ કેસની ૨૦૦૨માં તપાસ કરનાર અધિકારી સામે શરૂઆતથી શંકા હતી અને તે અન્વયે આ બંન્ને સાહેદોએ ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારી સામે સીટમાં અરજી કરેલ હતી કે જે આ કામે આંક ૨૪૮ અને ૨૫૧ થી રજુ થયેલ છે અને તે અરજીમાં આ બંન્ને સાહેદોએ ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારીને આ કેસની તપાસથી દૂર રાખવા

માટેની અરજી કરેલ છે આમ ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારી સામે શરૂઆતથી શંકાની સોય તકાયેલ છે.

આ સાહેદે આ કેસના અનુસંધાને કરેલ તપાસ અંગેની કેસ ડાયરી, બનાવના સ્થળની વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી જેવી તમામ વસ્તુઓ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી અને તેઓએ સને ૨૦૦૨માં આરોપીઓની જામીન અરજી વખતે પણ બનાવની કેસ ડાયરી અગે કોઈ સાચી હકીકત નામદાર કોર્ટને જણાવેલ નથી અને કેસડાયરી રજુ કરેલ નથી. આમ, આ સાહેદે શરૂઆતથી જ આ કેસની તપાસ ખુબ જ શંકાસ્પદ રીતે કરેલ છે તેથી તેવા સંજોગોમાં આ સાહેદ ઉપર યોગ્ય કાયદેસરની કાર્યવાહી નામદાર કોર્ટે કરવી જોઈએ અને આ સાહેદે આ કેસના સાહેદોના લીધેલા નિવેદનોને નામદાર કોર્ટે માનવા જોઈએ નહીં અને સાહેદોએ આપ નામદાર કોર્ટ સમક્ષ આપેલ જુબાનીને માનવી જોઈએ.

૩. હિમાંશુ ચંદ્રવદન પાઠક સીટના તપાસ કરનાર અધિકારીને સાહેદ ન. ૬૫ આંક – ૩૬૭ થી તા.૧૨.૧૦.૨૦૧૦ અને તા.૨૩.૯.૨૦૧૧ ના રોજ તપાસેલ છે.

આ કામે સને-૨૦૦૨ની પોલીસ તપાસ શંકાશીલ અને આરોપીઓને મદદરૂપ થાય તેમ હતી તેથી ના.સુપ્રિમ કોર્ટની દોરવણી હેઠળ સદર કેસને એસ.આઈ.ટી.ને સોંપવામાં આવેલ હતો અને તેની વધુ તપાસ અંગેનો હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ જેમ અગાઉ એટલે કે ૨૦૦૨માં પોલીસે જે તપાસ કરેલ હતી તે તપાસમાં વધુ ઉંડાણ પુર્વકની તપાસ એસ.આઈ.ટી.એ કરેલ નથી. અને તે રીતે બનાવ અંગેની ૨૦૦૨ની અને એસ.આઈ.ટી.ની તપાસમાં ઘણી બધી સામ્યતા રહેલી છે અને તે સંજોગોમાં સદર કામના સાહેદોએ ના.કોર્ટ સમક્ષની આપેલી તેઓની જુબાનીને માનવી જોઈએ.

સીટના તપાસકરનાર અધિકારીએ તેમની સરતપાસના પેરા નં.૨મા જણાવ્યા પ્રમાણે આ કામના સાહેદ નં. ૪૯ અલીજીભાઈ ઈસ્માઈલભાઈવોરા તા.૨૬.૨.૨૦૦૮ ના રોજ જ્યુ.મેજી.ફ.ક. ઉમરેઠ કોર્ટમાં આ ગુનાના મરણ જનાર વ્યક્તિઓની લાશો કુવો અને વાવમા નાખી દીધેલ હોય તેમના અવશેષ મળવાની સંભાવના હોય તે અંગેની અરજી આપેલ હતી અને તે અરજી ના. કોર્ટમાં રેકર્ડ ઉપર આંક ૬૩થી રજુ છે. તેમ છતા સીટના તપાસ કરનાર અધિકારી એ સદર સાહેદ ને મૌખીક કે સમન્સ આપી પોતાની રૂબરૂ બોલાવી બનાવ અંગેની પુછપરછ

કરેલ નથી. આમ શીટના તપાસ કરનાર અધિકારીને આ સાહેદની સદર અરજીના અનુસંધાને તેમની પૂછપરછ થઈ શકી હોત તેમજ આ સાહેદના મરનાર ભાઈ કાદરના બનાવ અંગેની પણ સત્ય હકીકત તેમની તપાસ દરમ્યાન ના.કોર્ટના રેકર્ડ પર લાવી શક્યા હોત તેમ છતાં આ તપાસ કરનાર અધિકારીએ તેમને તપાસ કરવાની મળેલ સત્તાની રૂએ પણ તેઓએ બનાવ અંગેની સત્ય હકીકત ના.કોર્ટના રેકર્ડ પર લાવવાનાં કોઈ પ્રયત્નો કર્યા નથી.

આ સાહેદને તેમની ઉલટ તપાસના પેજ નં.૮ પર પેરા નં.૭માં તેમને ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારીના સાહેદોના નિવેદનો અંગે પ્રશ્નો પૂંછવામાં આવેલ છે અને તેમાં બચાવ પક્ષ તરફથી પ્રશ્ન પૂંછવામાં આવેલ છે કે સાહેદોના નિવેદનો વંચાણે લેતા જે નિવેદનોમાં વધુ તપાસ કરવાની જરૂર લાગી તે સાહેદોના નિવેદનો નોંધેલા. જે નિવેદનોમાં પરિસ્થિતિ અસ્પષ્ટ હતી તેની પુર્ણતા કરવાનો પ્રયત્ન કરેલો. પરંતુ જો આ સાહેદે તેમની ઉલટ તપાસમાં તેમને પૂંછવામાં આવેલ પ્રશ્નનો આ જવાબ આપેલ હોય અને તેમણે ૨૦૦૨ના સાહેદોના નિવેદનોનો અભ્યાસ કરેલ હોય તો સાહેદોના અને ઈજા પામનારના ૨૦૦૨ના નિવેદનોમાં ઈજા પામનાર સાહેદોના મકાન તથા તેઓ હુમલો થયો તે વખતે જે મકાનમાં હતા તે જગ્યા અને મકાનોની ભૌગોલિક સ્થિતિ જોયેલ હોય તેમ આ તપાસ કરનાર અધિકારીએ તેમની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે. જો આ પરિસ્થિત હોય તો આ સાહેદને ઈજા પામનાર તથા અન્ય સાહેદોના મકાનો જોતા તે મકાનોમાં કોઈપણ જગ્યાએ મકાનની પછીતે બારી-બારણાં નથી કે વરંડો નથી. જો આ સાહેદે અગાઉના તપાસ કરનાર અધિકારીના સાહેદોના નિવેદનોમાં કોઈ ક્ષતી કે ઉણપ જણાવેલ ન હોય તે જણાવે છે કે તે સત્યથી તદ્દન વેગળું છે. અને આ સાહેદે જે રીતના તપાસ કરવી જોઈએ તેવી તપાસ કરેલ નથી તે સ્પષ્ટપણે જણાઈ આવે છે.

આજ સાહેદની ઉલટ તપાસના પેજ નં.૧૦ અને પેરા નં.૧૩માં આ બનાવમાં જીવતા બાળી નાંખ્યા અંગેનો પ્રશ્ન પૂંછવામાં આવેલ છે અને તેમાં આંક ૬૩ની અરજીના અનુસંધાને પ્રશ્ન પૂંછવામાં આવે છે અને તે પ્રશ્નમાં આ સાહેદે એ વાત ખરી છે કે તે અરજીમાં પેરેગ્રાફ નં.૪ માં આરોપીઓએ જણાવેલા માણસોને જીવતા બાળી નાંખી લાશોને સગે-વગે કરી દઈ પુરાવાનો નાશ કરેલો હતો. તેવા આક્ષેપ હતોએ વાત ખરી છે કે તે હકીકતની અમે તપાસ કરેલી અને તપસા કરતા એ આક્ષેપ ખોટાં છે તેવું મને લાગ્યું. આમ આ સાહેદે સદર બનાવમાં કોઈ વ્યક્તિ

મૃત્યુ પામેલ નથી કે પરોક્ષ રીતે સ્વીકારેલ છે. અને જો આજ હકીકત હોય તો સદર બનાવમાં મૃત્યુ પામેલાઓના સ્વજનોને સરકારશ્રી તરફથી મૃત્યુ સહાય આપવામાં આવેલી તે કયા આધારે આપવામાં આવેલી તે એક ખૂબ જ ગંભીર પ્રકારનો ચર્ચાનો પ્રશ્ન બની રહે તેમ છે. આ સાહેદની ઉલટ તપાસમાં પેજ નં.૧૧, પેરા નં.૧૬ બચાવ પક્ષ તરફથી તેમને પૂંછવામાં આવેલ છે તે ૨૦૦૨ ના બનાવ અનુસંધાને તપાસ કરનાર અધિકારીએ સાહેદોના જે નિવેદનો લીધેલા તે વખતના રાઈટર ઉદેસિંહ વજેસિંહ હતા તેમ જણાવેલ છે. અને હાલમાં પણ તેઓ તેમની તપાસમાં મદદમાં સામેલ રાખેલ છે.જો આજ સાહેદ ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારીના રાઈટર કે જેઓએ તે વખતે તપાસ બરાબર ન થયેલ હોય ના.સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ સીટની રચના કરવામાં આવેલ હતી.અને તે સીટની રચના ૨૦૦૨માં થયેલ તપાસ ક્ષતી યુક્ત હતી તે માટે કરવામાં આવેલ હતી. જો ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારી અને તેમના રાઈટરે ૨૦૦૨માં જે ક્ષતિ યુક્ત તપાસ કરેલ હતી તેજ ફરીવાર સીટના તપાસ કરનાર અધિકારી રીપીટ કરી રહ્યા છે. એટલે કે ૨૦૦૨માં ક્ષતિયુક્ત તપાસ તપાસ અધિકારી દ્વારા થઈ તેવી જ તપાસ સીટના આ તપાસ અધિકારી દ્વારા પણ થઈ જે તેમની જુબાનીના ઉલટ તપાસમાં પણ આ વસ્તુ સામે આવી રહી છે.

આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૯ માં બચાવ પક્ષ તરફથી તેમને પુછવામાં આવેલ છે કે ૨૦૦૨ના તપાસ કરનાર અધિકારી લીધેલા નિવેદનોમાં કોઈ ક્ષતી કે ઓળખ જણાયેલ ન હોય અન્ય સાહેદોના નિવેદન ફરી લીધેલા નહિં.

આ કામે નામદાર કોર્ટે તોહમતદારો વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(ક), ૨૯૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૩૬, ૩૩૭, ૩૦૨, ૩૦૭, ૩૯૬, ૩૯૭, ૪૩૫, ૪૩૬, ૩૪, ૧૨૦(બી) તથા બી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનાઓ સદરહુ તોહમતદારોએ કરેલ છે તે બાબતે નામદાર કોર્ટે મજકુર તોહમતદારો સામે તા.૧૨.૧૧.૦૯ ના રોજ તોહમત ફરમાવેલ છે.આ કામે હિન્દુ કોમના ધર્માંધ, ઝનુની ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી મુસ્લીમોની લાગણી દુભાય તેવી રીતે સુત્રોચ્ચાર કર્યાનું રેકર્ડ ઉપર સાબિત થયુ છે તે સંજોગોમાં સદર ગેર કાયદેસર મંડળીના તમામ સભ્યોનુ એક કોમન ઓબ્જેક્ટ કે જે મુસ્લીમોની લાગણી દુભાય, મુસ્લીમ ધર્મનો અપમાન થાય તે રીતે વર્તવુ, મુસ્લીમોની માલ-મિલ્કત લુટવી બાળવી તથા મુસ્લીમોને જાનથી ખતમ કરી

નાખવા તેવા એક કોમન ઓબ્જેકટ સાથે ગેરકાયદેસર મંડળી રચી નીકળેલા ટોળાએ મુસ્લીમોની માલ-મિલ્કત લુંટી તેમને જાનથી મારી, જીવતા સળગાવી નાંખેલ છે તે સંજોગોમાં તોહમતદારો વિરૂધ્ધની નામદાર કોર્ટે તોહમત ફરમાવેલ તમામ કલમો અનુસંધાને નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ સાહેદોની જુબાનીઓથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે.

આ કામના સને ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારી શ્રી કે.આર.ભુવાએ તેમની તે દરમિયાનની તપાસની કામગીરી ખુબ જ શંકાસ્પદ રીતે કરેલ હતી. જે નામદાર કોર્ટ રેકર્ડ ઉપર સાક્ષીઓના પુરાવા આવેલ છે તેનાથી સ્પષ્ટપણે ફલિત થાય છે. આ તપાસ કરનાર અધિકારીએ તેમની તપાસ દરમ્યાન ખુબ જ ખામીયુકત સાક્ષીઓના નિવેદનો લીધેલાનું જણાય છે. અને તેમની આ તપાસના કારણે જ આ કેસ નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ મુજબ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમને આ કેસની ફરી તપાસ માટે સોંપવામાં આવેલ હતી. આમ, સને ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની તપાસમાં બેદરકારી દાખવ્યાનું નામદાર કોર્ટમાં આવેલ પુરાવાથી સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, છતાં. ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીની બેદરકારી સામે સીટના તપાસ કરનાર અધિકારીએ પણ ધ્યાન કેન્દ્રિત કરેલ નહીં અને ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારી ની ખોટી તપાસ પ્રત્યે આંખ આડા કાન કરેલ છે. જો ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીએ તેમની તપાસ નિશ્ચતપણે કોઈના કોઈપણ જાતના દાબદબાણ વગર તટસ્થ રીતે કરી હોત તો આ કેસ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સીટને સોંપવામાં આવત નહીં. આમ, ૨૦૦૨ ના તપાસ કરનાર અધિકારીની આ કેસની તપાસ અંગે શંકાસ્પદ ભુમિકા જણાઈ આવેલ હોવા છતાં, સીટે તેમની સામે કોઈજ કાયદેસરના પગલાં લીધા નથી કે તે માટેની કોઈ કાર્યવાહી કરેલ નથી અને આવી જ તમામ કાર્યવાહી સીટના તપાસ કરનાર અધિકારીએ પણ દોહરાવેલ છે. આમ, આ કામના તપાસ કરનાર અધિકારીઓ સામે કે જેઓએ બદઈરાદપુર્વક આ કેસની તપાસ કરેલ હોવાનો જણાઈ આવે છે અને આ તપાસ કરનાર અધિકારીઓની બેદરકારીથી એક કોમ દ્વારા અન્ય કોમના માણસોની માલમિલ્કત ને નુકશાન પહોંચાડેલ છે અને જીવતા બાળીને મારી નાંખેલ છે. આવા સંજોગોમાં આ અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટેનો નામદાર કોર્ટ પાસે પુરેપુરો અવકાશ રહે છે. આમ, આ કામના તપાસ અધિકારી કે જેઓ રાજયસેવક છે તેઓએ કોઈ વ્યક્તિને નુકશાન

અને હાનિ પહોંચાડવા, ખોટા દસ્તાવેજો ઉભા કરવા એટલે કે ખોટા નિવદનો લેવા, બનાવ અંગે ખોટી માહિતી જાહેર કરવી અને તે માટે ખોટા પુરાવા ઉભા કરવા, કોઈ એક કોમના વ્યક્તિઓને તેમના કરેલા અપકૃત્યોમાંથી તેઓને બચાવવા અથવા તે માટે આડકતરી રીતે તેમને મદદ કરવી. આવી તમામ કાર્યવાહીઓ આ કામે તપાસ કરનાર અધિકારીઓએ કરેલ હોવાથી તેમની સામે ઈ.પી.કો. ની કલમ ૧૬૬, ૧૬૭ , ૧૭૭, ૧૮૨, ૧૯૧, ૧૯૨, ૨૧૭, ૨૧૮, ૨૧૯ મુજબની કાર્યવાહી કરવી જોઈએ. જો આ તપાસ અધિકારીઓ તેમની મનસુફી મુજબ તેઓએ તપાસ કરી હોય તો તેઓ પણ આ કામના તોહમતદારો જેટલા જ અપકૃત્ય માટે જવાબદાર છે. તેથી, આ તપાસ કરનાર અધિકારી સામે યોગય તપાસ કરી કાયદેસરના પગલાં લેવા જોઈએ

આ કેસમાં સાહેદોની જુબાનીથી એવુ સ્પષ્ટ ફલિત થયેલ છે કે ટોળાના માણસોએ ઘાતક હથિયારો ધારણ કરેલ, પેટ્રોલના કેરબા, કેરોસીનના કેરબા તદઉપરાંત એક મહત્વનો મુદ્દો કે જે છે તે ટોળાએ કેરોસીન, પેટ્રોલના પાઉચ લઈને આવેલ હતા. સામાન્ય સંજોગોમા બજારમાં આવા પેટ્રોલ કેરોસીનના કોઈ પાઉચ વેચાતા મળી આવતા નથી. તે સંજોગોમાં ગેરકાયદેસર મંડળી ના સભ્યોએ અગાઉથી પેટ્રોલ કેરોસીનના પાઉચ તૈયાર કર્યા હોય તો જ બનાવના દિવસે, સમયે, સ્થળે તેવા પાઉચનો ઉપયોગ થયેલ હોય તે સંજોગોમાં ગેરકાયદેસર મંડળીએ અગાઉથી પાઉચ તૈયાર કરાવેલ છે અને આવા પાઉચ તૈયાર કરવા અને બનાવ સમયે તોહમતદારોની પાસે મળી આવવા તેવો પુરાવો આવેલ છે તેથી બનાવ અગાઉ ગેરકાયદેર મંડળીના તમામ સભ્યો પાસેથી મળી આવેલ પેટ્રોલ કેરોસીનના પાઉચ, તે રીતેનો ગંભીર પ્રકારનુ કાવતરૂ રચ્યું હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાય છે. તે સંજોગોમાં ઈ.પી.કો ૧૨૦-બી નો પુરાવો સદર ગુનાના રેકર્ડ ઉપર સીધેસીધો આવી જાય છે. અને તેથી એવીડન્સ એક્ટની કલમ -૪,૮ અને ૧૦ અન્વયે આપ નામદાર કોર્ટનુ ધ્યાન દોરીએ છીએ.

<u>એવીડન્સ એક્ટ કલમ-૪, માની લેવા અંગે</u>

એવીડન્સ એક્ટની કલમ-૪ માં જણાવ્યા મુજબ, તોહમતદારો પાસે બનાવ સમયે પેટ્રોલ કેરોસીનના પાઉચ તૈયાર કરેલ હતા તે અનુસંધાને નામદાર કોર્ટ સ્પષ્ટ

એવુ પ્રિઝમ્શન કરી શકે કે તોહમતદારોએ અગાઉથી કાવતરૂ રચી ગુનો આચરેલ છે.

**<u>એવીડન્સ એક્ટ કલમ-૮, હેતુ, તૈયાર, અને આગળનુ કે પાછળનું વર્ણન</u>**

Motive, preparation and previous or subsequent conduct – any fact inrelevant which shows or constitutes a motive or preparatin for any fact in issue or relevant fact.

**<u>એવીડન્સ એક્ટ કલમ-૧૦,</u>**

Things sais or done by conspirator in refrence to common design- where there is reasonable ground to believe that two or more persons have conspired together to commit an offence or an actionable wrong, anything said done of written by any one of such persons in refrence to their common intention, after the time when such intention was first entertained by any of them, is a relevent fact as aginst each of the purpose of proving the existence of the conspiracy as for the purpose of showing that any such persons was a party to it.

આમ, એવીડન્સ એક્ટની ઉપરોક્ત કલમો મુજબ તોહમતદારો સામે નામદાર કોર્ટમાં રેકર્ડ પર આવેલ પુરાવાને લક્ષમાં લઈને રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ગણીને ગેરકાયદેસર મંડળીએ આચરેલ ગુનાહિત કૃત્ય અંગે સજા કરવી જોઈએ.

## <u>-: આ પ્રકારના ગુનાઓમાં ના.દાર ઉપરી અદાલતોએ આપેલ મહત્વના ચુકાદાઓ અંગે :-</u>

**( 1 ) <u>2010 SAR (Cri.) P. 915 Supreem Court Ramesh & Ors. State of Hariyana</u>**

ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવા છતા તે વ્યક્તિએ ટોળા દ્વારા આચરવામાં આવતા ગુનાઓમાં સક્રિય ભાગ નથી લીધો તેવું માની તેને નિર્દોષ ઠરાવી શકાય નહિ આવી સ્થિતિમાં તો.દારને આઈ.પી.સી. કલમ- ૧૪૯ પ્રમાણે ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવાના કારણે તે મંડળીએ આચરેલ ગુનાઓ બાબતે સજા કરી શકાય તેમજ આ ગેરકાયદેસર મંડળીએ તેમાં તેમનો હેતુ પાર પાડવા માટે કોમન ઓબ્જેક્ટ હેઠળ પણ ગુનો આચરેલ છે. તે મુજબનો ના.સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો ખુબ મહત્વનો છે.

**( 2 ) <u>AIR 2004 S.C. Page 4570</u>** Dani singh & others v/s stat of Bihar

તો.દારોએ કોઈ overact નથી કર્યુ કે બનાવ વખતે કોઈ ચોકકસ ભૂમીકા નથી ભજવી તે બાબત મહત્વની ગણી શકાય નહિ અને તો.દારો ગંભીર ગુના આચરતા ટોળામા સામાન્ય ઈરાદો પાર પાડવા સારું તેમા સામેલ ગણી કલમ ૧૪૯ પ્રમાણે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો.

**( 3 ) <u>GLH 2001 (i) P. 673</u>**

**<u>Rajesh Chandulal Gandhi V/s. State of Gujarat.</u>**

નીચે દર્શાવેલ ના.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ના.કોર્ટે ઓબ્ઝર્વ કરેલ છે કે ફરીયાદ પક્ષે તપાસેલ ડીસ્કવરી પંચનામાના સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન ન આપ્યું હોય, પરંતુ હકીકતો ઉપરથી એમ ઠરાવાય કે પુરાવાને લક્ષમાં લેવાથી ડિસ્કવરી પંચનામાને બાકાત કરી દેવાય તો પણ આરોપીની ગુના અંગેની જવાબદારી સ્થાપિત થઈ શકે છે. તે જ રીતે ઈ.પી.કો. ૧૨૦એ મુજબ ગુનાહીત કાવતરા મુજબ પ્રત્યક્ષ પુરાવાથી સ્થાપિત કરવુ જરૂરી નથી. સંયોગીક પુરાવા બતાવીને તેમજ રેકર્ડ ઉપર જાહેર થતી અન્ય હકીકતો દ્વારા તે સ્થાપિત થઈ શકે છે.

**Para no.44,**

Prosecution witness no.14, Abdulrehman Munshi, is examined at Ex. 57, who was working at the relevant time as Police Inspector at Vatva Police Station. According to his evidence. On 7-2-93, a 'vardhi' was received from the control room at about 2.10 p.m. at Vatva Police Station that in village Vatva, in the farm of Namdar, there was a big fight or quarrel. He, therefore, rushed to the said place and found Girish murdered. Upon inquiry, Rakesh, nephew of the deceased lodged a detailed complaint, which was forwarded to the PSO for registration. It is also, found by him, during the course of interrogation that there was motive for the commission of offence. With the complaint, report under Section 157 was also sent, as stated by him. Of course, special report was sent late to the Magistrate concerned, but according to the settled proposition of law, merely the special report is sent late, ipso facto, is not sufficient to dynamite the otherwise weightly and sound case of the prosecution only on this point. Whereas, in the present case, it is clear from the record that the venue of offence, which is a farm-house, in Vatva was visited by him and he had come back after certain formalities of investigation which was completed late in the evening and the report, therefore, under Section 157 was sent on the next date to the concerned Magistrate. There is no reason to disbelieve his version. Apart from that, there is other clear,

consistent, coherent, compelling evidence to reach to the conclusion that the FIR was lodged, immediately after the occurrence of the incident and, therefore, the purpose for which the provision of Section 157 is incorporated to vouchsafe that the FIR is not manipulated cannot be said to have been frustrated in the present case. In our opinion, mere sending report under section 157 late, itself is not a factor sufficient and efficient to discard otherwise reliable and dependable strong evidence of the prosecution.

**Para no. 45**

Section 157 of the Code provides a procedure for investigation and in sub-section (1) of Section 157, it is provided that if, from the information received or otherwise, an officer in-charge of the Police station has reason to suspect the commission of an offence which he is empowered under Section 156 to investigate, he shall forthwith send a report of the commission of offence to a Magistrate empowered to take cognizance of such offence upon a police report and shall proceed in person, or shall depute one of his subordinates not below the rank of an officer to be prescribed by the State Government in this behalf to proceed, to the spot, to investigate the facts and circumstances of the case.

**Para no.46**

The condition precedent to the commencement of investigation under Section 157 is that the FIR, must

prima facie, disclose that a cognizable offence has been committed and it is necessary for the concern Police Officer to send a special report to the magistrate concerned. This is a safeguard with a purpose and policy behind it. However, delay in sending such a report to the concerned Magistrate by the concern Police Officer or the Investing Officer is not, always, fatal. It could be explained. It could be accounted for. Even otherwise, the delay in despach of first information report is not a circumstance due to which the entire prosecution case cannot be thrown to the wind, which is otherwise, unerringly proving the culpability of the accused persons beyond any doubt. Firstly, it cannot be said that there was an inordinate delay in sending special report under Section 157 of the Code. Secondly, the prosecution has accounted for the delay. Thirdly, otherwise also, in the light of the evidence on record and our thorough and threadbare examination of the other testimonial collections of the documentary evidence led by the prosecution and relied on by the Trial Court, undoubtedly, merely because there was little delay in sending the special report as contemplated under Section 157 of the Code, it would not affect the merits of the case. Therefore, no capital canbe made out in the present case on account of the delay in sending the special report nor it would lead to even a remote inference that there was possibility of manipulation.

**Para No. 52**

It is true that the discovery panchanama witness examined by the prosecution has not supported the prosecution case. Discovery of incriminating article or the weapon employed in commission of crime is one of the circumstances and pieces of evidence. Even if discovery panchnama is excluded from the consideration of evidence, it cannot be contended that the culpability of the accused of the charges framed against them has not been established beyond reasonable doubt. Two witnesses whose presence was natural at the relevant point of time, at the venue of offence, i.e. PW-1, Rakesh and PW-12 Satish, have given the narration of the account of incident witnessed by them. There is nothing in their evidence which would even remotely, prompt us to discard their version. Why should they not be believed? Of course, they are interested witnesses and, thereforse, at the best evidence of interested persons should be closely scruinised. But interest or relationship would not be a discounting factor if the reliability or dependability of the testimony is proved to be hilt. In this connection, in our opinion, the Trial Court has, rightly, found them dependable and reliable.

**Para No-58**

Of course, offence of criminal conspiracy as contemplated by Section 120-A of the Chapter V-A of the IP Code is not required to be established by direct

evidence. It can be established and shown by circumstantial evidence. It can be established and shown by circumstantial evidence and other set of facts emerging from the record. In order to constitute an offence of criminal conspiracy, there must be two or more persons who should agree to do an illegal act or an act which is not legal by illegal means and such an agreement is designated as criminal conspiracy. In the light of the factual scenario emerging from the proved facts that the manner and mode in which the accused persons reached to the farm-house of the deceased with deadly weapons with them, with a pre-determined due to the relationship between Namrata and Montu, nothing would prevent us in, straightway, concluding that they had agreed to do away with the deceased in case he failed to settle the issue of Namrata and Montu

**Para No-59**

Of course, criminal conspiracy under section 120-A is distinct offence. The very agreement is the ingredient of the offence. It is not necessary that all the conspirators must know watch and every detail of the conspiracy as long as they participate in the main object of the conspiracy. There may be so many devices and techniques adopted to achieve the common aim or goal of the conspiracy. Obviously, conspiracy is hatched in secrecy and it is very difficult to adduce direct evidence of the same. The offence can only be proved largely upon inference of the proved sent of facts and

circumstances. This proposition can hardly be controverted or disputed. If the criminal conspiracy is established, the offence of criminal conspiracy, which is, of course, a distinct offence, is punishable under Section 120-B of the IP Code. There are various factors which would lead us to only and only one inference that the accused persons had a common goal and animus to commit the murder of deceased – Girish.

**આમ ઉપરોક્ત ચુકાદા અનુસંધાને ડિસ્કવરી પંચનામા ફરીયાદ પક્ષને સમર્થન ન આપ્યું હોય તો પણ આરોપીની ગુના અંગેની જવાબદારી સ્થાપિત થઈ શકે છે.**

**( 4 ) <u>AIR 1999 Page 382 SC, 1999 (I) SCC P. 148 ,</u>**

**<u>Kishori V/s. State of Delhi.</u>**

**તો.દારો હુમલો કરતા ટોળામા સામેલ હોય અને એક કોમના માણસોનુ ખૂન કરી મૃત્યુ નીપજાવતા હોય તો વિસ્તૃત વર્ણન કે તે પછીના બનાવ મહત્વના નથી અને તો.દારોએ તે ટોળામા હોવાથી તેમના ગુનો સાબીત થયેલો ગણી શકાય. આ બાબતેનો ચુકાદો નીચે જણાવ્યા પ્રમાણેનો ખુબ મહત્વનો છે.**

The eveidence tendered by PW 5 Bhakti Bai, is categorical in stating that Kishori, the appellant was present at the time of attack by the members of the mob and she was able to identify him in the Court as well. She is clear that several blows were on her husband. She is not able to state as to what happened to her husband when she was asked to leave her husband on the thereat of dishonouring her but she is definite that her husband was killed. Her version appears to be natural and probable when she stated a mob attacked her house and there was

thereat to the lives and hobour of women, it is quite natural that she had to go out of the house. Though the learned counsel for the accused sought to bring out that in the statements made before the plice, Kishori's name had not been included in some of the documents, the name of Kishori was mentioned in Exhibit PW 5/D.A which is the original Gurmukhi affidavit filed at the earliest point of time and Khsori was known to everyone in the area, he being a meat-seller. Thus there was ample material on record to bring home quilt to the accused that he had been responsible as a member of the mob for the death of the said persons. However, the learned counsel for the appellant sought to plead that there were several discrepancies in the evidence tendered by these witnesses. We have carefully and thoughly examined the record and do not find any such discrepancy which would have a bearing on the eveidence tendered by the evewitnesses to the effect that death of their respective husbands had occurred and in identifying the presence of the accused in the mob which indulged in their killing. Matters of detail as to the roles attributed to the several persons in the mob or narration as to the succession of events that took place may not be of much relevance. Therefore, in our view, the High Court and the Sessions Court were justified in affirming the conviction of the accused, Kishori.

The law is well settled by reason of the decisions of this Court as to the circumstances in which capital punishment can be imposed. It is held therein that capital punishment can be imposed in therarest of the rare cases

and if there are any agtravating circumsntances such as the accused having any criminal record in the past, the manner of committing the crime, delay in imposing the sentence and so on. In the present case, the prosecution case, as unfolded before the Court, indicates that the riot in Delhi broke out as a result of the death of Smt. Gandhi and her death appears to be the symbol or web aroung which the violent emotions were released. The death of Smt. Gandhi became a powerful symbolic image as a result of which the croweds were perpetrating violence in the height of frenzy. It is common experience that when people congregate in crowds, normal defences are lowered os that the crowed instinct assaults on the sense of individuality or transcends one's individual boundaries by offering a realease from inhibitions from personal doubts and anxiety. In such a situation, one can well imaging that a member of such a group loses one's self and the normal standards or sense of judgement and reality. The primary motivational factor in the assembly of a violent mob may result in the murder of several persons. Experts in criminology often express that when there is a collective action, as in the case of a mob, there is a diminished individual responsibility unless there are special circumstances to indicate that a particular individual had acted with any predetermination such as by use of a weapon not normally found. If however, a member of such a crowd picks up an article or a weapon which is close by and joins the mob, either on his own volition or at the instigation of the mob responding to the exhortation of the

mob, playing no role of leadership, we may very well say that such a person did not intend to commit all the acts which a mob would commit left to himself, but did so that there was a mob attack resulting in the death of the three persons. Though the appellant is stated to be responsible for inflicting certain knife injuries. Yet it is not clear whether those injuries of themselves would have been sufficient to result in the death of the deceased. In the absence of any medical eveidence in these cases, it has become very difficult to draw any inference as to the injuries inflicted by the appellant. We are conscious of the fact that when an accused person in charged with an offence not only under Section 302 IPC but also read with Section 34 IPC or Section 149 IPC, the culpability of such an accused resulting in the death of the person will not be less than that of homicide amounting to murder. But what we are weighing now is whether such culpability is of such a nature which should result in capital punishment to the accused.

Though the appellant had been charged with offences in seven cases and he had been convicted in all those cases, on appeal he had been acquitted in four cases and it is only in three cases that his conviction has been affirmed, of them, two are before us in appeal by special leave. Therefore, the basis upon which the Sessions Court concluded that he had been convicted in a number of cases, thereby indicating that the appellant is a hard – boiled criminal, may not stand to reason. On the other hand, what could be seen is that all these killings had

taken place in a chain of events occurring on one night and day and, therefore, pertained to one incident. Looked from that angle, it could not be stated that the appellant was indulging in criminal activities one after another. None of the witnesses has indulging in criminal activities one after another. None of the witnesses has stated that Kishori, the applellant, was the leader of the mob or he exhorted the members thereof to do any particular act. His role appears was only as a member of the mob.

It is no doubt true that the high ideals of the Constitution have to be borne in mind, but when normal life breaks down and groups of people go berserk losing balance of mind, the rationale that the ideals of the Constitution should be upheld or followed, may not appeal to them in such circumstances, nor can we expect such loose heterogeneous group of persons like a mob to be alive to such high ideals. Therefore to import the ideas of idealism to a mob in such a situation may not be realistic. It is no doubt true that courts must be alive and in tune with the notions prevalent in the society and punishment imposed upon an accused must be commensurate with the heinousness of the crime. We have elaborated earlier in the course of our judgement as to how mob psychology works and it is very difficult to gauge or assess what the notions of society are in a given situation. There may be one section of society which may cry for a very deferent sentence while another section of society which may cry for a very deterrent sentence while another section of society may exhort upon the court to be lenient in the

matter. To gauge such notions is to rely upon highly slippery imponderables and, in this case, we cannot be definite about the views of society.

We may notice that the acts attributed to the mob of which the any organized systematic activity teading to genocide. Perhaps, we can visualize that to the extent there was unlawful assembly and to the extent that the mob wanted to teach a stern lesson to the Sikhs, there was some organization; but in that design, that they did not consider that women and children should be annihilated which is a redeeming feature. When an amorphous group of persons come together, it cannot be said that they indulge in any systematic or organized activity. Such group may indulge in activities and may remain cohesive only for a temporary period and thereafter would disintegrate. The acts of the mob of which the appellant was a member cannot be stated to be the result of any organization or any group indulging in violent activities formed with any purpose or scheme so as to call an organized activity. In that sense, we may say that the acts of the mob of which the appellant was a member was only the result of a temporary frenzy which we have discussed earlier. He did not pay the role of a leader of the mob as noticed earlier.

**( 5 ) 1998(6) SC Cases 554, State of A.P V/s. Thakkidiram Reddy and Others.**

**Para no.17,**

From the above judgement of this court, it is evident that to ascertain whether a particular persons shared the

common object of the unlawful assembly, it is not essential to prove that he committed some illegal overt act of had been guilty of some illegal omission in pursuance of the common object. Once it is demonstrated from all the facts and circumstance of a given case that he shared the common object of the unlawful assembly in furtherance of which some offence was committed – or he knew was likely to be committed – by any other person, he would be guilty of the offence. Undoubtedly, commission of an overt act by such a person would be one of the tests to prove that he shared the common object, but it is not the sole test. Coming now to the present case, the fact that at the dead of night, a mob of persons armed with various weapons forcibly trespassed into the house of the deceased after breaking open the door, clearly indicates that they had formed an unlawful assembly with a common object to commit some offence and each of them would be liable for the offence committed or knew was likely to be committed by any of the members of the mob. To ascertain what was the common object of the above unlawful assembly, we will advert later. Suffice it to say, at this state, that in the facts and circumstance of this case, the six accused (with whom only we are concerned in these appeals) would be gulty for the offence committed by any other member of the mob, in furtherance of the common object, without proof of any overt act committed by them. We do not, however, wish to dilate on this aspects of the matter any further as we find that the second ground canvassed by the High Court that the ocular

evidence regarding overt acts committed by A-2 to A-5 and A-9 is not supported by medical evidence, is factually incorrect.

**(6) <u>AIR 1997 S.C. Page – 1654 State of U.P. Vs. Dansingh</u>**

**કોમી હુલ્લડમા ટોળાએ લાકડીઓ અને પથ્થરમારાથી હુમલો કરી એક જાતીના લોકોને જીવતા બાળીનાંખેલ અને તે ટોળામા સાહેદોએ જે તો.દારો ને જોયેલા તેમને કલમ ૧૪૭,૩૦૨,૧૪૯,૪૩૬,૧૪૯,૩૨૩,૧૪૯ તથા ૩૦૭,૧૪૯ પ્રમાણે ના.કોર્ટ સજા ફરમાવેલ આ બાબતે ના.સુપ્રિમ કોર્ટનુ સ્પષ્ટ ઓબ્જર્વેશન કરેલ છે.**

